उन्नति

# વિચાર

વર્ષ ૧૨ અંક ૪ ઓક્ટોબર – ડિસેમ્બર , ૨૦૦૭

**અનુક્રમ**

**સંપાદકીય** 1

**વિકાસલક્ષી મુદ્દાઓ**

- શહેરી શાસનમાં નાગરિકોની સામેલગીરી: સ્વરૂપો અને પગલાં 2

**મંતવ્ય**

- એક શહરમેં ઔર કિતને શહર? 10

**આપને માટે**

- નાનાં અને મધ્યમ નગરો માટે વિકાસ યોજનાઓ 14
- ભારતમાં ઘન કચરા સંચાલન: નીતિ અને વ્યવહાર 20

**આપણી વાત**

- શહેરી શાસન વ્યવસ્થામાં સહભાગિતા 24
- પાલિકાઓના અધિકારીઓનું ક્ષમતાવર્ધન 31

**સાંપ્રત પ્રવાહ** 33

**અમારા વિશે** 34

**સંપાદક ટીમ**

દીપા સોનપાલ

હેમન્તકુમાર શાહ

બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## સુગ્રથિત વિશ્વમાં નાગરિકોની સામેલગીરી

વર્તમાનમાં સરકારથી શાસન તરફ બદલાવ આવ્યો છે અને તેનું એક નોંધપાત્ર લક્ષણ અનેક સંસ્થાઓ છે. વ્યાપક રીતે કહીએ તો તેમાં રાજ્ય, બજાર અને નાગરિક સમાજ એમ ત્રણ સંસ્થાઓ છે. રાજ્યની સંસ્થાઓમાં કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સરકારોનો સમાવેશ થાય છે. બજારની સંસ્થાઓમાં નાણાં સંસ્થાઓ, વેપારીઓ, બજારો, શ્રમ, મૂડી અને ટેક્નોલોજીનાં બજારો વગેરેનો સમાવેશ થાય છે. નાગરિક સમાજમાં અનેક ઔપચારિક અને અનૌપચારિક સંસ્થાઓનો સમાવેશ થાય છે. તેમાં સંશોધન અને શૈક્ષણિક સંસ્થાઓ, સહકારી મંડળીઓ, મજૂર મંડળો, બિન-સરકારી સંગઠનો, સમુદાય-આધારિત સંગઠનો, સખાવતી સંસ્થાઓ વગેરેનો સમાવેશ થાય છે. શાસન વિશેના સંવાદમાં સહભાગિતા હમણાં ચલણી સિક્કો બન્યો છે. વ્યક્તિગત સંસાધનોની મર્યાદાઓ, સંયુક્ત કાર્યની સુલભતા અને પૂરક શક્તિઓના સંદર્ભમાં તેના પર ભાર મૂકવામાં આવે છે. જો કે, સમતા વિરુદ્ધ કાર્યક્ષમતા અને લાભની ન્યાયી તથા સમાન વહેંચણીના પ્રશ્નો યથાવત્ છે.

મુખ્યત્વે રાજ્ય, બજાર અને નાગરિક સમાજની વિવિધ સંસ્થાઓનાં સ્પર્ધાત્મક હિતોને લીધે આ સમસ્યાઓ ઊભી થાય છે. હાલ શહેરી શાસનમાં લોકભાગીદારી, ડિઝાઈન અને સંઘર્ષો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જે મહત્ત્વની ભાગીદારી ઊભી થયેલી જણાય છે તે તો રાજ્ય અને બજાર વચ્ચેની છે. પાયાની સેવાઓનું ખાનગીકરણ વધતાં આ સ્પષ્ટ થાય છે. પાણી પુરવઠો, વીજળીનું વિતરણ, ઘન કચરા સંચાલન અને શહેરી આયોજનનું પણ ખાનગીકરણ થઈ રહ્યું છે. તેની આપણાં શહેરોમાં રહેતા ગરીબો પર વિપરીત અસર થઈ રહી છે કારણ કે મજૂરો કોન્ટ્રેક્ટ પર કામ કરે છે, વપરાશી ચાર્જ વધ્યા છે, સલામતી ઘટી છે અને ઘરો ખાલી કરાવવાનું પ્રમાણ વધ્યું છે.

શહેરી ગરીબ અને સામાજિક-આર્થિક અસમાનતાના આ પડકારને પહોંચી વળવા એ જરૂરી છે કે નાગરિકો એક ત્રીજા પરિબળ તરીકે સામેલ થાય અને રાજ્ય તથા બજારની મિલિભગતને તોડે. નાગરિકોએ ઔપચારિક કે અનૌપચારિક માળખાંમાં સંગઠિત થવાની જરૂર છે. નેટવર્કને કોઈ પણ વ્યવસ્થાના સમાન ભાગ તરીકે સમજવામાં આવે છે. લોકોનું આ નેટવર્ક નાગરિકોની સામેલગીરીના નામે કામ કરે છે. આવી નાગરિક સામેલગીરીનાં અનેક સ્વરૂપો અને કાર્યો છે. રહીશોનાં મંડળો, સ્વસહાય જૂથો, સંઘો, વ્યવસાયી મંડળો, વાલી-શિક્ષક મંડળો, ધાર્મિક ટ્રસ્ટો, સખાવતી સંસ્થાઓ, યુવક મંડળો વગેરે તરીકે તેનાં ઔપચારિક સ્વરૂપો કામ કરે છે. વળી, વધુ વ્યાપક, ગતિશીલ અને વધુ અસરકારક એવાં અનૌપચારિક મંડળો પણ હોય છે. તેમાં પડોશી જૂથો, રસ્તાના ખૂણે ટોળે વળતા લોકો, સામુદાયિક બજારોની મહિલાઓ, રસ્તા પરના દુકાનદારો, ઝૂલા ખાતાં બાળકો, ટેકારૂપ જૂથો, રોજ પ્રવાસ કરનારા લોકોનાં જૂથો વગેરેનો સમાવેશ થાય છે. આવાં ઔપચારિક કે

**જુઓ પૃષ્ઠ ૩૬**

# શહેરી શાસનમાં નાગરિકોની સામેલગીરી: સ્વરૂપો અને પગલાં

'ઉન્નતિ'નાં પ્રોગ્રામ કોઓર્ડિનેટર **સુશ્રી એલિસ મોરિસ** આ લેખમાં નાગરિકોની સામેલગીરી શહેરી શાસનમાં શું છે, તે શા માટે મહત્ત્વની છે અને તે ઊભી કરવા માટે શું કરવું જોઈએ અને કેવાં સાધનો તે માટે વિકસાવાયાં છે તેને વિશે રજૂઆત કરે છે. લોકકેન્દ્રી આયોજન, રિપોર્ટ કાર્ડ, નાગરિક સહયોગ કેન્દ્ર અને નાગરિકોના ક્ષમતા વર્ધનના પ્રયાસો કેવી રીતે ઉપયોગી સાબિત થયા છે અને તે નાગરિકોની સહભાગિતા શહેરી શાસનમાં કેવી રીતે વધારે છે તે પણ અહીં જણાવાયું છે.

## નાગરિકોની સામેલગીરી એટલે શું?

લોકોના સશક્તિકરણને મજબૂત કરવા માટે નાગરિકોની સામેલગીરીને મહત્ત્વની ગણવામાં આવે છે. તાજેતરમાં નાગરિકો દ્વારા તમામ પ્રકારનાં સ્વૈચ્છિક અને સામૂહિક કાર્યો થાય તેની સંભાવના ઉપર ખૂબ જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. તેને એક પ્રક્રિયા તરીકે જોવામાં આવે છે કે જે નાગરિકોને કે તેમના વિશ્વાસુ પ્રતિનિધિઓને સંગઠિત કરે છે કે જેથી તેઓ જાહેર બાબતો ઉપર પ્રભાવ પાડી શકે. તે વિશે આપ-લે કરી શકે અને તેના ઉપર નિયંત્રણ ધરાવી શકે. નાગરિકોની સામેલગીરી એ કોઈ ઘટના નથી, પણ એક પ્રક્રિયા છે કે જેમાં નાગરિકો તેમના જીવનને અસર કરતી આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય પ્રક્રિયાઓમાં ગાઢ રીતે સામેલ થાય છે, એમ 'માનવ વિકાસ અહેવાલ-૧૯૯૩'માં જણાવવામાં આવ્યું છે. નાગરિકોની સામેલગીરીને એક સતત ચાલતી પ્રક્રિયા સમજવામાં આવે છે. તેમાં લોકો તરફ માહિતીનો પ્રવાહ વહે છે તો સહભાગી આકારણી, સહયોગ અને સંવાદના સ્વરૂપમાં અનેક હિતધારકો વિચાર-વિમર્શ પણ કરે છે. એમાં સુલભકર્તા અને હિતધારકો વચ્ચે સંયુક્ત કાર્ય થાય છે તથા સહિયારી નિર્ણય પ્રક્રિયા થાય છે. વળી, તે એક અધિકારિતા છે કે જેમાં નિર્ણય કરનારી સત્તા અને સંસાધનો વપરાશકાર જૂથો સ્વરૂપનાં નાગરિક સંગઠનોને તબદીલ કરવામાં આવે છે એમ એજરટન વગેરે જેવા વિદ્વાનો કહે છે. નાગરિકોની સામેલગીરી એ સહભાગિતાથી કંઈક જુદી બાબત છે કારણ કે તેમાં અવાજ, પ્રતિનિધિત્વ અને ઉત્તરદાયિત્વની વાહિકાઓ ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય છે. નાગરિક સામેલગીરી માટેની કોઈ રૂપરેખા તૈયાર નથી કારણ કે તે જુદા સંદર્ભમાં જુદી ભૂમિકા ભજવે છે. વિભિન્ન હેતુઓ માટે વિભિન્ન પ્રયાસો કરવામાં આવે છે. નાગરિક સામેલગીરી માટેના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રયાસોમાં નાગરિકોની દેખરેખ, સમાવેશી વિકાસનું આયોજન, નાગરિકો સાથે પરામર્શ, ક્ષમતા વર્ધન, અને માહિતીની આપલે માટેનું તંત્ર ઊભું કરવાનો સમાવેશ થાય છે. રાજ્યની સંસ્થાઓમાં ઉત્તરદાયિત્વ અને પારદર્શિતા ઊભાં કરવા માટે નાગરિકોની દેખરેખ ઊભી થાય એ નાગરિકોની સામેલગીરીનો એક ભાગ છે. 'પબ્લિક અફેર્સ સેન્ટર' દ્વારા પાયાની સેવાઓ ઉપર દેખરેખ રાખવા માટે રિપોર્ટ કાર્ડની પદ્ધતિ અપનાવાઈ, કિસાન-મજદૂર શક્તિ સંગઠન દ્વારા જનસુનાવણીઓ હાથ ધરાઈ, કેરળમાં નાગરિકો દ્વારા સામજિક અન્વેષણ કરાયું અને બેંગલોરમાં 'પ્રૂફ' દ્વારા વિકાસલક્ષી કામો ઉપર સીધી દેખરેખ રખાઈ વગેરે નાગરિકોની દેખરેખ વિશેનાં કેટલાંક ઉદાહરણો છે.

વિકાસલક્ષી પરિયોજનાઓનાં આયોજન અને અમલમાં લાભાર્થીઓની સામેલગીરી હોય તો સમાવેશી વિકાસ આગળ ધપે છે. સેનેગલમાં દાલી ફોર્ટની ઘરોના આધુનિકીકરણની પરિયોજનામાં લાભાર્થીઓને સામેલ કરવામાં આવ્યા એ આનું એક ઉદાહરણ છે. શહેરની ઝૂંપડપટ્ટીની વસાહતની સમસ્યા હળવી કરવા અને સારાં ઘરની માંગને પહોંચી વળવા સેનેગલની સરકાર દ્વારા આધુનિકીકરણની પરિયોજના હાથ ધરવામાં આવી હતી. તેમાં ૯ ઝૂંપડપટ્ટીના ૧ લાખ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. તેમણે બધાએ જમીન કાનૂની બને અને ઘર આધુનિક બને તે માટેના કાર્યક્રમમાં સંમતિ આપી હતી. તેમાં વ્યૂહરચના એ હતી કે વહીવટી સત્તાવાળાઓ અને લોકો વચ્ચે સતત સંવાદ થાય, તેમ જ સુધારાની પ્રક્રિયાના તબક્કા (આયોજન, અમલ, નાણાં અને સંચાલન)માં લોકો સહભાગી થાય, જમીનની માલિકી વિશેની સલામતી મળે એ હતી. તેનાથી પર્યાવરણની સુધારણા, તેમના પ્લોટના ખર્ચની વસૂલાત અને નાણાકીય રીતે તેના અન્યત્ર અમલની શક્યતામાં લોકો સામેલ થયા. પાયાની માળખાગત સવલતો પૂરી પાડવા અને આર્થિક તથા ભૌતિક પર્યાવરણની સુધારણા માટે પણ તેઓ સામેલ થયા. આ કાર્યક્રમની સૌ પ્રથમ અસર દાલી ફોર્ટના ૫૦૦થી વધુ નિવાસીઓને જમીનના હક મળ્યા તે છે. તેમને પાણી, વીજળી, કચરાનું એકત્રીકરણ અને સફાઈની સવલતો પણ પ્રાપ્ત થઈ. 'ઉન્નતિ'એ ગુજરાતમાં ભૂકંપ પછીના એક નગરના પુનર્સ્થાપનમાં શહેરી આયોજનમાં નાગરિકોની દેખરેખ સાથે કામ કર્યું છે. નાગરિક જૂથો અને વહીવટી તંત્ર વચ્ચેનો સંવાદ અનેક પ્રશ્નોના ઉકેલ તરફ દોરી ગયો અને તેને લીધે ૧૮૦૦ ગરીબ પરિવારોને ઘર બાંધવા માટે જમીનના હક પ્રાપ્ત થયા.

નીતિ-નિર્ધારણમાં નાગરિકો માહિતીપ્રદ ભૂમિકા ભજવે તે માટે ક્ષમતા નિર્માણ થાય અને રાજકીય સ્થાન ઊભું થાય તે નાગરિકોની સામેલગીરીનું એક સ્વરૂપ છે. સરકારી નીતિઓ અને યોજનાઓ વિશે નાગરિક જૂથોને તાલીમ આપવાની જરૂર છે. ઉપરાંત, વિકાસલક્ષી કામો ઉપર દેખરેખ રાખવા, બજેટને સમજવા અને નાણાં સંચાલન માટે પણ તેમને તાલીમ આપવાની જરૂર છે. દા.ત. તાન્ઝાનિયામાં ગરીબી ઘટાડવા માટેના પ્રયાસમાં યુએનડીપી અને નાગરિક સમાજની કાર્યશાળાઓને ટેકો આપ્યો કે જેથી તેઓ ગરીબી નિવારણના રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમમાં સહભાગી થવા માટે તૈયાર થાય. એના દ્વારા નાગરિક સમાજ પાયાની સેવાઓની ઉપર દેખરેખ રાખવા સક્ષમ બને છે, પ્રતિભાવ આપે અને પોતાનાં મંતવ્યો તથા પ્રાથમિકતાઓ નીતિનિર્ધારક જૂથને જણાવે છે, હિમાયત કરે છે.

પ્રસ્તુત માહિતીની પહોંચ પૂરી પાડવા માટેનું તંત્ર ઊભું કરવું એ પણ અસરકારક નાગરિક સામેલગીરી ઊભી કરી શકે છે. માહિતી નાગરિકોને તેમની જરૂરિયાતો વિશે જણાવવા અને પગલાં લેવા માટે મદદ કરી શકે છે. દા.ત. બ્રાઝિલમાં પોર્ટ એલિગ્રીમાં ૧૯૮૯માં પાલિકાના બજેટ અને નિર્ણય પ્રક્રિયાને સહભાગી બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ. તેમાં તમામ હિતધારકોને આયોજન અને બજેટ બનાવવાની પ્રક્રિયામાં સામેલ કરવામાં આવ્યા. મેયરે પડોશ સમિતિઓને આધારે વિકેન્દ્રિત વ્યવસ્થા ઊભી કરી કે જેથી બજેટ અને તેના ઉપયોગ વિશેની માહિતી લોકોને મળે અને તેનાથી એ જૂથો નાણાંનો ઉપયોગ કેવી રીતે કરવો એ અંગે નિર્ણયો લેવા માટે સક્ષમ થયા. ૧૯૯૫ સુધીમાં આ પ્રક્રિયા સફળ થઈ અને તેમાં ૧ લાખથી વધુ લોકોને સામેલ કરવામાં આવ્યા. તેને પરિણામે પીવાના પાણી અને સફાઈની સ્થિતિ સુધરી.

કોઈ પણ સામેલગીરીનું એક અગત્યનું તત્ત્વ એ છે કે જ્ઞાન પ્રાપ્ત થાય અને તે વાપરી શકાય તે સ્વરૂપમાં પ્રાપ્ત થાય. વિશ્વ બેંકના 'વિશ્વ વિકાસ અહેવાલ-૧૯૯૮' મુજબ જ્ઞાનનો અભાવ ગરીબી અને વંચિતતા ચાલુ રહેવા પાછળનું એક અગત્યનું કારણ છે. જ્ઞાન તેથી પરિવર્તન લાવનારી એક શક્તિ છે. તે લોકોને ગરીબી સામે લડવાની તાકાત આપે છે, તેમના અધિકારોને પિછાણે છે, અધિકારોના ભંગને પિછાણવાની શક્તિ આપે છે, સામાજિક સલામતી માટે સુસજ્જ બનાવે છે, બજારમાં ભાગીદાર થવા અને તેના લાભ મેળવવા માટે સુસજ્જ બનાવે છે વગેરે. અર્થપૂર્ણ સામેલગીરી માટે દુનિયાભરમાં માહિતી ચાવીરૂપ બને તે માટે આંદોલન ચાલી રહ્યું છે. દુનિયાભરમાં જુદી જુદી શ્રેણીઓના લોકો અને સંસ્થાઓ દ્વારા ચાલે છે. ભારતમાં માહિતી અધિકાર ધારો વિકાસલક્ષી યોજનાઓ, બજેટ અને તેમના ઉપયોગ વિશેની માહિતી માટે માગણી કરવાનું કાનૂની તંત્ર પૂરું પાડે છે. તેનાથી લોકોને જાહેર રેકર્ડ તપાસવાની, પ્રગતિ પર દેખરેખ રાખવાની, લીકેજ તપાસવાની અને પહોંચ પ્રાપ્ત કરવાની સત્તા મળે છે.

ભારતમાં ૧૯૯૨ના ૭૪મા બંધારણ સુધારાએ શહેરી સ્થાનિક સંસ્થાને ત્રીજું સ્તર પૂરું પાડ્યું છે. એમાંથી નબળા વર્ગો અને મહિલાઓનું શાસન વ્યવસ્થામાં પ્રતિનિધિત્વ ઊભું થયું છે અને ત્રીજા સ્તરના શાસનમાં તેમનું રાજકીય અસ્તિત્વ બરકરાર રહે એ જોયું છે. સ્થાનિક સ્વશાસનના આવા એકમો સ્થાપવા માટેનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોને તેમના રોજિંદા જીવનને સ્પર્શતા નિર્ણયો લેવાની રાજકીય તકો પૂરી પાડવાનો છે. આ વિકેન્દ્રિત માળખું નાગરિકોને શહેરી શાસનમાં સહભાગિતા માટેનો અવકાશ પૂરો પાડે છે. જો નાગરિકોની સહભાગિતા શાસનમાં આવે તો સ્થાનિક શાસનને મજબૂત કરવા માટેની નવી તકો અને નવા અવકાશનું સર્જન થઈ શકે છે. જો કે, લગભગ દોઢ દાયકો આ વિકેન્દ્રીકરણને થયો છે અને તેના મિશ્ર અનુભવો રહ્યા છે. કેટલાક અનુભવો વ્યવસ્થા સંબંધી જ છે. જેમ કે, અત્યારે નિર્ણય પ્રક્રિયામાં સીધી રીતે ભાગીદાર થવા માટે મતદારો માટે બંધારણીય રીતે કોઈ અવકાશ ઊભો થયો નથી, જો કે, ગ્રામ વિસ્તારોમાં ગ્રામ સભા દ્વારા એ અવકાશ ઊભો કરાયો છે. બીજી તરફ, નાગરિકો અને ખાસ કરીને તેમનો સમૃદ્ધ વર્ગ તટસ્થ બની જાય છે અને ઓછા મતદાનમાં તે જણાય છે. બીજી કેટલીક બાબતો શહેરીકરણના વ્યાપક સામાજિક પ્રભાવો પર આધાર રાખે છે. દા.ત. શહેરોમાં વિભિન્ન લોકો રહે છે, કોઈ એક વિસ્તારમાં પણ સમુદાય જેવું કશું હોતું નથી. વળી, સંગઠિત જૂથોનું રાજકીયકરણ થયેલું હોય છે, જેમ કે, વેપારી મંડળો, ગીલ્ડ, વ્યવસાયીઓના જૂથો વગેરે. તેઓ વધારે સારી રજૂઆતો કરે છે, પ્રાપ્ત અવકાશનો સારો ઉપયોગ કરે છે. પરંતુ ગરીબો અને અવાજવિહીન લોકો વિકેન્દ્રીકરણના માળખામાં પણ શાસનમાં ભાગીદાર થવામાં નિષ્ફળ જાય છે. આ સંદર્ભમાં વિકેન્દ્રિત શાસન શહેરો અને નગરોના વિકાસની પ્રક્રિયામાં નાગરિકોની સામેલગીરી ઊભી કરે એ ખૂબ જ અગત્યનું છે, કે જેથી શાસન સમાવેશી, પારદર્શી અને ઉત્તરદાયી બને. આવી નાગરિક સામેલગીરી બહુસ્તરીય અને બહુપાંખી હોય, તે અવકાશ તો ઊભો કરે જ પણ સાથે સાથે તેમાં સામેલ સંસ્થાઓની ક્ષમતાનું નિર્માણ થાય, ગરીબો સંગઠિત થાય અને નાગરિકોની સમાવેશી સામેલગીરી માટેનાં પગલાં પૂરાં પાડે.

## નાગરિકોની સામેલગીરીનું મહત્ત્વ

સરકાર એટલે રાજ્ય. તેની પાસે સમગ્ર સમુદાય વતી નિર્ણયો લેવાની સત્તા છે. શાસનનો અર્થ નિર્ણય પ્રક્રિયા છે અને નિર્ણયોનો અમલ કરવા માટેની પ્રક્રિયા છે. શાસનમાં વિવિધ કર્તાઓ દ્વારા

લેવાતા નિર્ણયોનો સમાવેશ થાય છે અને તેમાં સરકાર એક ભાગ છે. દા.ત. શહેરી વિસ્તારોમાં સ્થાનિક સંસ્થા, બિન-સરકારી સંગઠનો, સમુદાય-આધારિત સંગઠનો, નાનાં સાહસો, રાજકીય પક્ષો, નાણાં સંસ્થાઓ, જ્ઞાતિ-આધારિત મંડળો, ધાર્મિક મંડળો, નાગરિકોનો મંડળો અને તેમાંય ખાસ કરીને છેવાડાનાં જૂથોનાં મંડળો વગેરે તમામનો તેમાં સમાવેશ થાય. શાસન એ નિર્ણય પ્રક્રિયા છે તેથી સામેલ તમામ ઔપચારિક અને અનૌપચારિક કર્તાઓ ઉપર તેમાં ધ્યાન કેન્દ્રિત કરવું મહત્ત્વનું છે. વળી, તેમાં માળખાં પણ મહત્ત્વનાં છે કે જે સામૂહિક નિર્ણય પ્રક્રિયા અને અમલ માટે સ્થાપવામાં આવ્યાં છે.

શાસનની પ્રક્રિયા તેથી કાનૂની છે અને તે બહુત્વવાદ, પ્રતિનિધિત્વ, નાગરિકોની નિર્ણય પ્રક્રિયામાં સામેલગીરી, પારદર્શિતા અને ઉત્તરદાયિત્વના લોકશાહી સિદ્ધાંતો ઉપર આધારિત છે. સારા શાસનનો અર્થ એ છે કે એ વિકેન્દ્રિત હોય, તમામ નાગરિકોની સહભાગિતા ઊભી થયેલી હોય અને તે પારદર્શી અને ઉત્તરદાયી હોય.

નિર્ણય પ્રક્રિયામાં તમામ નાગરિક જૂથોના અવાજોને સ્થાન હોય અને તેમની તેમાં સક્રિય સહભાગિતા હોય. લોકોનો અવાજ નાગરિકોની વચગાળાની પ્રતિનિધિરૂપ સંસ્થાઓ દ્વારા સાંભળવામાં આવે. જો કે, એ મહત્ત્વનું છે કે પ્રતિનિધિત્વવાળી લોકશાહીનો અર્થ એવો નથી કે તે સમાજના સૌથી અસહાય વર્ગોની ચિંતા કરે છે અને તે તેમને નિર્ણય પ્રક્રિયામાં સામેલ કરે. ઘણી વાર છેવાડે રહી ગયેલાં જૂથો શાસનમાં વિકાસલક્ષી આયોજનની પ્રક્રિયામાં બાકાત રહી જાય છે. તેથી યોજનામાં ગરીબોની જરૂરિયાતોનો સમાવેશ થતો નથી અને ગરીબી નિવારણ તથા સામાજિક-આર્થિક સમાનતાના હેતુઓ પાર પાડવામાં તે નિષ્ફળ જાય છે. આ સંદર્ભમાં સમાવેશી આયોજન વિશે કામ કરવાનું અગત્યનું થઈ જાય છે.

સારા શાસન માટે ઉત્તરદાયિત્વ એક અગત્યની જરૂરિયાત છે. માત્ર સરકારી સંસ્થાઓ જ નહિ પણ ખાનગી ક્ષેત્ર અને નાગરિક સમાજના સંગઠનો પણ લોકો અને તેમની સંસ્થાઓને ઉત્તરદાયી બનાવવાં જોઈએ. પ્રાપ્ય સંસાધનો કેવી રીતે વપરાય છે અને સમાજની તથા ખાસ કરીને અસહાય વર્ગોની જરૂરિયાતો સંતોષાય છે કે નહિ તે લોકો જાણે એ અગત્યનું છે. કોઈ પણ જાહેર સંસ્થાને ઉત્તરદાયી બનાવવા માટે માહિતી અનિવાર્ય છે. માહિતી સરળ સ્વરૂપમાં હોવી જોઈએ કે જેથી લોકો સમજી શકે અને તેના પર દેખરેખ રાખી શકે. જો કે, અનુભવ એમ દર્શાવે છે કે અનુક જૂથોને જ માહિતી મળે છે. તેને પરિણામે વિકૃતિઓ આવે છે, એટલે કે જેમની પાસે જરૂરી માહિતી હોય છે એ લાભ મેળવે છે અને જેમની પાસે ઓછો સંસ્થાકીય ટેકો હોય છે તેને લાભ મળતો નથી.

આયોજન, અમલ અને બજેટની પ્રક્રિયામાં નાગરિક કાર્યનો અવકાશ ઊભો થવાથી છેવાડાનાં જૂથોનો સમાવેશ થાય છે, નાગરિકો અર્થપૂર્ણ રીતે ભાગીદાર થવા માટે સક્ષમ બને છે અને શાસનની પ્રક્રિયામાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ ઊભાં થાય છે.

## નાગરિકોની સામેલગીરીનું નિર્માણ

નાગરિકોની સામેલગીરીનાં અનેક સ્વરૂપો છે. સંદર્ભ અને હેતુઓને આધારે તેમની પસંદગી કરી શકાય. ગુજરાત અને રાજસ્થાનનાં નાનાં અને મધ્યમ નગરોમાં કામ કરવાના 'ઉન્નતિ'ના અનુભવને આધારે નાગરિકોની સામેલગીરીનાં સ્વરૂપોની, તેમની પ્રક્રિયાઓની અને તેમની અસરોની ચર્ચા અહીં કરવામાં આવી છે.

### (૧) પાયાની સેવાઓની સહભાગી દેખરેખ (રિપોર્ટ કાર્ડ)

પાણી પુરવઠો, રસ્તા, સફાઈ, કચરાનું એકત્રીકરણ અને રસ્તા પરની લાઈટો જેવી પાયાની સવલતો માટે નગરો અને શહેરોના નાગરિકો નગરપાલિકા ઉપર આધાર રાખે છે. નાગરિકોને આ પાયાની સેવાઓ પૂરી પાડવાની જવાબદારી શહેરી સ્થાનિક સંસ્થાઓની છે. તેમના દ્વારા પૂરી પાડવામાં આવતી આ સેવાઓ વિશે સામાન્ય રીતે અસંતોષની લાગણી પ્રવર્તે છે. ઘણી વાર ગરીબ વિસ્તારોમાં અને ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં આ સેવાઓ પ્રાપ્ત થતી હોતી નથી. આવા કિસ્સાઓમાં ગરીબોને કાં તો આ સેવાઓ વિના જ રહેવું પડે છે અથવા તેમને વધારે ખર્ચાળ એવી ખાનગી સેવાઓના વિકલ્પ ઉપર આધાર રાખવો પડે છે. આ પાયાની સેવાઓનાં આયોજન અને અમલમાં નાગરિકોનાં અનુભવો અને મંતવ્યોને ધ્યાનમાં લેવામાં આવતા નથી તેથી વપરાશકારનાં મંતવ્યોમાંથી જે પાયાના મુદ્દાઓ ઊભા થાય છે તેના ઉપર ધ્યાન જતું નથી. વધારે સારી સેવાઓ પ્રાપ્ત કરવા માટે નાગરિક સામેલગીરી માટે રિપોર્ટ કાર્ડનો વધારે ને વધારે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. શાસનની સંસ્થાઓને જવાબદાર બનાવવા માટેના એક સાધન તરીકે તેનો ઉપયોગ કરી શકાય છે.

રિપોર્ટ કાર્ડ સહભાગી આકલન છે કે જેમાં જાહેર સેવાઓની કામગીરી વિશેનો લોકોનો પ્રતિભાવ માંગવામાં આવે છે. અનેક પ્રકારની પાયાની સેવાઓ વિશેના લોકોના વાસ્તવિક અનુભવોનું તે પ્રતિબિંબ પાડે છે. તે નાગરિકોના દૃષ્ટિકોણથી જાહેર સેવાઓની પરિસ્થિતિ વિશેનાં મંતવ્યો રજૂ કરવા માટેનો પ્રયત્ન કરે છે અને તેઓ સંતુષ્ટ છે કે અસંતુષ્ટ તેના સ્તરનો સરળ ભાષામાં નિર્દેશ આપે છે. વપરાશકારો પોતે જ સેવાઓનું આકલન કરે છે અને સેવાઓ પૂરી પાડનારાઓને તેની પહોંચ, પર્યાપ્તા, યોગ્યતા અને તેમની પોસાણક્ષમતા વિશે જણાવે છે અને તેઓ તેમને પ્રાપ્ત કરવામાં જે સમસ્યાઓનો સામનો કરે છે તે પણ જણાવે છે. સંસ્થાઓ જે ઔપચારિક ઓડિટ (અન્વેષણ)

કરે છે તે કાનૂની જરૂરિયાતોનું પાલન થયું છે કે નહિ તેના ઉપર જ ધ્યાન આપે છે અને બજેટ તથા ખર્ચના સંદર્ભમાં પરિયોજના ઉપર દેખરેખ રાખે છે અને તેમાં જે કંઈ ખર્ચમાં ખાઈ હોય તે બહાર લાવે છે. ઉત્તરદાયિત્વની સમગ્ર સાંકળનો એ અંત હોય છે. લોકો સાથે જાહેર સંવાદ શરૂ કરવાની જરૂર છે. તેનાથી શહેરી સમસ્યાઓના સ્થાનિક ઉકેલો ઘડી કાઢવા માટે મદદ મળી શકે છે. તેને પરિણામે સેવાઓના સહભાગી સંચાલન તરફ જઈ શકાય છે. તે નગર સ્તરની આયોજનની પ્રક્રિયા હાથ ધરવા માટેનો પાયો બને છે. પાણી પુરવઠો, સફાઈ, રસ્તા પરની લાઈટો, રસ્તા, જાહેર આરોગ્યની સંસ્થાઓ, પોલિસ અને ટ્રાફિક સંચાલન વગેરે જેવી કોઈપણ સેવાનું આકલન હાથ ધરી શકાય છે.

**રિપોર્ટ કાર્ડ હાથ ધરવા માટે અનુસરવાનાં પગલાં**

નાગરિકોની સામેલગીરી સાથે રિપોર્ટ કાર્ડ હાથ ધરવા માટે નીચે મુજબની પ્રક્રિયા અપનાવી શકાય છેઃ

(૧) વોર્ડનું ઝડપી આકલન

- નગરના વિવિધ વિસ્તારોમાં પદયાત્રા હાથ ધરવી. નાગરિકોને મળવું અને તેમની સાથે અનૌપચારિક રીતે વાતચીત કરવી.
- નગરમાંની સેવાઓની એકંદર પરિસ્થિતિનું અવલોકન કરવું.
- નગરની વસ્તી, દરેક વોર્ડની વસ્તી અને પરિવારોની સંખ્યા, દરેક વોર્ડના ચૂંટાયેલા પ્રતિનિધિઓની વિગતો, વોર્ડ દર્શાવતો નગરનો નક્શો અને સેવાઓ વિશે નગરપાલિકા દ્વારા આપવામા આવેલી વિગતો એકત્ર કરવી.
- રિપોર્ટ કાર્ડ હાથ ધરવા માટેના હેતુ વિશે પાલિકાના પ્રમુખ, મુખ્ય અધિકારી અને નગરસેવકો સાથે બેઠક યોજવી. આ બેઠક્નો હેતુ સેવાઓનો પુરવઠો પૂરો પાડવાની નવી ડિઝાઈન વિશે નાગરિકોનો પ્રતિભાવ જાણવાનો છે કે જેથી વપરાશકારોની જરૂરિયાતોને સંતોષી શકાય અને સહભાગી સંચાલન પદ્ધતિઓનો વિકાસ થઈ શકે.
- નગરના વિવિધ હિતધારકો ઓળખી કાઢવા. જે લોકો બાકાત રહી ગયા છે અને અદૃશ્ય છે તેમને ઓળખી કાઢવા માટે પ્રયાસ કરવા. જેમ કે, ધોળકા નગરના ભંગાર ધાતુના કામદારો અને નગરમાં તેઓ દ્વારા અપાતું પ્રદાન જ્યાં સુધી નગરનું આકલન ન કરવામાં આવ્યું ત્યાં સુધી લોકોની જાણમાં નહોતું.

(૨) વોર્ડ સમિતિઓ અને નાગરિકોની અભિમુખતા

- વોર્ડ સ્તરે અથવા જૂથ સ્તરે સમુદાયને એકત્ર કરવો. સમુદાયમાંથી ૮થી ૧૦ નાગરિક નેતાઓને ઓળખી કાઢવા કે જેઓ કામ કરવા માટે તૈયાર છે.
- વોર્ડ સ્તરની બેઠકો યોજવી અને નાગરિકોને રિપોર્ટ કાર્ડ વિશે અભિમુખ કરવા. અસહાય જૂથો અને ખાસ કરીને ઝૂંપડપટ્ટીઓના નિવાસીઓની સહભાગિતા ઊભી થાય તે માટે ખાસ પ્રયત્નો કરવા.
- ચૂંટાયેલા નગરસેવકોને આ બેઠકોમાં નિમંત્રવા કે જેથી તેમનામાં અને સમુદાયમાં વિશ્વાસ ઊભો થાય.
- પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ ઊભું કરવાના સાધન તરીકે રિપોર્ટ કાર્ડનો ખ્યાલ શું છે અને શા માટે તે મહત્ત્વનો છે અને તેનો ઉપયોગ કેવી રીતે થઈ શકે તે વારંવાર સમજાવતા રહેવું જોઈએ.

(૩) સેવાઓની ઓળખ

- જે સેવાઓનું આકલન કરવાનું હોય અને તેને માટે જવાબદાર જે સંસ્થાઓ ઓળખી કાઢવી. ઘણીવાર વિવિધ સંસ્થાઓ સેવાઓના સર્જન, પરિચાલન અને નિભાવ માટે જવાબદાર હોય છે. વપરાશકારોની પ્રાથમિકતાને આધારે જ સેવાઓ ઓળખવામાં આવે તે આદર્શ બાબત છે. સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન (પીઆરએ)નાં સાધનોનો ઉપયોગ સૌથી વધારે મહત્ત્વની કે સૌથી વધારે જેની માંગ છે તેવી સેવાને ઓળખવા માટે કરી શકાય.

(૪) સમુદાય સાથે નિર્દેશકો કે માપદંડો વિકસાવવા

- એક વાર સેવાઓ (પાણી પુરવઠો, રસ્તા, કચરાનો નિકાલ, રસ્તા પરની લાઈટો અને ગટરો) ઓળખાઈ જાય પછી નાગરિક જૂથો સાથે પરામર્શ કરીને દરેક સેવાના મૂલ્યાંકન માટેના નિર્દેશકો વિકસાવવા જોઈએ. દા.ત. પાણી પુરવઠા માટે આ નિર્દેશકોનો ઉપયોગ કરી શકાયઃ કયા સમયે પાણીનો પુરવઠો આપવામાં આવે છે, પુરવઠાની સમયસરતા, પુરવઠાનો સમયગાળો, પુરવઠાનો જથ્થો અથવા દબાણ અને પાણીની ગુણવત્તા.
- આ નિર્દેશકોને આધારે દરેક સેવા વિશે માહિતી ભેગી કરવા માટેનું માળખું નાગરિકો વિકસાવી શકે છે.
- સેવાની પહોંચ, પ્રાપ્યતા, પર્યાપ્તતા અને પોસાણક્ષમતા વિશે તથા સંઘર્ષ, સમતા, મહિલાઓનો પરિશ્રમ, ભ્રષ્ટાચાર વગેરે જેવા કોઈપણ મુદ્દા વિશે અનૌપચારિક ચર્ચાઓ યોજવી.
- લોકોને તેમના પોતાના મહત્ત્વના મુદ્દા અનુસાર સેવાઓ પ્રત્યે અસંતોષનાં કારણો કયાં છે તે દર્શાવવા કહેવું.

(૫) રિપોર્ટ કાર્ડ હાથ ધરવું

- રિપોર્ટ કાર્ડ હાથ ધરવા માટે વોર્ડને ભૌગોલિક વિસ્તારોમાં વહેંચી નાંખો. તેમાં વર્તમાન જૂથો અને ઝૂંપડપટ્ટીઓને ધ્યાનમાં લેવાં. વોર્ડનો નકશો તેમાં ઉપયોગી સાધન સાબિત થઈ શકે છે.
- દરેક વોર્ડમાંથી લઘુતમ ૧૦ ટકા ઘરોને આવરી લેવાં.

દા.ત. જો વોર્ડમાં ૨૦૦ ઘરો હોય તો ૧૮થી ૨૦ પરિવારોનું પ્રતિનિધિત્વ પર્યાપ્ત છે એમ કહેવાય. તેમાં મહિલાઓ અને અસહાય વર્ગોનો સમાવેશ થવો જોઈએ. આ નાગરિકોમાં તમામ જૂથો અને તમામ હિતધારકોનો સમાવેશ થઈ જવો જોઈએ.

- નક્કી કરાયેલાં પરિવારોનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ જાહેર સેવાઓના પુરવઠાકારો સાથેના તેમના અનુભવો સાથે કરવો જોઈએ. તેઓ જાહેર સેવાઓનું આકલન કરે તો તેનાથી વધારે સારી રીતે અનુભવ આધારિત એવી અંદરની વિગતો પ્રાપ્ત થાય છે. આવા કેસ સ્ટડીઝ કેટલીક સમસ્યાઓના ઉકેલ માટે નાગરિકોમાંથી સૂચનો આવે તેમાં મદદરૂપ પણ થાય છે.
- જો સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન શક્ય ન હોય તો સર્વે પદ્ધતિનો ઉપયોગ કરવો. જો કે પત્રકો ભરવાની સાથે સાથે વોર્ડમાં મહત્ત્વનાં સ્થળોએ વિવિધ જૂથો સાથે નાની નાની બેઠકો યોજવી જોઈએ. નાગરિકોની સામેલગીરી માટે પર્યાવરણ ઊભું કરવામાં તે બાબત મદદરૂપ થાય છે.

(૬) માહિતીનું વિશ્લેષણ

- જેમણે રિપોર્ટ કાર્ડ હાથ ધર્યું તેમની બેઠકો ગુણાત્મક માહિતી અને કેસ સ્ટડીઝનું દસ્તાવેજીકરણ કરવામાં મદદરૂપ થાય છે.
- વોર્ડ સ્તરની માહિતીનું વિશ્લેષણ નાગરિક જૂથો દ્વારા થાય તે જરૂરી છે.
- નગરની પાયાની સેવાઓની એકંદર સ્થિતિ વિશે સર્વગ્રાહી અહેવાલ તૈયાર કરવો.
- દરેક વોર્ડ વિશેની માહિતી એવા માળખામાં મૂકવાની જરૂર હોય છે કે જે વાંચવામાં સરળ પડે દા.ત. દરેક વોર્ડનો નકશો તૈયાર કરવો. તેમાં પ્રાપ્ય સેવાઓનું સ્તર અને દરેક સેવા માટેનું સંતોષનું સ્તર રજૂ કરી શકાય.

(૭) સેવાના પુરવઠાકારો અને સમુદાય સાથે વિચારવિમર્શ

- રિપોર્ટ કાર્ડ તૈયાર થાય પછી વોર્ડ સ્તરની બેઠકમાં સ્થાનિક ભાષામાં તેની રજૂઆત કરવી. સમુદાય દ્વારા જે કંઈ વધારાનાં સૂચનો આવે તે તેમાં સામેલ કરવાની જરૂર છે. કેટલાંક કિસ્સામાં નાગરિકો સ્થાનિક ઉકેલો દર્શાવે છે અને તેમનું દસ્તાવેજીકરણ થવું જ જોઈએ.
- રિપોર્ટ કાર્ડ પછીથી નાગરિકોના જૂથોમાં નગરપાલિકા સમક્ષ રજૂ થવું જોઈએ. શાળા, નગરનાં મહત્ત્વનાં સ્થળો, ગ્રંથાલય વગેરે જેવાં જાહેર સ્થળોએ પણ તે પ્રાપ્ય હોવું જોઈએ. તેને પરિણામે વપરાશકારો અને પુરવઠાકારો વચ્ચે પુરાવાના આધારે સંવાદની શરૂઆત થશે. તે પુરવઠાકાર ઉપર તેની કામગીરી સુધારવા માટે દબાણ લાવવામાં પણ મદદરૂપ થશે.

(૮) કાર્યલક્ષી મુદ્દાઓ

- આ પ્રયાસોમાંથી જે તારણો પ્રાપ્ત થાય તેને આધારે કાર્યલક્ષી યોજના તૈયાર કરવી. તેમાં જવાબદારીઓની વહેંચણી, કયાં નાગરિક જૂથો શું કરશે (સેવાઓમાં સુધારા અર્થે પાલિકા ઉપર દબાણ લાવવા સહિતનું કાર્ય) અને નગરપાલિકા શું કરશે તેનો સમાવેશ થશે. આ બધુ જ પ્રાથમિકતાને ધોરણે નક્કી થાય.

**રિપોર્ટ કાર્ડ હાથ ધરવાના લાભો**

- સેવાઓના પુરવઠાકારો આ માહિતીનો ઉપયોગ પ્રતિભાવ તરીકે કરે અને તેનાથી સેવાની ગુણવત્તા સુધરે, તથા પ્રાપ્યતા અને પહોંચમાં પણ સુધારો થાય. અનેક કિસ્સામાં ઝૂંપડાંવાસીઓ તેને પરિણામે સેવાઓ પ્રાપ્ત કરી શક્યા છે.
- રિપોર્ટ કાર્ડનું સંસ્થાકરણ કરવામાં આવે તો જાહેર સેવાઓની ગુણવત્તા માટે તે એક માપદંડ ઊભો કરે છે.
- રિપોર્ટ કાર્ડ દ્વારા અસહાય જૂથોની પ્રાથમિકતાઓ અને જરૂરિયાતો નક્કી થઈ શકે છે અને ગુણવત્તાવાળી સેવાઓ માટે માંગ કરવાનો એક કાયદેસરનો મંચ પૂરો પાડે છે.
- રિપોર્ટ કાર્ડ એ કંઈ એક જ વખત થતું કાર્ય નથી. તેને વારંવાર બનતું કાર્ય કરવા માટે અને સમગ્ર પ્રક્રિયાનું સંસ્થાકરણ કરવા માટેના પ્રયાસો કરવામાં આવ્યા તો નાગરિક જૂથો ઊભાં થયાં અને તે બધાં સ્થાનિક સંસ્થાઓ સાથે સંપર્કમાં આવ્યાં. આ સમગ્ર પ્રક્રિયામાં નાગરિકોની સામેલગીરી માટે સર્વસ્વીકૃત એવો અવકાશ ઊભો થાય છે.

## (૨) લોક કેન્દ્રી આયોજન

આયોજનની પરંપરાગત પદ્ધતિ કેન્દ્રિત છે અને મોટે ભાગે તે ઉપરથી લાદવામાં આવતી હોય છે. સામાન્ય રીતે તેને નિષ્ણાતો દ્વારા હાથ ધરવામાં આવતી તકનિકી કવાયત ગણવામાં આવતી હોય છે. આયોજન કોઈ એક ક્ષેત્ર અથવા કોઈક ઉદ્યોગમાં કેટલું રોકાણ થશે તેની પ્રાથમિકતાઓ દર્શાવે છે. તે જવાબદારી સોંપે છે. શહેરી આયોજન વિસ્તારના આયોજન ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેમાં જમીનના ઉપયોગનો સમાવેશ થાય છે. પ્રાદેશિક અને ગ્રામીણ આયોજન દ્વારા આર્થિક વૃદ્ધિ માટેનાં આયોજન ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

આયોજનમાં વિસ્તારના આયોજન, સામાજિક આયોજન અને આર્થિક આયોજનનો સમાવેશ થવો જોઈએ. આયોજન ગરીબોના અવાજને

રજૂ કરવા માટેનો અવકાશ આપીને સામાજિક રીતે પરિવર્તનાત્મક પણ બની શકે. તેમાં વિકાસની પ્રક્રિયા સામેના વાંધાઓ પણ હોઈ શકે, જાગૃતિની પ્રક્રિયા દ્વારા અને સભાનતા સર્જવાની પ્રક્રિયા દ્વારા ઉત્તરદાયિત્વ ઊભું કરવાની બાબતનો પણ તેમાં સમાવેશ થાય. સહભાગી આયોજન એ વિકેન્દ્રીત આયોજન છે. તેમાં નીચેથી ઉપરનું આયોજન થાય છે અને વિવિધ હિતધારકો તેમાં સંમત થાય છે. તે હિતધારકો સાથેની ચર્ચા અને સંવાદ ઉપર આધારિત હોય છે. તેમાં નગર કે શહેર માટેનું ભાવિ દર્શન ઊભું કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. તે લોકતાંત્રિક અને સમાવેશી છે અને તે સામાજિક આયોજન માટે રાજ્ય અને નાગરિક સમાજને નજીક લાવવાનો પ્રયાસ કરે છે. રાજ્ય અથવા સ્થાનિક શાસનની સંસ્થાને સુલભકર્તાની ભૂમિકા ભજવવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. સહભાગી આયોજન જે તે સ્થાનિક વિસ્તારનાં જ્ઞાન અને નિસ્બતોને ધ્યાનમાં લે છે. તે સમુદાયને કર્તા તરીકે જૂએ છે અને તેઓ જ તેમના વિકાસને આકાર આપે છે.

સહભાગી આયોજન વિસ્તારલક્ષી, આર્થિક અને સામાજિક આયોજનનું સંકલન કરે છે. નગરના નકશાઓ અને માળખાગત સવલતોના નકશાઓ ભૌતિક પ્રાપ્યતા ઓળખી કાઢવામાં, જથ્થો નક્કી કરવામાં અથવા પૂરા પડાયેલા પાણીનું રાસાયણિક લક્ષણ નક્કી કરવામાં મદદરૂપ થાય છે. આ કાર્ય નિશ્ચિત જૂથ ચર્ચા, વોર્ડ સભાઓ અને હિતધારકો સાથેના વિચાર-વિમર્શ દ્વારા કરવામાં આવે છે. તેમાં સફાઈનાં નીચાં ધોરણો, લાંબા ગાળે થતું સમારકામ, અત્યંત ઊંચું ગળતર, પાણી અને ગટરની લાઈનો ભેગી થઈ જવી, રસ્તા પર લાઈટો થવી નહિ વગેરે જેવી સ્થાનિક સમસ્યાઓ ઉપર ચર્ચા કરવામાં આવતી હોય છે.

લોક કેન્દ્રી આયોજન માટે નીચે કેટલાંક પગલાં દર્શાવવામાં આવ્યાં છેઃ

**૧. માહિતીનું એકત્રીકરણ અને પરિસ્થિતિનું મૂલ્યાંકન**

પ્રારંભમાં નગર આયોજન અને આકારણી ખાતા પાસેથી પાયાનો નકશો, દસ્તાવેજો અને વિકાસ યોજના મેળવવા. તેની સાથે સાથે વિવિધ જૂથો અને ખાસ કરીને અસહાય જૂથોની જરૂરિયાતો વિશેની માહિતી પ્રાપ્ત કરવી. નગરમાં અસહાયતા ક્યાં અને કેટલી છે તેનો નકશો બનાવવો એ પણ આના જેવી જ પદ્ધતિ છે.

**૨. નાગરિકો સાથે માહિતીની આપ-લે**

માહિતી એકત્ર કરવામાં આવે તે પછી ખૂબ જ ઝડપથી વિશ્લેષણ અને અર્થઘટન કરવાની જરૂર હોય છે. નાગરિક જૂથો સાથે માહિતીની આપ-લે કરવાની જરૂર છે કે જેથી તેઓ શહેર કે નગર વિશે વધારાની માહિતી પૂરી પાડી શકે.

**૩. પાયાની સવલતોની સહભાગી આકારણી**

સામાજિક અને વ્યાવસાયિક જૂથો સહિતના વિવિધ હિતધારકોના દૃષ્ટિકોણથી પાયાની સેવાઓની ગુણવત્તાની આકારણી કરવી. હિતધારકો સાથે અને સંબંધિત સંસ્થાઓ સાથે નાગરિકો દ્વારા ઓળખી કઢાયેલી સમસ્યાઓ વિશે અને તેમનાં કારણો વિશે સંવાદ કરવો. સેવાઓનો પુરવઠો કેવી રીતે ઓછો છે તે દર્શાવતો એક દસ્તાવેજ સરળ ભાષામાં તૈયાર કરવો જોઈએ અને વ્યાપક રીતે તેનો પ્રચાર-પ્રસાર કરવો જોઈએ. નાગરિકો સાથે વોર્ડ સ્તરની બેઠકો દ્વારા આ ખામીઓ વિશેની માહિતીની આપ-લે કરવી જોઈએ.

**૪. ભૌતિક માળખાગત સવલતોનો સર્વે**

જો પાલિકા પાસે ભૌતિક સેવાઓના આવરણ વિશેના વિગતવાર નકશાઓ હોય તો તેમનો ઉપયોગ આયોજનની પ્રક્રિયા શરૂ કરવા માટે અને તેના પ્રસારને સમજવા માટે કરી શકાય છે. જો નકશાઓ પ્રાપ્ય ન હોય તો નગરના તમામ વોર્ડ માટે માળખાગત સવલતોના નકશાઓ તૈયાર કરી શકાય. પાણી પુરવઠાની પાઈપલાઈનો, ગટરની પાઈપલાઈન, રસ્તા પરની લાઈટો, રસ્તાઓ વગેરે ઓળખી કાઢીને તેમને નકશામાં સમાવવાં જોઈએ. વરિષ્ઠ નાગરિકો અને પાલિકાના કર્મચારીઓ આ પ્રક્રિયામાં ટેકો આપી શકે છે.

**૫. નાગરિકોની જરૂરિયાતોની પ્રાથમિકતા નક્કી કરવા માટે હિતધારકો સાથે વિચાર-વિમર્શ**

પાયાની સેવાઓ વિશેની માહિતી ચકાસ્યા બાદ અને ભૌતિક માળખાગત સવલતોનો સર્વે કર્યા બાદ નગર સ્તરની બેઠક બોલાવવી જોઈએ અને તેમાં તમામ વોર્ડ જે સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે તે ઓળખી કાઢવી જોઈએ. પ્રાથમિકતાના સંદર્ભમાં આ સમસ્યાઓનું ક્રમાંકન કરવાની જરૂર છે. કઈ સમસ્યાને પ્રાથમિકતા આપવી તે વિશે મતભેદ હોઈ શકે છે. પછીથી પ્રાથમિકતાની યાદી તૈયાર કરી શકાય.

**૬. વોર્ડ માટે મુસદ્દારૂપ દરખાસ્તોની તૈયારી**

દરેક વોર્ડ માટે વિવિધ દરખાસ્તોનો મુસદ્દો તૈયાર કરી શકાય. પાલિકાના અધિકારીઓ પાસેથી તે માટે ટેકો લઈ શકાય. આ દરખાસ્તોમાં વર્તમાન પરિસ્થિતિ, ખામીઓ અને આગામી ૨૦ વર્ષ માટેના અંદાજો હોય તે જરૂરી છે. માંગ અને પુરવઠા બંને પક્ષનું ધ્યાન રાખીને બંને માટે આ પ્રકારની દરખાસ્તો તૈયાર થવી જોઈએ. વોર્ડ સ્તરે બેઠકો દ્વારા આ દરખાસ્તોની ચકાસણી થાય તે જરૂરી છે. આ અંગે સૂચિત યોજના સૌ હિતધારકોને આપવી જોઈએ. તે સરળ ભાષામાં હોવી જોઈએ.

**૭. નગર યોજના તૈયાર કરવા માટે હિતધારકો સાથે પરામર્શ**

વોર્ડ સ્તરની દરખાસ્તો ભેગી કરીને નગર માટેની દરખાસ્તો બનાવવી જોઈએ. નગર સ્તરે નગર યોજના સરળ માળખાંમાં તૈયાર કરવાની જરૂર છે. તે માટે તમામ હિતધારકો સાથે નગર સ્તરીય વિચાર-

વિમર્શ થાય. અસહાય જૂથોની જરૂરિયાતોને તેમાં ધ્યાનમાં લેવામાં આવે તે માટે તેમની સહભાગિતા સુનિશ્ચિત કરાય. હિતધારકો સાથેની ચર્ચામાંથી જે સૂચનો અને અભિપ્રાયો પ્રાપ્ત થાય તેમનો સમાવેશ યોજનામાં થવો જોઈએ.

**૮. લોકાભિમુખ વિકાસ યોજનાની પ્રસિદ્ધિ**

દરખાસ્તનો આખરી મુસદ્દો તૈયાર કરવામાં આવે. આ દરખાસ્તમાં પ્રાથમિકતાને ધોરણે જે પરિયોજના હાથ ધરવાની હોય તેની ટેક્નિકલ વિગતોનો સમાવેશ પણ થયો હોય. તેમ જ દરેક દરખાસ્તના અંદાજિત ખર્ચનો સમાવેશ પણ તેમાં થયો હોય. તે પછી સરળ માળખામાં આખરી દરખાસ્તનો દસ્તાવેજ તૈયાર કરવામાં આવે અને નાગરિકો, સ્થાનિક સંસ્થાઓ, બિન-સરકારી સંગઠનો, નાણાં સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓ વચ્ચે તેનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે. યોજના માટેના સંભવિત નાણાં સ્રોત વિશેની માહિતી પણ તેમાં પૂરી પાડી શકાય.

## (૩) નાગરિક સહયોગ કેન્દ્ર

નાગરિકો અને પાલિકાઓની શાસન વ્યવસ્થા વચ્ચે રોજેરોજ ભાગ્યે જ સંપર્ક હોય છે. અધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ નાગરિકોને માહિતી આપે તેવું કોઈ તંત્ર ઊભું થયું નથી. નાગરિકોની અસરકારક સામેલગીરી માટે માહિતીનો પ્રવાહ બંને રીતે હોવો જોઈએ. નીતિ-નિર્ધારકો પાસેથી નાગરિકોને આ નીતિઓ અને કાર્યક્રમો વિશે માહિતી પ્રાપ્ત થાય કે જેથી નિર્ણય પ્રક્રિયામાં તેઓ અર્થપૂર્ણ ભૂમિકા ભજવી શકે. ઉપરાંત, નાગરિકો તરફથી નીતિ-નિર્ધારકોને માહિતી પ્રાપ્ત થવી જોઈએ કે જેથી તેઓ સ્થાનિક પરિસ્થિતિઓને સમજી શકે અને તદનુસાર યોજનાઓ ઘડી શકે.

નાગરિકો અને નગરપાલિકા વચ્ચે માહિતીની આપ-લે કરવા માટે નાગરિક સહયોગ કેન્દ્રની સ્થાપના થઈ શકે. આ કેન્દ્રો પાલિકાની કચેરીમાં હોય તે ઈચ્છનીય છે. તેના હેતુઓ નીચે મુજબ હોયઃ

૧. સરકારના વિવિધ કાર્યક્રમો, નિયમો, કાયદાઓ, કાર્યવાહીઓ અને શ્રેષ્ઠ ઉદાહરણો વિશે લોકોને સતત માહિતી પૂરી પાડવામાં આવે.
૨. મહિલાઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને સતત સલાહ પૂરી પાડવામાં આવે કે જેથી સ્થાનિક શાસનની પદ્ધતિમાં સામાજિક લોકસ્વીકૃતિ ઊભી થાય.
૩. સરકાર અને સ્થાનિક બિન-સરકારી સંગઠનોના સહયોગમાં નિયમિત તાલીમો યોજવામાં આવે.
૪. કાર્યશાળાઓ અને નિદર્શનો દ્વારા સમાવેશી અભિગમ સાથે વોર્ડ સ્તરનું અને નગર સ્તરનું આયોજન હાથ ધરવામાં આવે.
૫. જાહેર ઉત્તરદાયિત્વ અને પારદર્શિતા ઊભી કરવા માટે નાગરિક જૂથોની રચના કરવામાં આવે અને તેમને મજબૂત બનાવવામાં આવે.

**૧. માહિતીની આપ-લે**

નાનાં અને મધ્યમ નગરોમાં વોર્ડ સમિતિઓ છે જ નહિ કે જે પાલિકા સાથે નાગરિકોને સંપર્ક ઊભો કરવા માટેનું માધ્યમ બને. નાગરિક સહયોગ કેન્દ્ર એક સંપર્ક કડી તરીકે અથવા બારી તરીકે કામ કરે કે જ્યાં નાગરિકો નિયમિત ધોરણે માહિતી મેળવી શકે. આ કેન્દ્ર વોર્ડ સ્તરે અને જૂથ સ્તરે ખાસ કરીને અનૌપચારિક વસાહતોમાં નિયમિતપણે બેઠકોનું આયોજન કરે કે જ્યાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ હાજર હોય. તેને પરિણામે અસહાય જૂથોને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સમક્ષ પોતાની ચિંતાઓ અને જરૂરિયાતો રજૂ કરવાની તક મળે છે. આ પ્રયાસથી વિકાસની પ્રક્રિયામાં ઉત્તરદાયિત્વ ઊભું થઈ શકે છે.

**૨. મહિલાઓ અને છેવાડાનાં જૂથોને ટેકો**

નાગરિક સહયોગ કેન્દ્ર પાલિકાઓની કામગીરીને જરૂરી ટેકો પૂરો પાડવા માટે સક્રિય રીતે કામ કરે. મહિલા પ્રતિનિધિઓને તેમની ભૂમિકાઓ અને તેમનાં કાર્યો વિશે અભિમુખ કરવી જોઈએ અને તેમને વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમોની માહિતી આપવી જોઈએ કે જેથી તેઓ આ કાર્યક્રમો ઉપર દેખરેખ રાખી શકે. તેને પરિણામે કાર્યક્રમોનો લાભ વધુ લોકો સુધી પહોંચશે અને જેમના સુધી પહોંચવો જોઈએ તેમનાં સુધી પહોંચશે. પાલિકાઓની ચૂંટણીઓમાં આ કેન્દ્ર મહિલા ઉમેદવારોને ઉમેદવારી પત્ર ભરવામાં પણ મદદ કરે. તે નાગરિકોને ચૂંટણીની પ્રક્રિયા વિશે અને ઉમેદવારો વિશે માહિતી આપવા અંગે શિક્ષણ આપવાનું કામ કરીને મતદાતાઓમાં જાગૃતિ ફેલાવવાનું કામ હાથ ધરી શકે છે.

**૩. નાગરિકો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની અભિમુખતા**

શહેરી શાસનને અસરકારક બનાવવા માટે નાગરિકોના નેતાઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને શાસનનાં વિવિધ પાસાં અંગે અભિમુખ કરવાની અને ખાસ કરીને સમાનતા, અસહાયતા અને મહિલાઓ પ્રત્યે ન્યાયી વર્તન વિશે અભિમુખ કરવાની જરૂર છે. નગર સ્તરીય તાલીમ કાર્યક્રમો નીચે જણાવેલા મુદ્દાઓ વિશે યોજી શકાયઃ

- ૭૪મા બંધારણ સુધારાના સંદર્ભમાં પાલિકાની ભૂમિકાઓ અને જવાબદારીઓ.
- રિપોર્ટ કાર્ડ પદ્ધતિનો ઉપયોગ કરીને પાયાની સેવાઓનું સહભાગી મૂલ્યાંકન
- સહભાગી વિકાસ યોજના કેવી રીતે તૈયાર કરવી.
- પાલિકાની વ્યવસ્થામાં ઉત્તરદાયિત્વ ઊભું કરવું.
- પાલિકાનું બજેટ ઘડવું અને સંસાધનો એકત્ર કરવાં.
- પાયાની સેવાઓના વિકાસ માટે જાહેર-ખાનગી ભાગીદારી વિશે અભિમુખતા.
- તાલીમ કાર્યક્રમો ઉપરાંત પ્રેરણા પ્રવાસનું આયોજન કે જેથી

બીજાઓના અનુભવમાંથી શીખાય.

**૪. જાહેર શિક્ષણ**

નાગરિકો વચ્ચેના સંવાદ માટે અનૌપચારિક સ્થાનો ઊભાં કરવાની જરૂર છે. જાહેર શિક્ષણ અને જાગૃતિ નિર્માણની પ્રક્રિયા ચોપાનિયાં, પુસ્તિકાઓ, ચિત્ર સ્પર્ધા, શેરી નાટકો, કઠપૂતળી પ્રદર્શન અને અન્ય શૈક્ષણિક સામગ્રીઓ તૈયાર કરીને તથા તેમનું વિતરણ કરીને આરંભવામાં આવી.

દરેક નગરમાં એક માસિક સમાચારપત્ર પ્રકાશિત કરી શકાય. નગર સ્તરે તે નાગરિકો માટે માહિતી આપનારું સામયિક બને કે જેમાં સરકારની યોજનાઓ અને નીતિઓ, પાલિકાની યોજનાઓ, પાલિકાનું બજેટ વગેરે વિશેની માહિતી આપવામાં આવે અને તેમાંથી નાગરિકો પોતાની માંગ ઊભી કરે. સમાચારપત્રમાં એક ભાગ દસ્તાવેજ વિશે હોવો જોઈએ. તેમાં નગરમાં શું થઈ રહ્યું છે તેની વિગતો આપવામાં આવે.

બીજા એક વિભાગમાં નગરપાલિકા પોતે વિકાસલક્ષી પ્રવૃત્તિઓ વિશે જે આયોજન થયું હોય તેને વિશેની વિગતો આપે. જે વિષયો આવરી લેવામાં આવી શકે તે આ મુજબ છેઃ કેન્દ્ર અને રાજ્ય સરકારની નીતિઓ, શહેરી શાસન અંગેના રાજ્ય સરકારના ઠરાવો, શાસનના મુદ્દાઓ વિશે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ થયેલા અભ્યાસોની લોકોને સમજાય તેવી ભાષામાં તૈયાર કરવામાં આવેલી નોંધો, જાહેર-ખાનગી ભાગીદારી અંગેનાં શ્રેષ્ઠ ઉદાહરણો, નાગરિકોના પ્રયાસો, નગરપાલિકાનું ઉત્તરદાયિત્વ, પાયાની સેવાઓ સુધારવા માટે થયેલાં નવતર પ્રયોગો અને શાસન વિશેનાં નાગરિકોનાં મંતવ્યો વગેરે.

## (૪) નાગરિક નેતાઓનું ક્ષમતાવર્ધન

નાગરિક નેતાઓની ક્ષમતા વધે તે મહત્ત્વની બાબત છે કે જેથી તેઓ સ્થાનિક શાસનને સમાજના છેવાડાના વર્ગોની જરૂરિયાતો પ્રત્યે ઉત્તરદાયી અને પ્રતિભાવાત્મક બનાવવામાં સક્રિય ભૂમિકા ભજવી શકે. જ્યારે નાગરિકો માહિતીપ્રદ, સંગઠિત અને સક્રિય બને છે ત્યારે તેઓ શાસનની ગુણવત્તા ઉપર અસર ઊભી કરી શકે છે. તેમણે તેમના અધિકારો અને જવાબદારીઓ વિશે જાણવું જોઈએ.

આ સંદર્ભમાં નાગરિક નેતાઓનું ક્ષમતાવર્ધન તાલીમ કાર્યક્રમો દ્વારા હાથ ધરી શકાય. નાગરિક નેતાઓએ સ્વાભાવિકપણે નેતાઓ છે પણ તેઓ વોર્ડના ચૂંટાયેલા પ્રતિનિધિઓ નથી. તેઓ વોર્ડના સ્વયંસેવકો છે કે જેઓ અસહાય નાગરિકોને મદદ કરવા માટે વધારે પ્રયાસો કરે છે. તેઓ લાભવંચિત જૂથોના પ્રશ્નોને ટેકો આપે છે અને પાલિકા ઉપર દબાણ લાવે છે. આ નાગરિક નેતાઓ મુખ્યત્વે પાયાની સેવાઓ ઉપર દેખરેખ રાખવા, ચૂંટાયેલા પ્રતિનિધિઓને વોર્ડ પ્રત્યે ઉત્તરદાયી બનાવવા અને તેમને નાગરિક સહયોગ કેન્દ્ર સાથે જોડવાની ભૂમિકા ભજવી શકે છે. તેઓ છેલ્લામાં છેલ્લી માહિતી પ્રાપ્ત કરીને વોર્ડ સ્તરે સૌને આપે છે અને પાલિકાના સત્તાવાળાઓ સુધી લોકોનો પ્રતિભાવ પહોંચાડે છે.

## ઉપસંહાર

નાગરિકોની સામેલગીરી સ્થાનિક સંસ્થાઓને શહેરી પ્રશ્નોનાં અસરકારક અને સસ્તા ઉકેલ શોધવામાં મદદ કરી શકે છે. આ પ્રશ્નો ઉકેલવા માટે સ્થાનિક શાસનની સંસ્થાઓ માટે એ મહત્ત્વનું છે કે તેઓ નાગરિકોને સામેલ કરે. જો કે, અત્યારે યોગ્ય મંચની ગેરહાજરી છે અથવા તો તેમનું માળખું જ એ પ્રકારનું છે કે તે ઉપયોગી નથી. દા.ત. વોર્ડ સભાઓ અને વિસ્તાર સભાઓ નાનાં અને મધ્યમ નગરોમાં પાલિકાઓમાં પ્રસ્થાપિત થઈ નથી. શહેરી વિકાસની યોજનાઓ નાગરિકોની સહભાગિતા ઊભી કરે તે પ્રકારની ઘડવામાં આવી નથી. તેથી સાનુકૂળ વાતાવરણ ઊભું કરવાની અનિવાર્યતા છે.

બીજો મુદ્દો એ છે કે શહેરી વિસ્તારોમાં નાગરિક સંસ્થાઓ મર્યાદિત છે અને મોટે ભાગે જે તે ક્ષેત્ર સાથે સંબંધિત છે. દા.ત. આરોગ્ય અને પ્રાથમિક શિક્ષણની સેવાઓ પૂરી પાડવા માટે અનેક સંસ્થાઓ કામ કરે છે પણ શહેરી આયોજન અને શાસન સંબંધી પ્રશ્નો અંગે કામ કરનારી સંસ્થાઓ ખૂબ જ ઓછી છે.

ત્રીજો અગત્યનો મુદ્દો પ્રત્યક્ષ નાગરિક કાર્ય માટેનાં અવકાશ અને પગલાંની ગેરહાજરીનો છે, તેથી નાગરિકોની સંસ્થાઓ મહત્ત્વની બની જાય છે. જો કે, નાગરિક સંસ્થાની સામેલગીરી લાંબા સમય સુધી ટકે તે પ્રકારની હોવી જોઈએ કે જેથી નાગરિક કાર્ય સંસ્થીકૃત થાય. આવી સતત સામેલગીરી જ અસરકારક અને સક્ષમ નાગરિક કાર્ય સુનિશ્ચિત કરી શકે.

છેલ્લે, જો નવા ઊભાં થયેલાં અવકાશમાં પાયાનાં લોકતાંત્રિક મૂલ્યો હોય તો સમાજના મહિલાઓ સહિતના તમામ વર્ગો સામેલગીરી અને માલિકીની ભાવના ધરાવે. ગરીબોની સહભાગિતા તેમની આર્થિક પરિસ્થિતિને કારણે મર્યાદિત બનવી જોઈએ નહિ. સમાજમાં પ્રવર્તતા સામાજિક સંબંધો તેમની બાદબાકીને કાયમી બનાવે છે. તેને પરિણામે સક્ષમતાની કોઈપણ પ્રક્રિયા અંતર્નિહિત રીતે રાજકીય છે અને તેને એ જ રીતે જોવી જોઈએ. નાગરિકોની સામેલગીરીને સમાવેશી વિકાસને પ્રભાવિત કરવા અને આકાર આપવા આમ આદમીનું સ્થાન ફરીથી પ્રાપ્ત કરવાની પ્રક્રિયા તરીકે જોવાની જરૂર છે.

# એક શહરમેં ઔર કિતને શહર?

શહેરી શાસન વ્યવસ્થામાં સહભાગિતા ઊભી કરવી એ મોટી સમસ્યા છે. શહેરી ગરીબોની રોજગારી અને આવાસ જેવી સમસ્યાઓના સંદર્ભમાં અહીં સહભાગી વ્યવસ્થા કેવી રીતે ઊભી કરવી તેની ચર્ચા કરાઈ છે. 'ઉન્નતિ'ના પ્રોગ્રામ ઓફિસર **શ્રી અરુણકુમાર** આ લેખમાં શહેરી ગરીબીના માળખાનાં તત્ત્વો અને સરકારી પ્રયાસોની નિષ્ફળતાનાં તત્ત્વો વિષે પોતાનાં મંતવ્યો રજૂ કરે છે.

**પ્રસ્તાવના**

પહેલી જ વાર 'યુએન હેબિટાટ'ના વિશ્વ નગર અહેવાલઃ ૨૦૦૬-૦૭માં એમ જણાવવામાં આવ્યું કે આપણાં શહેરોમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકો ગ્રામ વિસ્તારોમાં રહેતા ગરીબો કરતાં ખરાબ સ્થિતિમાં ન રહેતા હોય તો પણ તેમના જેવી સ્થિતિમાં તો રહે જ છે. આપણાં શહેરો અને નગરોમાં એક અબજ કરતાં વધુ લોકો મૃત્યુ પામે છે. ભૂખમરો વેઠે છે, રોગોના શિકાર બને છે, ઓછું શિક્ષણ ધરાવે છે અને કામ કરવાની ઓછી તકો ધરાવે છે. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે ગ્રામ વિસ્તારોના ગરીબો વધુ કામ, વધુ શિક્ષણ, વધુ વેતન અને ભૂખમરા તથા અનારોગ્યમાંથી મુક્તિ મેળવવા માટે શહેરોમાં આવે છે. વળી, માધ્યમો, અર્થશાસ્ત્રીઓ અને પર્યાવરણવાદીઓ એમ માને છે કે શહેરો આર્થિક ઉત્પાદન અને સંપત્તિનાં કેન્દ્રો છે અને બેફામ વપરાશના ટાપુઓ છે અને અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોના ઉત્પાદનને ચૂસે છે. એ વાત સાચી છે કે પછી શહેરોની અંદર જ ભારોભાર અસમાનતા પ્રવર્તે છે. આ ટાપુઓમાં જ જુદા જુદા પ્રકારની ભૂગોળ નજરે પડે છે.

એક તરફ, આયોજિત, નિયમન હેઠળનું, વાહનોવાળું નગર છે અને ત્યાં વસનારા લોકોની આવકની સલામતી હોય છે, તેઓ વધારે સારી સેવાઓ પ્રાપ્ત કરે છે, ખાનગી સંસ્થાઓની સેવાઓ પણ પ્રાપ્ત કરે છે અને રાષ્ટ્રની સંપત્તિમાં તેઓ સારું એવું પ્રદાન આપે છે. બીજી તરફ, આયોજન વિનાનું, નિયમન વિનાનું નગર છે કે જ્યાં ઘર, કામ, સામાજિક કે કાનૂની કોઈ સલામતી નથી અને તેમને સતત જગ્યા ખાલી કરાવાશે એવો ખતરો રહેતો હોય છે. તેમને સામાન્ય રીતે ઝૂંપડાવાસીઓ તરીકે ઓળખવામાં આવે છે. તેનું કારણ એ છે કે તેઓ જાહેર કે ખાનગી જગ્યાએ ઝૂંપડું બાંધીને રહે છે. ઝૂંપડાંવાસીઓને સામાન્ય રીતે શહેરના અર્થતંત્રને ધીમું પાડવા માટે જવાબદાર ગણવામાં આવે છે. ૧૯૯૩માં દિલ્લીની વડી અદાલતે શહેરી ગરીબો જે સ્થાન ધરાવે છે તેને અંગે ચુકાદો આપતાં એમ કહ્યું હતું કે આ ઝૂંપડાંવાસીઓને વૈકલ્પિક રહેઠાણ પૂરું પાડવા માટે સરકારને કરોડો રૂપિયા જોઈએ. તેથી સર્વોચ્ચ અદાલતે ૨૦૦૦ના તેના ચુકાદામાં એમ કહ્યું કે "ઝૂંપડપટ્ટી એવા વિસ્તારો છે કે જેમાં જાહેર જમીન ખાનગી ઉપયોગ માટે મફત પડાવી લેવામાં આવી છે. તેથી શહેરો ભિન્નતા ધરાવતાં બની ગયાં." તેમના જુદા જુદા ભાગોને જુદા જુદા કાયદા લાગુ પડે છે. તે ભાગોને જુદી રીતે જોવામાં આવે છે અને તેમનો જુદી રીતે વિકાસ કરવામાં આવે છે. તેને લીધે એક પ્રકારની ઉદાસીનતા ફેલાઈ અને શહેરી ગરીબોની સ્થિતિ સુધારવા માટે ભાગ્યે જ કશું કરવામાં આવ્યું. તેઓ મોટા ભાગના સ્થળાંતરિતો છે અને ગ્રામ વિસ્તારોમાંથી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે, વધારે સલામત જીવન જીવવા માટે આકાંક્ષાઓ લઈને આવે છે. પરિણામે ગરીબી નિવારણના હેતુમાં અને સામાજિક-આર્થિક અસમાનતા દૂર કરવામાં સરકાર નિષ્ફળ ગઈ છે. બીજી તરફ, બજાર તેમાંથી લાભ મેળવે છે અને કાર્યક્ષમતાના માપદંડથી કામ કરે છે, તો નાગરિક સમાજની સંસ્થાઓ મોટે ભાગે અમુક ક્ષેત્રોમાં જ કામ કરે છે અને ભેદભાવજનક પરિણામો, દમનકારી પ્રક્રિયાઓ અને તેની પાછળનાં માળખાં પર ધ્યાન અપાતું જ નથી.

શહેરી ગરીબીનાં કારણો ઘણાં છે. ગ્રામીણ અલ્પવિકાસ છે તેમ હવે એ વધુ ને વધુ સ્વીકારવામાં આવે છે કે શહેરી ગરીબી એ શહેરી શાસનની નિષ્ફળતા છે. ભારતમાં પાલિકાઓને ૭૪મા બંધારણ સુધારા પછી સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ તરીકે સ્વીકારવામાં આવી છે. પાંચ વર્ષ માટે તે ચૂંટાય છે. તેઓ રોજિંદા જીવનને સ્પર્શતી બાબતો અંગેની નિર્ણય પ્રક્રિયામાં ભાગ લે એ અપેક્ષિત છે. લોકશાહી શાસનમાં એકમો તરીકે પાલિકાઓ કામ કરતી નથી. પાલિકાઓને કુલ ૧૮ કામો સોંપાયાં છે. તેમાં શહેરી આયોજન, જમીનના ઉપયોગનું નિયમન, સામાજિક-આર્થિક વિકાસનું આયોજન, ઝૂંપડપટ્ટી સુધારણા અને આધુનિકીકરણ, શહેરી ગરીબીનું નિવારણ, જાહેર આરોગ્ય-પાણી પુરવઠો અને ઘન કચરા સંચાલન જેવી સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે. અનેક કારણોસર આપણાં નગરો અને શહેરોની સ્થિતિ મોટા પ્રમાણમાં સુધરી નથી. જે કંઈ લાભો મળ્યા છે તે અસમાન રીતે વહેંચાયા છે. શાસનનાં માળખાં અને પ્રક્રિયાઓ નિષ્ફળ ગયાં છે, અને એમનાં પરિણામો નજરોનજર દેખાય છે.

અહીં આપણે ગરીબોની આળાસ અને કામની સમસ્યાઓને ટૂંકમાં તપાસીએ. આપણે સરકાર દ્વારા અને નાગરિક સમાજની સંસ્થાઓ દ્વારા જે નોંધનીય પ્રયાસો થયા છે તે પણ જોઈએ અને છેવટે કેટલાક અગત્યના સવાલો કે જે શહેરી અલ્પવિકાસ સાથે સંબંધિત છે તે ઉઠાવીએ.

## શહેરી ગરીબોની સમસ્યાઓ

### ૧. રોજગારી

વિકસતા દેશોમાં ખાસ કરીને શહેરોમાં અનૌપચારિક અર્થતંત્ર નાગરિકો માટે જીવનનિર્વાહનું મુખ્ય સ્રોત રહ્યું છે. 'આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન' (આઈએલઓ) અનુસાર દુનિયાભરમાં બે-તૃતીયાંશ શ્રમ દળને અનૌપચારિક અર્થતંત્ર રોજી આપે છે. ભારતમાં અસંગઠિત ક્ષેત્રમાં ૯૩ ટકા લોકોને રોજી મળે છે. અનૌપચારિક ક્ષેત્ર ચાલુ રહે છે કારણ કે આર્થિક વૃદ્ધિનો અપેક્ષિત દર સિદ્ધ થતો નથી, રોજગારવિહીન વૃદ્ધિ થાય છે, ઔપચારિક ક્ષેત્રમાં કામ મળતું નથી વગેરે. ઔપચારિક ક્ષેત્રમાં કામ નહિ મળતું હોવાનાં કારણોમાં યોગ્ય કૌશલ્યનો અભાવ, ગરીબી, સાહસિકતા અને સર્જનાત્મકતાનો અભાવ વગેરેનો સમાવેશ થાય છે. સ્પષ્ટ છે કે, અનૌપચારિક ક્ષેત્ર અને તેમાં કામ કરનારા લોકો સામાજિક અને રાજકીય અસહાયતાનો સામનો કરે છે. તેમને જીવનનિર્વાહની સલામતી નથી, ધિરાણ-તાલીમ-સામાજિક સલામતી માટે ઔપચારિક સંસ્થાઓ પ્રાપ્ય નથી. આથી કામદારોની સ્થિતિ ખરાબ હોય છે. ભારતમાં ૪.૨૬ કરોડ લોકો ઝૂંપડપટ્ટીમાં રહે છે અને તેમાંના ૯૬ ટકા અનૌપચારિક ક્ષેત્રમાં કામ કરે છે. તેમની પાસે કોઈ કાનૂની રક્ષણ નથી કે સામાજિક સલામતી નથી. આ સમસ્યાઓ અર્થતંત્રમાં 'ગુપ્ત' હોય છે. તેને પરિણામે જાહેર સત્તાવાળાઓની હેરાનગતી વધે છે.

ભારત સરકાર સુવર્ણ જયંતી શહેરી રોજગારી યોજના (એસજેએસઆરવાય) ચલાવે છે. તેમાં સ્વરોજગારી અને વેતન રોજગારી બંનેનો સમાવેશ કરાયો છે. જો કે, આ યોજના આંશિક રીતે જ સફળ થઈ છે. નબળા બજાર અને નાણાકીય સંબંધો, ક્ષમતા વર્ધન માટેની ઓછી તકો અને સરકારનો નિશ્ચિત ક્ષેત્રવાળો અભિગમ તેમાં જવાબદાર છે. જીવનનિર્વાહ અનેક પ્રકારની પ્રક્રિયાઓ અને પરિબળો પર આધાર રાખે છે. તેમાં જીવનની સ્થિતિ, સામાજિક સલામતીના લાભોની પ્રાપ્તિ, સામાજિક-સાંસ્કૃતિક ઈતિહાસ વગેરેનો સમાવેશ થાય છે. જ્ઞાતિ અને સ્ત્રી-પુરુષ સામાજિક ભેદભાવને આધારે નિર્માણ પામતાં કૌશલ્યો અને કામની તકો પણ તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જોખમની વહેંચણી અને વિવિધીકરણના વિકલ્પો તેમાં હોય છે. અહીં 'સેવા'નો અનુભવ નોંધનીય છે. 'સેવા' મહિલાઓનાં મજૂર મંડળો અને વેપાર-આધારિત સહકારી મંડળીઓને આધારે કામ કરે છે. આ મહિલાઓને કામ અને આવકની સલામતી, અન્ન સલામતી, કાર્યગત શિક્ષણ, આરોગ્ય સંભાળ, અકસ્માત અને માંદગી-મૃત્યુ સામે વીમો વગેરે જેવી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. તે ગરીબ મહિલાઓના અધિકારોના રક્ષણ માટે નીતિવિષયક ફેરફારો લાવવાની દિશામાં પણ કામ કરે છે કે જેથી તેઓ સ્વાવલંબી બની શકે.

### ૨. આવાસ

નેશનલ બીલ્ડિંગ ઓર્ગેનાઈઝેશન (એનબીઓ)એ ૧૯૯૧માં શહેરોમાં ૮૨.૩૦ લાખ આવાસોની અછત હોવાનો અંદાજ મૂક્યો હતો. જો કે, પછીથી તે ઘટતી જશે એમ તેણે જણાવ્યું હતું. હેબિટાટ-૨ દ્વારા જો કે, એવો અંદાજ મૂકાયો હતો કે એ અછત વધશે. ભારત સરકાર બે જુદા જુદા કાર્યક્રમો ચલાવે છેઃ 'વામ્બે' દ્વારા તે ઘરોની અછત દૂર કરવાનો હેતુ ધરાવે છે. રૈન બસેરા અને ૨૦ લાખ ઘરોના નિર્માણનો કાર્યક્રમ પણ તે જ હેતુ ધરાવે છે. બીજો કાર્યક્રમ એનએસડીપી, આઈડીએસએમટી અને એયુડબ્લ્યુએસપી યોજનાઓ દ્વારા ઝૂંપડપટ્ટીમાં લઘુતમ સેવાઓ પૂરી પાડવાનો ચલાવે છે. ગરીબો ગેરકાનૂની વસાહતોમાં રહે છે. તે કામચલાઉ હોય છે, તે જાહેર જમીન પર હોય છે. પાણીના નળની વ્યવસ્થા હોતી નથી, ઘણી વાર તો જાહેર નળ પણ હોતા નથી, ગટર વ્યવસ્થા હોતી નથી અથવા ખુલ્લી નીકો હોય છે, સફાઈની વ્યવસ્થા હોતી નથી. શહેરોના માસ્ટર પ્લાનમાં મોટે ભાગે આ વસાહતોને ધ્યાનમાં લેવામાં આવતી નથી, અને તેથી તેઓ આયોજિત વિકાસના કાર્યક્ષેત્રની બહાર રહી જાય છે. તેમને માટે સંસાધનોની ખૂબ ઓછી ફાળવણી થાય છે. તેથી સેવાઓ ખરાબ હોય છે, અને તેથી આવતી બીમારીઓનું ખર્ચ એ ગરીબોએ ઉઠાવવું પડતું હોય છે. તેથી તેમની કામોની તકોને પણ અસર થાય છે. એક એવો અંદાજ છે કે દુનિયાભરમાં શેર બજારોમાં જે મૂડીના સોદા થાય છે તેના કરતાં ગરીબોનાં ઘરોનું પ્રમાણ પાંચ ગણું વધારે છે. તેમના પુનર્વસનના ભાગરૂપે જમીનના પરવાના આપવામાં આવે તો તે પણ તેમની સલામતી અને અસ્તિત્વને અસર કરે છે. તેથી ગરીબ માટે ઘર એક અસ્કામત બનતું જ નથી. તેનાથી ગરીબોની અસહાયતા વધે છે અને તેમને ગરીબીમાંથી બહાર આવવાની તક મળતી જ નથી.

## શહેરી ગરીબીનું માળખું

ગરીબો શહેરમાં 'છાયા'માં જ રહે છે. તેમના કામને મોટે ભાગે 'અંધકાર' તરીકે જ ઓળખવામાં આવે છે. શહેરના જાહેર સત્તાવાળો તેમની પ્રવૃત્તિઓ પ્રત્યે શંકાશીલ દૃષ્ટિકોણ ધરાવે છે, તેનું આ પરિણામ છે. ગરીબોના અધિકારો અને પ્રવૃત્તિઓને કાનૂની માન્યતા

મળી હોતી નથી. વિસ્તારની દૃષ્ટિએ જોઈએ તો, ગરીબો આમેય છેવાડે હોય છે. તેમનાં ઘરો ફૂટપાથો પર, રેલવેના પાટા નજીક અથવા અવગણિત જાહેર જમીનો પર હોય છે. આ વિસ્તારલક્ષી અને સાંસ્કૃતિક પરિબળો તેમને શહેરમાં છેવાડે રહેવાની ફરજ પાડે છે. ગરીબો માટે અને ગરીબોમાં ચુપ્પી સાધી લેવાનું વલણ બધે જ દેખાય છે. રાજ્ય દ્વારા તેમને માટે કોઈ નીતિ કે કાર્યક્રમ જાહેર કરાતા નથી. તેમના પુનર્વસન અને જીવનનિર્વાહ માટેના ગંભીર પ્રયાસો ન થવાને પરિણામે ગરીબો માટેની ચુપ્પી વધારે તીવ્ર બનતી જાય છે. ગરીબો તેમનાં હિતોને રજૂ કરી શકે તેવા મંચની ગેરહાજરી છે અને રાજ્ય તેમના પ્રત્યે ઉદાસીન છે તેથી ગરીબો શાંત થઈ જતા હોય છે.

જો કે, શહેરી ગરીબો એક સમાન જૂથ નથી. ધર્મ, જ્ઞાતિ, વર્ગ, સ્ત્રી-પુરુષ ભેદભાવ, કામ વગેરે શહેરી ગરીબોમાં સ્તરીકરણ જન્માવે છે. દરેક શ્રેણીની કામની સ્થિતિ જુદી જુદી હોય છે, તેઓ જુદાં જુદાં ઉત્પાદનનાં સાધનો ધરાવે છે, જુદી જુદી સેવાઓ અને સામાજિક સલામતીના લાભો મેળવે છે. તેથી તેમનામાં અસહાયતાનું પ્રમાણ જુદું જુદું હોય છે. અને તેઓ વિભિન્ન પ્રમાણમાં સત્તા ધરાવે છે. પરિણામે વિકાસલક્ષી લાભો પણ સત્તાનાં આ માળખાંને જ મજબૂત કરે છે. પરિણામે શહેરી ગરીબોને સંગઠિત કરવા એ વિકાસલક્ષી કાર્ય કરનારાઓ માટે એક મોટો પડકાર છે.

## સરકારની નિષ્ફળતા

શું શહેરી ગરીબી દૂર કરવાના પ્રયાસો જમીનની અછત, સેવા પૂરી પાડવા માટેની સબસિડી કે ઈજનેરી ચીજો જેવાં સંસાધનોની અપર્યાપ્તતાને લીધે નિષ્ફળ ગયા છે? શહેરી વિસ્તારોમાં તો જમીન અત્યંત ઊંચા ભાવે જ મળે છે, ત્યારે શું એ પ્રશ્ન છે? તેનો જવાબ ચોખ્ખી 'ના' છે. મુંબઈમાં જમીનની ખૂબ જ અછત છે પણ ત્યાં ઝૂંપડાંવાસીઓની વસ્તી લગભગ ૫૦ ટકા કરતાં વધારે છે પણ તેઓ શહેરની માત્ર ૮ ટકા જમીન ઉપર જ રહે છે. ભારત સરકારનાં ધોરણો એમ કહે છે કે વ્યક્તિદીઠ ૫ ચો.મી. જગ્યા અને કુટુંબદીઠ ૨૫ ચો.મી. જગ્યા હોવી જોઈએ. એનો અર્થ એ થયો કે શહેરી ગરીબોને અમાનવીય રીતે નાની જગ્યામાં રહેવાની ફરજ પાડવામાં આવે છે. મોટા ભાગના ગરીબો અનૌપચારિક ક્ષેત્રમાં કામ કરે છે અને તેમાંય ખાસ કરીને મહિલાઓ છે. તેઓ મોટે ભાગે તેમના ઘરમાં જ કામ કરે છે, તેથી તેમને જમીનની અછત નડે છે અને તેથી તેમની રોજગારીની તકો ઘટે છે.

કળાકારીગરીની ચીજો, કાગળની થેલીઓ, સ્ટેશનરીની ચીજો, કપડાં ધોવા, કપડાંની ઈસ્ત્રી કરવી, કચરો છૂટો પાડવો અને તેમાંથી ફરી વસ્તુ બનાવવા જેવી અનેક પ્રકારની સેવાલક્ષી અને ઉત્પાદન પ્રવૃત્તિઓ ઘરમાં જ થતી હોય છે. જગ્યાની અછતને લીધે સરકારી સંસ્થાઓ કે ખાનગી કન્સલ્ટન્ટ્સ ગરીબોને બે રૂમમાં કે ૨૫ ચો.મી.ની જગ્યામાં, એક રૂમ પર એક રૂમમાં રહેવાની ફરજ પાડે છે. તેમાં પુખ્તો માટે કામ કરવાની કોઈ જગ્યા હોતી નથી, બાળકો માટે ખુલ્લી જગ્યા પણ હોતી નથી અને ખૂબ જ ઓછી સેવાઓ તેમને પ્રાપ્ત થાય છે. કેટલાક કિસ્સામાં એમ પણ જોવા મળે છે કે પાણી પણ રોજેરોજ ભોંયતળિયેથી લાવવું પડતું હોય છે. મોટે ભાગે આ રહેણાક એકમો શહેરના કેન્દ્ર વિસ્તારથી દૂર હોય છે. ગરીબ કામદારો મોટે ભાગે તેમના કામ માટે શહેરના વ્યાપારી વિસ્તારો અને મધ્યમ તથા ઉચ્ચ મધ્યમ વર્ગના વિસ્તારો પર આધાર રાખે છે. તેમને શહેરના છેવાડે ધકેલી દેવાય છે અને તેથી તેમની આર્થિક પ્રવૃત્તિ બિન-આર્થિક બની જતી હોય છે, કારણ કે શહેરમાં જ તેમનું પ્રવાસ ખર્ચ વધી જતું હોય છે.

સેવા અને ખર્ચના સંદર્ભમાં સરકાર અને બજારની સંસ્થાઓ લાંબા સમયથી ભાગીદારીના મોડેલ પર કામ કરે છે. સરકાર પાસે સંસાધનોનો અભાવ હોય છે તેથી અને ખાનગી મૂડી પ્રાપ્ય હોય છે તથા ખાનગી કામગીરીને લીધે કાર્યક્ષમતા વધવાની શક્યતા હોવાને લીધે સરકાર ટેન્ડરો બહાર પાડીને આ મોડેલને અપનાવે છે. જો કે, દુનિયાભરના અનુભવો એમ બતાવે છે કે સેવાઓનું ખાનગીકરણ થવાને પરિણામે તેમાંથી ગરીબો બાકાત રહી જાય છે. તેમાં મિટરો બેસાડવામાં આવે છે તેથી જ ગરીબો બાકાત રહી જાય છે, કારણ કે તેમની પાસે જોડાણ મેળવવા માટે જરૂરી કાનૂની દસ્તાવેજો હોતા નથી. ગરીબો જીવે છે અને છતાં સબડતા રહે છે તેનું કારણ એ છે કે સમસ્યાઓના મોટા ભાગે ઈજનેરી ઉકેલો જ શોધવામાં આવે છે. તેથી પડકાર એ ઊભો થાય છે કે જરૂરી દસ્તાવેજો મેળવવા.

વળી, સ્વાભાવિક છે કે આવા જે ઈજનેરી ઉકેલો એક સ્થળે ઉપયોગી થાય તે બીજે ઉપયોગી થાય જ એવું જરૂરી નથી. તેથી જ મોટી વિકાસલક્ષી સંસ્થાઓ અને સરકારોને તે આકર્ષી શકતા નથી. અમુક નિશ્ચિત સ્થાન માટે તે પસંદ કરવા એ સામાજિક ઇજનેરીનો પ્રશ્ન છે, તેમાં અસરકારક રીતે સમુદાયને સામેલ કરવાનું જરૂરી છે. હાલ, ગરીબોનાં હિતોનું રક્ષણ થાય તે માટે તેમને સંગઠિત કરવાના, તેમનું નેટવર્ક ઊભું કરવાના પ્રયાસો થયા છે અને તે મોટે ભાગે મોટાં શહેરો પૂરતા મર્યાદિત રહ્યા છે. સરકારો, માધ્યમો અને વિકાસલક્ષી સંસ્થાઓનું ધ્યાન તેમના ઉપર જ ગયું છે. આ એક કમનસીબ હકીકત છે, કે જેમાં શહેરી ગરીબીને પણ ખૂબ મોટાં શહેરોના સંદર્ભમાં જ જોવામાં આવે છે. દેશનાં નાનાં અને મધ્યમ નગરોમાં તો રોકાણ થતું જ નથી અને નાગરિક સમાજનાં કાર્યોની તો ત્યાં

ગેરહાજરી જ વર્તાય છે.

આનો અર્થ એ થાય છે કે જે તે વ્યવસ્થાની ખામી ઊભી થાય છે, એ વ્યવસ્થામાં સંકલન થતું નથી તેમ સાબિત થાય છે અને નિયમનકારી ધોરણો અને નીતિઓ અત્યંત કંગાળ હોય છે. એટલે કે તે શાસનની નિષ્ફળતા છે. હવે આપણે દેશમાં સરકાર દ્વારા હાલ જે પ્રયાસો થઈ રહ્યા છે તે જોઈએ.

ગામડાંની તુલનાએ નગરો મોટાં હોય છે, તેમાં વિવિધતા હોય છે અને તેઓ જટિલ સ્થાનો ધરાવે છે. ગ્રામ વિસ્તારોમાં ગ્રામ, તાલુકા અને જિલ્લા સ્તરની પંચાયતોની રચના કરીને ત્રિસ્તરીય સંગઠન વિચારવામાં આવ્યું. જ્યારે શહેરી વિસ્તારોમાં આ પ્રકારનું માળખું અસ્તિત્વમાં નથી. તેમાં નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ છે પણ તેમની વચ્ચે કોઈ સંબંધ નથી. ગ્રામ વિસ્તારોમાં ગ્રામ સભા અને પંચાયતની બેઠકો દ્વારા લોકોની સહભાગિતા ઊભી થાય છે, જ્યારે શહેરી વિસ્તારોમાં વધુ વસ્તી અને વધુ ગીચતા સહભાગિતા સામે અવરોધ ઊભો કરે છે. મર્યાદિત સામાજિક સંબંધો, વધતો જતો અલગાવ વગેરેએ શહેરમાં દેખીતી રીતે જ સમુદાય ઊભો થવા દીધો નથી. આને પરિણામે સામુદાયિક સહભાગિતા ઊભી કરવાની સમસ્યા શહેરી વિસ્તારોમાં તીવ્ર બને છે, જ્યારે આદિવાસી વિસ્તારોમાં તો આદિવાસીઓ એક સમુદાય હોય છે.

'ઉન્નતિ'ના છેલ્લા એક દાયકાના અનુભવને આધારે નીચેની મુખ્ય બાબતો તરી આવી છેઃ

### (૧) રાજ્યના વર્ચસ્વમાં વૃદ્ધિઃ

રાજ્ય તેનો અંકુશ વધારવા માટે વિસ્તરે છે. શહેરી વિકાસ અને આયોજન વિભાગ, અર્ધ-સરકારી સંસ્થાઓ અને ખાસ ઊભી કરાયેલી કંપનીઓ કે મિશન વગેરે દ્વારા રાજ્ય વિસ્તરતું નજરે પડે છે. વળી, બીજું જે જોવા મળે છે તે એ છે કે સેવાઓ પૂરી પાડવાની બાબતમાં રાજ્ય સંકોચાઈ રહ્યું છે. કરારો ઘડવા ઉપર અને તે કરવા ઉપરનો તેનો અંકુશ જઈ રહ્યો છે અને રાજ્યનો લોકો સાથેનો સંવાદ ઓછો થઈ રહ્યો છે.

### (૨) આયોજન અને સેવાનું ખાનગીકરણઃ

રાજ્યની સત્તા હવે ખાનગી કંપનીઓ સાથે કરારો કરવા પૂરતી મર્યાદિત થઈ ગઈ છે. ખાનગી ક્ષેત્ર માટે જે અવકાશ છે તેમાં જબરજસ્ત વધારો થયો છે પણ રાજ્ય નિયમનકારી કાર્યો અને દેખરેખનાં કાર્યો પણ કરતું નથી. આયોજનની તમામ પ્રવૃત્તિઓમાં નિર્ણય પ્રક્રિયા હોય છે, તે સામૂહિક રીતે થતી સામાજિક પસંદગીઓને નક્કી કરે છે. સ્પર્ધા વધુ સારી ગુણવત્તા તરફ લઈ જાય છે એવા ખ્યાલને આધારે હવે સમગ્ર વ્યવસ્થા ઊભી થઈ રહી છે. બીજી તરફ, ખાનગી સંસ્થાઓ લોકો પ્રત્યે કોઈ ઉત્તરદાયિત્વ ધરાવતી નથી અને તેથી એવા નિર્ણયો લેવાય છે કે જે સમાજના અમુક વર્ગોને જ લાભદાયી હોય છે.

### (૩) પાલિકાઓની સ્વાયત્તતા સામે ખતરોઃ

રાજ્યનો વધતો અંકુશ અને જે કંઈ અવકાશ પ્રાપ્ય છે તે ખાનગી સંસ્થાઓ પાસે પહોંચી જવાથી નિર્ણય પ્રક્રિયામાં પાલિકાઓની ભૂમિકા મર્યાદિત થઈ ગઈ છે. વિકેન્દ્રિત લોકશાહીના સિદ્ધાંતોની વિરુદ્ધની આ બાબત છે અને તેથી નાગરિકો રાજ્યથી અલગ થઈ રહ્યા છે. બીજી તરફ, અસ્કામતો વધી રહી છે અને તેનાં દેખરેખ અને નિભાવ માટેની પાલિકાઓની જવાબદારી વધી રહી છે.

### (૪) નાગરિક સમાજની મર્યાદિત ભૂમિકાઃ

નાગરિક સમાજની સંસ્થાઓ મુખ્ય પ્રવાહને બરાબર સમજ્યા વિના જ તેની પ્રક્રિયાઓમાં સામેલ થાય છે. તેઓ ખાનગી કંપનીઓ સામે આ બાબતમાં સ્પર્ધામાં ઊતરે છે. ખાસ કરીને આયોજન ક્ષેત્રે તેઓ સ્પર્ધા કરે છે કે જેથી ગરીબોને સારી સેવાઓ પ્રાપ્ત થાય. જો કે, નાગરિક સમાજની સંસ્થાઓ પાસે ખૂબ જ મર્યાદિત ભૂમિકા બાકી બચી છે. વળી, ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં શહેરોમાં નાગરિક સમાજનાં સંગઠનો કામ કરી રહ્યાં છે.

વૈશ્વિક રીતે એમ સ્વીકારવામાં આવ્યું છે કે હવે નવ-ઉદારમતવાદી બજારલક્ષિતા સાથે જુદા જુદા સ્વરૂપે પણ ચાલુ રહેશે. તેને પરિણામે વૈશ્વિક સ્તરે અસમાનતા ઊભી થાય છે અને તે અસહાયતામાં પણ વધારો કરે છે. આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાના અનેક ઉકેલો પ્રાપ્ત થાય છે. તેમાં ધાર્મિક, સાંસ્કૃતિક, સંચાલકીય, વહીવટી અને વિદેશી ઉકેલોનો સમાવેશ થઈ શકે. વળી, એક તરફ સશસ્ત્ર લડાયકતાનો ઉકેલ હોય છે તો બીજી તરફ રાજકીય ભાગીદારીનો ઉકેલ હોય છે.

લોકશાહી પ્રતિનિધિવાળી હોય અને મુખ્ય સંસ્થા પર આધારિત હોય એવો ખ્યાલ હવે જરી-પુરાણો થઈ ગયો છે, તેને સ્થાને પરામર્શ અગત્યનો બની ગયો છે. મુક્ત અને ન્યાયી સંવાદ ઊભો થાય તેની જરૂરિયાતમાં જ આ સમગ્ર બાબતનું મૂળ રહેલું છે. સમુદાયકેન્દ્રી ઉકેલો જ સારા છે અને ટકાઉ છે એ બાબત પર વિશેષ ભાર મુકાય છે. ઐતિહાસિક રીતે પણ એ જ સાબિત થયું છે. તેથી છૂટા પડવામાં ઉકેલ નથી પણ સામેલ થવામાં અને ચર્ચા કરવામાં ઉકેલ છે એમ સમજાય છે. તેમાં એવો આશાવાદ પ્રવર્તે છે કે સામુદાયિક લાભો તેનાથી વ્યાપકપણે ઊભા થાય છે.

# નાનાં અને મધ્યમ નગરો માટે વિકાસ યોજનાઓ

કેન્દ્ર સરકારે નાનાં અને મધ્યમ કક્ષાનાં નગરોમાં માળખાગત સવલતોના વિકાસ માટે ૨૦૦૫થી બે યોજનાઓની શરૂઆત કરી છે. આ યોજના સાત વર્ષ માટેની છે. સહભાગી વિકાસના સિદ્ધાંતો પર કામ કરતી આ યોજનાની તમામ વિગતો અહીં આપવામાં આવી છે. નાનાં અને મધ્યમ કક્ષાનાં નગરોની નગર પાલિકાઓ અને ચૂંટાયેલા નગરસેવકો માટે આ વિગતો ઉપયોગી થઈ પડશે. વળી, મોટે ભાગે અત્યાર સુધી લોકો માટે આયોજન થયું છે, પણ લોકો દ્વારા આયોજન થયું નથી. સમુદાયની સહભાગિતા સાથે આયોજન કરવું જરૂરી છે કે જેથી તેમનામાં વિકાસલક્ષી દરમ્યાનગીરીથી ઊભી થતી અસ્કામતો અંગે માલિકીની ભાવના ઊભી થાય. આ લેખમાં શહેરની વિકાસ યોજનામાં કેવી રીતે લોકોને સામેલ કરી શકાય તેની પણ છણાવટ કરવામાં આવી છે. 'ઉન્નતિ' દ્વારા શહેરી શાસન માટે ચાલતા પ્રશિક્ષણ કાર્યક્રમના સંદર્ભમાં આ સાહિત્ય તૈયાર કરાયું છે.

## ૧. નાનાં અને મધ્યમ નગરો માટે શહેરી માળખાગત વિકાસ યોજના શું છે?

નાનાં અને મધ્યમ નગરો માટે શહેરી માળખાગત વિકાસ યોજના (યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી.) નો હેતુ આયોજનપૂર્વક નગરો અને શહેરોમાં માળખાગત સવલતોમાં સુધારો કરવાનો છે. ૨૦૦૫-૦૬ થી સાત વર્ષના સમયગાળા માટે આ યોજના છે. નાનાં અને મધ્યમ નગરોના સંકલિત વિકાસ (આઈ.ડી.એસ.એમ.ટી.) અને વૃદ્ધિત શહેરી પાણી પુરવઠા કાર્યક્રમ (એ.યુ.ડબ્લ્યુ. એસ.પી.) જેવી વર્તમાન યોજનાઓ નું સંકલન કરીને આ યોજના બનાવાઈ છે. આ યોજનાના હેતુઓ નીચે મુજબ છે :

(ક) માળખાગત સવલતો સુધારવી અને નગરો તથા શહેરોમાં ટકાઉ જાહેર અસ્કામતો અને ગુણવત્તાવાળી સેવાઓ સર્જવા મદદ કરવી.
(ખ) માળખાગત સવલતોના વિકાસ માટે જાહેર-ખાનગી ભાગીદારી વધારવી.
(ગ) નગરો અને શહેરોના સંકલિત વિકાસના આયોજનને પ્રોત્સાહન.

૨૦૦૧ની વસ્તી ગણતરી અનુસાર તમામ નગરો અને શહેરોને આ યોજના લાગુ પડે છે. જો કે, જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ આવરી લેવાયેલાં ૬૩ શહેરોને આ યોજના લાગુ પડતી નથી.

**આ યોજનામાં નીચે મુજબનાં ક્ષેત્રોને આવરી લઈ શકાય :**

(૧) શહેરી પુનરુત્થાન : શહેરનાં જૂના વિસ્તારોનો પુનર્વિકાસ, તેમાં નાના વિસ્તારોને પહોળા કરવા, ગીચતા ઘટાડવા ઔદ્યોગિક કે વ્યાપારી એકમોને ખસેડવા, જૂની અને કટાયેલી પાણીની પાઈપલાઈનો બદલવી અને મોટી પાઈપલાઈનો નાખવી, ઘન કચરાના નિકાલની વ્યવસ્થા અને ગટર વ્યવસ્થા વગેરેનો સમાવેશ થાય છે.
(૨) પાણી પુરવઠો (ડિસેલિનેશન પ્લાન્ટ સહિત) અને સફાઈ.
(૩) ગટર વ્યવસ્થા અને ઘન કચરા સંચાલન.
(૪) પાણીના નિકાલ માટેની ગટરોનું બાંધકામ અને સુધારણા.
(૫) શહેરી પરિવહન : રસ્તા, ધોરી માર્ગ, એક્સપ્રેસ વે, એમ.આરટી.એસ, મેટ્રો પરિયોજનાઓ.
(૬) પાર્કિંગની જગ્યાઓ : જાહેર-ખાનગી ભાગીદારીના ધોરણે.
(૭) ઐતિહાસિક વારસાનાં સ્થળોનો વિકાસ.
(૮) વિશિષ્ટ શ્રેણીનાં રાજ્યોમાં જમીનનું ધોવાણ કે ભૂપ્રપાતને રોકવાં અને પુનર્સ્થાપન.
(૯) જળાશયોનું જતન.

આ યોજના હેઠળ જમીનના ખર્ચ માટે નાણાં મળશે નહિ - આવું ખર્ચ શહેરી સ્થાનિક સંસ્થાઓ, શહેરી વિકાસ સત્તામંડળો, પરિયોજનાના લાભાર્થી સમુદાયો વગેરે ઉઠાવી શકે છે. ખાનગી જમીનના કિસ્સામાં આ બાબત મહત્ત્વની છે. જો કે, આવા ખર્ચ માટેની વ્યવસ્થા કરવાની જવાબદારી શહેરી સ્થાનિક સંસ્થાઓની રહેશે.
આ યોજના હેઠળ નીચેની બાબતો માટે નાણાં મળશે નહિઃ

(૧) વીજળી અને દૂરસંચાર નેટવર્ક.
(૨) બસ અને ટ્રામ જેવી વસ્તુઓ.
(૩) આરોગ્ય અને શૈક્ષણિક સંસ્થાઓ.
(૪) શહેરી પરિવહન (એમ.આર.ટી.એસ. એલ.આર.ટી.એસ. વગેરે).
(૫) વેતન રોજગારી કાર્યક્રમ અને સ્ટાફ.
(૬) નિભાવનાં કામો.

**કુલ કેટલું ભંડોળ પ્રાપ્ય છે?**

ભારત સરકાર રૂ. ૫૦૦૦ કરોડ પૂરા પાડવા માગે છે. પણ ૨૦૦૬-

૧૨ના છ વર્ષના ગાળા દરમ્યાન શહેરો કે રાજ્યોએ પણ તેમનો ફાળો આપવાનો રહેશે. શહેરી સ્થાનિક સંસ્થાઓએ પણ ફાળો આપવાનો થાય અને ખાનગી રોકાણનો પણ ફાળો રહે. જો કે, યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી. અને આઈ.એચ.એસ.ડી.પી. માટે અલગ અલગ સંસાધનોની ફાળવણી કરવામાં આવી નથી. ૨૦૦૫-૦૬ માટે રૂ. ૫૪૯૭.૧૭ કરોડ અને ૨૦૦૬-૦૭ માટે રૂ. ૩૪૦૦ કરોડની ફાળવણી કરાઈ હતી.

### રાજ્યો વચ્ચે કેવી રીતે નાણાંની ફાળવણી થાય છે?

દેશની કુલ શહેરી વસ્તીના સંદર્ભમાં રાજ્યની શહેરી વસ્તીનું પ્રમાણ કેટલું છે તેને આધારે રાજ્યો વચ્ચે ભંડોળની વહેંચણી થાય છે. એમાં જવાહરલાલ નેહરુ રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન હેઠળ આવરી લેવાયેલાં ૬૩ શહેરોની વસ્તીનો સમાવેશ થતો નથી. રાજ્યો પણ આ જ ફોર્મ્યુલાને આધારે નગરો કે શહેરોને નાણાંની ફાળવણી કરી શકે છે.

જો કે, નાણાં એવાં જ નગરો કે શહેરોને અપાશે કે જ્યાં સ્થાનિક ચૂંટણી થઈ હશે અને ચૂંટાયેલી સરકાર ત્યાં અસ્તિત્વમાં હશે. રાજ્ય સરકારો જરૂરિયાતો અનુસાર નગરો અને શહેરોની પસંદગી પ્રાથમિકતાને ધોરણે કરી શકે છે. આ પ્રાથમિકતા નક્કી કરતી વખતે રાજ્યોએ વર્તમાન માળખાગત સવલતો, અનુસૂચિત જાતિની વસ્તી, અનુસૂચિત જનજાતિની વસ્તી અને પર્વતીય વિસ્તારોની સમસ્યાઓને ધ્યાનમાં લેવાં જોઈએ.

### તમામ નાણાંની ચુકવણી કોણ કરશે?

૮૦ ટકા નાણાં કેન્દ્ર સરકાર આપશે, ૧૦ ટકા નાણાં રાજ્ય સરકાર આપશે અને બાકીનાં ૧૦ ટકા નાણાં નાણાં સંસ્થાઓ પાસેથી મેળવી શકાશે. એ કામ અમલકર્તા સંસ્થાએ કરવાનું છે. અમલકર્તા સંસ્થાઓ નાણાં સંસ્થાઓ પાસેથી લોન લેવાને બદલે તે રકમ આંતરિક રીતે પણ ઊભી કરી શકે છે. સાંસદ ભંડોળ અને ધારાસભ્ય ભંડોળનો ઉપયોગ પણ પરિયોજનાના ખર્ચ માટે કરી શકાય અને એટલા પ્રમાણમાં લોનનું પ્રમાણ ઘટાડી શકાય.

### કઈ માળખાગત સવલતોનો વિકાસ કરાય?

નીચેનાં ક્ષેત્રોની પરિયોજનાઓને સૌથી વધુ પ્રાથમિક્તા આપવામાં આવશેઃ

૧. પાણી પુરવઠો (ડિસેલિનેશન પ્લાન્ટ સહિત) અને સફાઈ.
૨. ઘન કચરા સંચાર અને ગટર વ્યવસ્થા.
૩. રસ્તા.
૪. વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા.

### શહેરી સ્થાનિક સંસ્થાને મંજૂર થયેલાં નાણાં કેવી રીતે મળશે?

રાજ્ય સરકાર જેને નોડલ એજન્સી બનાવશે તેને કેન્દ્રીય સહાય સીધી પ્રાપ્ત થશે. ગુજરાતમાં ગુજરાત શહેરી વિકાસ મિશનને નાણાં તબદીલ કરવામાં આવે છે. તે સહાય બે હપતામાં છૂટી કરવામાં આવે છે અને તે રાજ્યના હિસ્સાની પ્રાપ્યતા ઉપર આધાર રાખે છે. નાણાકીય વર્ષ પૂરું થાય તેના ૧૨ માસના ગાળામાં સહાય વપરાઈ હોવાનું  પ્રમાણપત્ર અપાય તે જરૂરી છે. તે પ્રમાણપત્ર સામાન્ય નાણાકીય નિયમો અનુસારનું હોવું જોઈએ.

૧. સમજૂતીપત્ર ઉપર સહીસિક્કા થાય કે તરત જ ૫૦ ટકા સહાય રાજ્યની નોડલ એજન્સીને અપાશે. રાજ્યના હિસ્સાની પ્રાપ્યતા તેમાં નક્કી કરશે.
૨. નોડલ એજન્સી અગાઉ અપાયેલી સહાય અને રાજ્યના હિસ્સાની રકમમાંથી ૭૦ ટકા રકમ વપરાઈ ગઈ હોવાનું પ્રમાણપત્ર રજૂ કરે પછી બાકીની ૫૦ ટકા સહાય છૂટી કરાશે.
૩. રાજ્યની નોડલ એજન્સી આ રીતે નાણાં છૂટો કરશેઃ
    ૧. રાજ્યના હિસ્સાની પ્રાપ્યતાને આધારે કેન્દ્રની સહાયની ૨૫ ટકા રકમ.
    ૨. રાજ્યની ગ્રાન્ટ છૂટી થયા પછી કેન્દ્રની બાકીની ગ્રાન્ટ અને તે સુધારાના અમલનું મૂલ્યાંકન થયા પછી અપાય.

જો કે, લોન કે ગ્રાન્ટ-કમ-લોન મંજૂર કરાઈ હોય તો તેવા કિસ્સામાં તે એવી રીતે મંજૂર કરાય કે જેથી રાજ્ય અને કેન્દ્રની સાથે મળીને ૨૫ ટકા ગ્રાન્ટ પરત મળી શકે અને તે રિવોલ્વિંગ ફંડમાં જમા થાય કે જેથી માળખાગત સવલતોની પરિયોજનાઓ માટે વધુ રોકાણ માટે બજારમાંથી નાણાં મેળવી શકાય. આ યોજનાના સમયગાળાને અંતે આ રિવોલ્વિંગ ફંડને રાજ્ય શહેરી માળખાગત ભંડોળ તરીકે બદલી શકાય.

## ૨. સંકલિત ગૃહનિર્માણ અને ઝૂંપડપટ્ટી વિકાસ કાર્યક્રમ

સંકલિત ગૃહનિર્માણ અને ઝૂંપડપટ્ટી વિકાસ કાર્યક્રમ (આઈ.એચ. એસ.ડી.પી.)નો હેતુ વર્તમાન બે યોજનાઓ વી.એ.એમ.બી.એ.વાય. અને એન.એસ.ડી.પી. નું સંકલન કરવાનો છે. તેનો ઉદ્દેશ જે શહેરી ઝૂંપડપટ્ટીઓ પાસે પૂરતું આશ્રયસ્થાન નથી અને ઝૂંપડાંમાં રહે છે તેમની પરિસ્થિતિ સુધારવાનો છે. ૨૦૦૧ની વસ્તી ગણતરી અનુસારનાં તમામ શહેરો અને નગરોને આ યોજના લાગુ પડે છે. જો કે, જવાહરલાલ નેહરુ રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન હેઠળ આવરી લેવાયેલાં શહેરોને તે લાગુ પડતી નથી. યોજનાનો પાયાનો હેતુ પૂરતું આશ્રયસ્થાન પૂરું પાડવાનો અને ઝૂંપડાંવાસીઓને પાયાની માળખાગત સવલતો પૂરી પાડીને ઝૂંપડપટ્ટીનો સર્વાંગી વિકાસ સિદ્ધ કરવાનો છે.

## સહભાગી આયોજનનો અનુભવ

રાજસ્થાનમાં નાગરિકોની સક્રિય ભાગીદારી સાથે સહભાગી આયોજન કરવા 'ઉન્નતિ' દ્વારા જોધપુર શહેરના બે ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં 'સંકલિત ઝૂંપડપટ્ટી વિકાસ આયોજન' હાથ ધરવામાં આવ્યું. તે જયપુરના બિન-સરકારી સંગઠન 'લીડ કલેક્ટિવ'ના સહયોગ સાથે હાથ ધરાયું. અગાઉના અનુભવો એમ દર્શાવે છે કે જેઓ ન નોંધાયેલી ગેરકાનૂની ઝૂંપડપટ્ટીઓમાં રહે છે તેઓ ભારે વંચિતતાનો અનુભવ કરે છે. તેમને પાયાની સેવાઓ ઉપલબ્ધ થતી નથી, કાનૂની સલામતીના અભાવે તેઓ સતત તેમને જગ્યા ખાલી કરાવાશે એવા ભય વચ્ચે જીવે છે અને જીવનનિર્વાહમાં પણ વિસ્થાપન થાય તેવો ખતરો તેમના પર સતત ઝળુંબે છે.

એને આધારે અમે આઠ વસાહતોમાં અસહાયતાનું વિશ્લેષણ હાથ ધર્યું. તેમાં ઘરની સ્થિતિ, ઘર સુધી પહોંચવાની સ્થિતિ, પાયાની સેવાઓની પ્રાપ્તિ અને જમીનની માલિકીની સ્થિતિ વિશે તપાસ થઈ. આ સર્વેને આધારે બે વસાહતો પસંદ કરવામાં આવીઃ ૧૦૦ પરિવારો સાથે કલાકાર કોલોની અને ૬૫ પરિવારો સાથે વિજય કોલોની. કલાકાર કોલોનીમાં જમીનની માલિકીની સ્થિતિ જુદી જુદી છે અને વિજય કોલોનીમાં ઘરો અપૂરતાં છે. મોટા ભાગના નિવાસીઓ અકુશળ રોજમદાર તરીકે કામ કરે છે. સમુદાય સાથે અનેક બેઠકો યોજવામાં આવી. તેમાં જે પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી તે આ મુજબ છેઃ ગંદકી, ગટર વ્યવસ્થા, નાની ગલીઓ, જમીનની માલિકીનો અભાવ, મર્યાદિત પાણી પુરવઠો, રસ્તા પર લાઈટોનો અભાવ, નીચી ગુણવત્તાવાળી શાખાઓ, જાહેર વિતરણ વ્યવસ્થામાં ખરાબી અને ઘન કચરાનો નિકાલ.

ડિઝાઇનલક્ષી જે મુદ્દાઓને આવરી લેવાયા નહોતા અને કાર્યક્રમના અમલને જેનાથી વિપરીત અસર થઈ હતી તે મુદ્દા આ મુજબ છેઃ

૧. જમીનની માલિકી જુદી જુદી હતી તેમ જ નિયમકારી સત્તામંડળ કે કાનૂનના અભાવને પરિણામે નિવાસીઓનો દરજ્જો.

૨. ગરીબો પાસે દસ્તાવેજી પુરાવાનો અભાવ, માફિયાઓનું વર્ચસ્વ, જમીનોની તબદીલી અને ફરજિયાતપણે ઘર ખાલી કરવાં પડે.

આ તમામ બાબતો વસાહતોના વિકાસ માટેના આયોજનને અસર કરે છે. લોકો પાસે કાનૂની આશરો પણ નથી અને પોલિસની સલામતી પણ નથી તેથી તેમને ગમે ત્યારે તેમનાં ઝૂંપડાં ખાલી કરવાં પડે છે. વિકાસ માટે તબક્કાવાર જે ડિઝાઈન વિચારવામાં આવી તેમાં આ મુદ્દાઓનો સમાવેશ કરાયોઃ પાયાની માળખાગત સવલતોની જોગવાઈ, ઘર અને જગ્યાની ડિઝાઈન કે જેમાં તેમની પુનર્ગોઠવણી થાય અને સમુદાય સ્તરે સંકલિત વિકાસ કાર્યક્રમ.

અમારા અનુભવને આધારે અમને એમ જણાયું કે ડિઝાઈન તૈયાર કરવાથી કંઈ ખરા ઉકેલો મળતા નથી પરંતુ વહીવટી કાર્યવાહીમાં જે વિલંબ થાય છે તે અને તેની ગૂંચવડાભારી રીતે શહેરી ગરીબો માટે મોટા ભાગની મુસીબતો ઊભી કરે છે. હાલ, આ પ્રક્રિયા નીચેના મુદ્દામાં ફસાયેલી છેઃ

૧. જમીનની સ્થિતિ અંગે નિશ્ચિત માહિતીનો અભાવ.

૨. ઝૂંપડાંવાસીઓ માટે કાનૂની સલામતીનો અભાવ.

૩. જાહેરનામા પરનો અદાલતી પ્રતિબંધ ઉઠાવી લેવાયો છે પણ સ્થાનિક સત્તાવાળાઓની તે બહાર પાડવાની ઈચ્છા નથી.

જો સુધારાત્મક પગલું લેવાય અને ઝૂંપડાંવાસીઓના અધિકારો માન્ય રખાય તો વસવાલાયક ઘર અને કામનો અધિકાર પ્રસ્થાપિત થવાં જોઈએ. તે માટે શહેરી વિસ્તારોમાં વિકાસલક્ષી દરમ્યાનગીરીઓ શહેરી આયોજન અને ડિઝાઈન ઉપરાંતની હોવી જોઈએ. તેમાં શહેરી ગરીબોના રાજકીય અધિકારોનો સમાવેશ થવો જોઈએ અને વાટાઘાટો તથા વિચાર-વિમર્શ માટેનો લોકતાંત્રિક અવકાશ ઊભો થવો જોઈએ. ગરીબોની ચુપ્પી એ રીતે તોડવી જોઈએ. તેથી નીતિવિષયક સ્તરે સર્વગ્રાહી સામેલગીરી ઊભી થવી જોઈએ, અને તે રીતે વાટાઘાટો થવી જોઈએ, કાર્યક્રમો ઘડાવા જોઈએ અને તે માટે જરૂરી વહીવટી જોગવાઈઓ થવી જોઈએ.

### રાજ્યને કાર્યક્રમ હેઠળ કેટલાં નાણાં મળે?

દેશની કુલ ઝૂંપડાંવાસીઓની વસ્તીના પ્રમાણમાં રાજ્યની ઝૂંપડાંવાસીઓની વસ્તીનું પ્રમાણ કેટલું છે તેના સંદર્ભમાં રાજ્યો વચ્ચે નાણાંની ફાળવણી થાય છે. રાજ્યો એ નાણાં આ જ ફોર્મ્યુલાને આધારે નગરો અને શહેરો વચ્ચે વહેંચી શકે છે. જો કે, એ જ નગરો અને શહેરોને નાણાં ફાળવાશે કે જ્યાં ચૂંટણી થઈ હશે અને ચૂંટાયેલી સરકાર સત્તા પર હશે. રાજ્ય સરકારે નગરો અને શહેરોની પસંદગી તેમની જરૂરિયાતોને આધારે કરવાની રહેશે. એ પ્રાથમિકતાને ધોરણે પસંદગી કરતી વખતે પ્રવર્તમાન માળખાગત સવલતો, આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગોની વસ્તી, ઝૂંપડાંવાસીઓની વસ્તી અને પછાત વિસ્તારોને ધ્યાનમાં લેવાં જોઈએ.

### કાર્યક્રમ હેઠળ કઈ સવલતો પૂરી પાડી શકાય?

આ યોજના હેઠળ ઝૂંપડપટ્ટીની સુધારણા, તેનું આધુનિકીકરણ અને

તેમને અન્યત્ર ખસેડવા માટેની પરિયોજનાઓનો સમાવેશ થાય છે. તેમાં ઘરો અને પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા જેવી માળખાગત સવલતોના આધુનિકીકરણ અને બાંધકામનો સમાવેશ થાય છે. આવી પરિયોજનાઓ માટેનું જમીનનું ખર્ચ આપવામાં આવશે નહિ. અને તે ખર્ચ રાજ્ય સરકારે ઉઠાવવાનું રહેશે. જો ઝૂંપડપટ્ટી ખાનગી જમીન પર હોય તો રાજ્ય સરકાર તે જમીનના આધુનિકીકરણ માટે જમીનનું સંપાદન કરવાની કામગીરી માટે જવાબદાર રહેશે.
કાર્યક્રમ હેઠળ નીચેની સવલતો પૂરી પાડી શકાયઃ

(૧) ઘરોનું આધુનિકીકરણ અને નવાં ઘરોનું બાંધકામ.
(૨) સામુદાયિક જાજરૂ.
(૩) પાણી પુરવઠો, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, સામુદાયિક સ્નાનઘર, વર્તમાન રસ્તા પાકા કરવા અને પહોળા કરવા, ગટર, રસ્તા પરની લાઈટો વગેરે.
(૪) પૂર્વ-પ્રાથમિક શિક્ષણ, અવૈધિક શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ, મનોરંજનની પ્રવૃત્તિ વગેરે માટે સમુદાય કેન્દ્રો.
(૫) સામુદાયિક કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં મકાનો.
(૬) પૂર્વ-શાળેય શિક્ષણ, અવૈધિક શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ, માતૃત્વ, બાળ આરોગ્ય અને રસીકરણ સહિત પ્રાથમિક આરોગ્ય સંભાળ વગેરે.
(૭) આર્થિક રીતે નબળા વર્ગો અને નિમ્ન આવક જૂથો માટે તેમને પોસાય તેવા ભાવે ઘરો અને સેવાઓ માટેની જગ્યાઓ.
(૮) ઝૂંપડપટ્ટી સુધારણા અને પુનર્વસન પરિયોજનાઓ.

**કાર્યક્રમ માટે ચુકવણી કોણ કરશે?**

કેન્દ્ર સરકાર ૮૦ ટકા નાણાં આપશે અને બાકીનાં ૨૦ ટકા નાણાં રાજ્ય સરકાર, પાલિકા કે અર્ધ-સરકારી સંસ્થા આપશે. રાજ્યો કે અમલકર્તા સંસ્થાઓ તેમનાં પોતાનાં સંસાધનોમાંથી આ ફાળો આપી શકે અથવા નાણાં સંસ્થાઓ પાસેથી લોન લઈ શકે અથવા લાભાર્થીઓ પાસેથી ઉઘરાવી શકે. પરિયોજનાના ખર્ચ માટે સાંસદ ભંડોળ કે ધારાસભ્ય ભંડોળનો ઉપયોગ કરી શકાય અને તેટલા પ્રમાણમાં રાજ્યે આપવાનો થતો ફાળો ઘટે. બાહ્ય રીતે સહાયિત પરિયોજના (ઈએપી)ના કિસ્સામાં જો જરૂરી ભંડોળ પ્રાપ્ય હોય તો તે વધારાની કેન્દ્રીય સહાય તરીકે ઉપલબ્ધ કરાશે અને તે રાજ્ય સરકાર, પાલિકા કે નાણાં સંસ્થાએ આપેલો ફાળો ગણાશે.

**જમીનની માલિકી કોની રહેશે?**

જમીનની માલિકી પત્નીની કે પતિ અને પત્નીના બંનેના સંયુક્ત નામની રહેશે. અપવાદરૂપ કિસ્સામાં જ તે પુરુષ લાભાર્થીના નામે રાખવાની પરવાનગી અપાશે.

**રહેણાક એકમ સંબંધી નિયમો શું?**

રહેણાક એકમના ખર્ચની ઉપલી મર્યાદા એકમ દીઠ રૂ. ૮૦,૦૦૦ રહેશે. આ ઉપલી મર્યાદાની સમીક્ષા એક વર્ષ પછી કરવામાં આવશે. રહેણાક એકમ ૨૫ ચો.મી.થી નાનું નહિ હોય. તે બે ખંડ, રસોડું અને જાજરૂ સહિતનું હશે.

**લાભાર્થીની પસંદગી**

લાભાર્થીની પસંદગી રાજ્યનો શહેરી વિકાસ વિભાગ, જિલ્લા શહેરી વિકાસ સત્તામંડળ, શહેરી સ્થાનિક સંસ્થા કે સરકારની અન્ય કોઈ નોડલ એજન્સી કરશે.

**લાભાર્થીનો ફાળો**

રાજ્ય સરકાર દ્વારા લાભાર્થીને મફત ઘર પૂરું પાડવામાં આવશે નહિ. લાભાર્થીએ ઓછામાં ઓછો ૧૨ ટકાનો ફાળો આપવાનો રહેશે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાત વર્ગ, અન્ય પછાત વર્ગ, વિકલાંગો અને અન્ય નબળા વર્ગોએ ૧૦ ટકા ફાળો આપવાનો રહેશે.

**બંધાયેલી અસ્કામતો માટે જવાબદાર કોણ?**

તમામ સામુદાયિક કે જાહેર અસ્કામતો માટેની પ્રાથમિક જવાબદારી રાજ્ય સરકારની રહેશે. રાજ્ય સરકારોએ આ કાર્યક્રમ હેઠળ બંધાયેલી જાહેર અસ્કામતોના નિભાવ અને જાળવણી માટે અલગ જોગવાઈ કરવી જોઈએ.

**અમલકર્તા સંસ્થા પાસે નાણાં કેવી રીતે આવશે?**

કેન્દ્રની સહાય રાજ્ય સરકારે નક્કી કરેલી નોડલ એજન્સીને સીધી જ પૂરી પાડવામાં આવશે. તે વધારાની કેન્દ્રીય સહાય ગણાશે. રાજ્યનો હિસ્સો પ્રાપ્ય છે કે નહિ તેને આધારે કેન્દ્રનો હિસ્સો છૂટો કરાશે. વળી, નાણાકીય વર્ષ પૂરું થાય તેના ૧૨ માસના ગાળામાં સહાય વપરાઈ હોવાનું પ્રમાણપત્ર અપાય તે જરૂરી છે. તે પ્રમાણપત્ર સામાન્ય નાણાકીય નિયમો અનુસારનું હોવું જોઈએ. નાણાં છૂટાં કરવા માટેનો માપદંડ નીચે મુજબ છેઃ રાજ્યનો હિસ્સો એક અલગ ખાતામાં જમા કરાવવાનો રહે છે. તો જ કેન્દ્રની ગ્રાન્ટની ૫૦ ટકા રકમ રાજ્યની નોડલ એજન્સીને મળે. રાજ્યનો હિસ્સો જમા થયો છે કે નહિ તેની ખાતરી કરાશે. તે માટે ત્રિપક્ષી સમજૂતીપત્ર પર સહીસિક્કા થયા હશે. કામની પ્રગતિને આધારે બીજો હપતો છૂટો કરવામાં આવશે.

**વામ્બે યોજના હેઠળના વર્તમાન બાંધકામનું શું?**

૨૦૦૧-૦૨થી ૫ વર્ષના ગાળા દરમ્યાન વામ્બે યોજના હેઠળ જે

કામો ચાલુ હોય તે પરિયોજનાઓ ચાલુ રહેશે અને વામ્બે યોજનાની માર્ગરેખાઓ અનુસાર તે માટે નાણાં અપાશે અને કામો પૂરાં કરાશે.

## રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશનનાં તત્ત્વો

જવાહરલાલ નેહરુ રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશનના સંદર્ભમાં આપણે અહીં સામુદાયિક સહભાગિતાની ભૂમિકા ટૂંકમાં તપાસીએ છીએ. અહીં જે અનુભવનું વર્ણન કરવામાં આવ્યું છે તે જોધપુરની બે ઝૂંપડપટ્ટીઓમાં 'ઉન્નતિ' દ્વારા કરવામાં આવેલા સંકલિત વિકાસ અંગેના અનુભવો પર આધારિત છે.

આ મિશનમાં શહેરની વિકાસ યોજના (સીડીપી), વિગતવાર પરિયોજના અહેવાલ (ડીપીઆર) અને પરિયોજનાનું સમયપત્રક તૈયાર કરવાની જરૂર રહે છે.

### (૧) શહેરની વિકાસ યોજનાઃ

વધુ ને વધુ પ્રમાણમાં એમ જણાય છે કે કોઈ એક શહેરમાં અનેક લોકોનો અવાજ છે, ચિંતાઓ છે અને અનેક લોકોનાં હિતો છે. ઘણી વાર છેવાડે રહી ગયેલા લોકોનાં હિતો કદી પણ બહાર આવતાં નથી અને તેમનું સંકલન શહેરના વિકાસની દરખાસ્તો અને પરિયોજનાઓમાં થતું નથી. શહેરોમાં ભારે અસમાનતાઓ છે. તેને પરિણામે જ્ઞાતિ અને વર્ગનાં અનેક માળખાં છે. આથી અસમાનતાની બહુલતા મોટા ભાગના ભારતીય શહેરી સમુદાયોમાં દેખાય છે.

મિશન હેઠળ ખાનગી કન્સલ્ટન્ટ્સ અને આયોજનની સંસ્થાઓ શહેરની વિકાસ યોજના (સીડીપી) તૈયાર કરે છે. તેને પરિણામે આ યોજનામાં શહેરી ગરીબોનાં હિતો અને તેમની નિસ્બતનો પડઘો પડતો નથી. એ નોંધવું પણ જરૂરી છે કે શહેરી ગરીબોમાં કંઈ સમાનતા નથી. તેઓ જુદાં જુદાં હિતો ધરાવે છે અને ઘણી વાર તો એકબીજાથી વિરોધી હિતો ધરાવે છે.

### (૨) વિગતવાર પરિયોજના અહેવાલોઃ

એમ વ્યાપકપણે સ્વીકારવામાં આવ્યું છે કે કોઈ પણ પરિયોજનાના સફળ અમલ માટે સ્થાનિક જ્ઞાન અનિવાર્ય છે. એ કારણે જ સમુદાયની સહભાગિતા કોઈ પણ વિકાસની સંસ્થા માટે કાર્યક્રમના અમલમાં કે સેવા પૂરી પાડવામાં અસરકારક બનવા માટેની તક પૂરી પાડે છે. તે સ્થાનિક અને અનૌપચારિક જ્ઞાનનો ઉપયોગ કરવાનો લાભ પૂરો પાડે છે. સમુદાયમાં તે માલિકીની ભાવના ઊભી કરે છે અને સાથોસાથ સહિયારાપણાની ભાવના પણ ઊભી કરે છે. તેનાથી કાર્યગત કાર્યક્ષમતા ઊભી થાય છે અને નિભાવના કાર્યમાં પણ કાર્યક્ષમતા આવે છે. સમુદાયની સહભાગિતા હોય તો નાગરિકોનો અલગાવ દૂર થાય છે, સામૂહિક માલિકીની ભાવના વિકસે છે અને કામગીરી અસરકારક બને છે. અસ્કામતો અને સેવાઓ જેવી જાહેર વસ્તુઓના નિભાવમાં આવો સહિયારી ભાવના ઘણી મદદરૂપ થાય છે.

### (૩) પરિયોજનાનું સમયપત્રકઃ

સહકારનો અભાવ અને સ્થાનિક પ્રભાવ ઘણી વાર પરિયોજનાને વિલંબમાં નાખે છે. વળી, જે મતભેદો પ્રવર્તે છે તે અને સ્થળ પરની વાસ્તવિકતા વચ્ચેના તફાવતોને લીધે પણ વિલંબ ઊભો થાય છે. તેથી પરિયોજનાનું સમયપત્રક નક્કી કરવામાં સમુદાયને સામેલ કરવાનું આર્થિક રીતે ઉપયોગી છે. આને પરિણામે માત્ર સામાજિક અસરના સંદર્ભમાં નહિ, પણ નાણાકીય સક્ષમતાના સંદર્ભમાં અને પરિયોજનાના સંચાલનની દૃષ્ટિએ પણ મિશન હેઠળ હાથ ધરાતા દરેક કામના દરેક તબક્કે સમુદાયની સહભાગિતા સુનિશ્ચિત કરાય એ જરૂરી છે.

## ઝૂંપડપટ્ટીમાં સેવાઓ પૂરી પાડવી

ઝૂંપડપટ્ટીનો નકશો તૈયાર કરવો, પાયાની સેવાઓની પ્રાપ્તિ અંગેનો નકશો તૈયાર કરવો, વસાહતમાં પ્રવર્તમાન અનૌપચારિક અર્થતંત્ર, તપાસવું, રોજિંદા જીવનના અનુભવો અને પ્રવૃત્તિઓ જોવાં વગેરે મહત્ત્વનું છે અને તેમનું દસ્તાવેજીકરણ અગત્યનું છે. તેમનું વિશ્લેષણ થાય અને કોઈ પણ શહેરી આવાસની ડિઝાઈનમાં તેમનો સમાવેશ થાય એ મહત્ત્વનું છે.

દરેક તબક્કે સમુદાયની સહભાગિતા હોય એ જોવાવું જ જોઈએ. આવી સહભાગિતાનો અર્થ માત્ર માહિતી ભેગી કરવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તમામ વિશ્લેષણ અને ડિઝાઈન વિશેની માહિતી સમુદાયને આપવી જોઈએ કે જેથી તે નિર્ણય કરવા માટે સક્ષમ બને. આ અંગેની સૂચિત પ્રક્રિયાની રૂપરેખા નીચે મુજબ છેઃ

### (૧) વિસ્તારની નજીકની વસાહતો સહિત ઝૂંપડપટ્ટીનું ઝડપી આકલનઃ

તેનાથી વસાહત વિશે વ્યાપક સમજ ઊભી થાય છે, નજીકની વસાહતોમાં રહેતો લોકો સાથેના તેના સંબંધો અને માલિકી અંગેની સ્થિતિ વિશે પણ જાણકારી પ્રાપ્ત થાય છે. સમગ્ર વસાહતમાં પદયાત્રા કરીને આ કામ કરી શકાય. સમુદાયના સભ્યોની સાથે આ પદયાત્રા યોજાવી જોઈએ. પછી સ્વયંસેવકોની એક ટુકડીની રચના કરવી જોઈએ. બધાં ઘરોનો નકશો બનાવવાનું કામ કરવું જોઈએ.

### (૨) વસાહતમાંની પાયાની સવલતોનો નકશો બનાવવોઃ

પદયાત્રાના આધારે સમુદાયના સભ્યોને વસાહતનો પાયાનો કાચો નકશો બનાવવા માટે પ્રોત્સાહન આપી શકાય. સમુદાયની પ્રથમ

બેઠકમાં જ આ કામના હેતુઓ અને તેની વિગતો અંગે સ્પષ્ટતા કરવી. આ પાયાના નકશાને આધારે સહભાગીઓને તેમાં જુદી જુદી સેવાઓનું સ્થાન દોરવા માટે જણાવવું. જેમ કે, પીવાનું પાણી, ખુલ્લામાં મળત્યાગની જગ્યાઓ, ગટર વ્યવસ્થા, પાણીનો ભરાવો થતો હોય તેવાં સ્થાનો, રસ્તા પરની લાઈટો, કચરાના નિકાલની જગ્યા, સસ્તા અનાજની દુકાન, કરિયાણાની દુકાનો, ધાર્મિક સ્થળો, શિક્ષણ અને આરોગ્યની સવલતો, પરિવહનનાં સાધનો, રસ્તા વગેરે. પછી બીજી એક પદયાત્રા હાથ ધરીને નકશામાં બધું બરાબર દોરાયું છે કે નહિ તેની ખાતરી કરવી. આ વખતે દરેક વસાહત વિશે વિગતવાર નોંધ તૈયાર કરવી. જે તે વિસ્તારના રહીશોની કે પદયાત્રામાં સાથે હોય તેમની મુલાકાતોને આધારે આ નોંધો તૈયાર કરવી જોઈએ.

### (૩) વિચારવિમર્શઃ

પછી જે વિમર્શ બેઠક મળે તેમાં તૈયાર થયેલા નકશાઓ સમુદાયને બતાવવા. દરેક એકમનો નકશો બનાવવો એ મહત્ત્વની બાબત છે. તેનાથી જમીન માટે એક કરતાં વધારેનો દાવો હોય તો ખબર પડે છે, વસાહતોમાં જે વિવાદો અને સંઘર્ષો હોય છે. તેમની માહિતી પ્રાપ્ત થાય છે, અને ખાનગી બીલ્ડરો દ્વારા થયેલાં દબાણોની માહિતી પણ મળે છ. સમુદાયમાં સંગઠન બને અને સમુદાય કામ કરવા માટે મક્કમ નિર્ધાર કરે તે દિશામાં આ સૌ પ્રથમ મહત્ત્વનું પગલું છે. જો કે, સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા જે કોઈ સર્વે કરાયા હોય તે તમામનો ઉપયોગ સંદર્ભ તરીકે કરી શકાય. તેનાથી સંઘર્ષનો ઉકેલ આવે અને સત્તાવાર જાહેરનામું બહાર પડે. જે સભ્યોના સર્વે નંબર નથી અથવા જેમની નોંધણી કરવામાં આવી નથી તેમને માટે દસ્તાવેજોને આધારે અદાલતમાં અરજી કરી શકાય. તેમાં નિવાસની સ્થિતિની સાબિતીઓ આપવી પડે. પોસ્ટ કાર્ડ, તારીખો સાથેના પત્રો, રેશન કાર્ડ, વીજળી અને પાણીનાં બિલ વગેરે પુરાવા તરીકે રજૂ કરી શકાય.

### (૪) વિગતવાર સર્વેઃ

ઘરોનો વિગતવાર સર્વે હાથ ધરાવો જોઈએ. તેમાં ઘરનો કબજો, બાંધકામની સ્થિતિ વગેરેની માહિતી હોય. ઉપરાંત, જ્ઞાતિ જેવી સામાજિક વિગત, નિવાસીઓની સંખ્યા, સ્ત્રી-પુરુષ, ઉંમર, શિક્ષણ વગેરેની માહિતી પણ જોઈએ. વળી, રહેણાક મકાનનો બાંધકામનો વિસ્તાર, તેનો ખુલ્લો વિસ્તાર, તારીખ સાથે સર્વે નંબર, માલિકી વગેરેની વિગતો પણ હોય. પીવાનું પાણી અને તેનો સંગ્રહ, કચરાનો નિકાલ, મળત્યાગની વ્યવસ્થા, રસ્તા, પરિવહન વગેરે જેવી માળખાગત સવલતોની વિગતો પણ ઉમેરવી જોઈએ. આરોગ્ય સંભાળની સવલતો, શિક્ષણ, જાહેર આરોગ્ય કાર્યક્રમો, જાહેર વિતરણ વ્યવસ્થા જેવી સામાજિક અને સામુદાયિક માળખાગત સવલતોની પ્રાપ્યતા અને પહોંચની વિગતોનો પણ તેમાં સમાવેશ થાય. કુટુંબની આવક અને ખર્ચની વિગતો અને અસ્કામતો અંગેનું ચિત્ર પણ તૈયાર કરવું જોઈએ. દરેક ઘર માટે વિગતવાર ચિત્ર તૈયાર કરવાનું ઈચ્છનીય છે પણ જ્યાં વસાહતો મોટી હોય ત્યાં વૈજ્ઞાનિક રીતે નમૂના પસંદ કરીને સર્વે કરાવો જોઈએ.

### (૫) સ્ટેશન સર્વેઃ

સ્ટેશન સર્વે પણ હાથ ધરવો જોઈએ. તેમાં ભૂસ્તરીય વિગતો, નજીકની વસાહતથી અંતર, જમીનના પ્લોટ વચ્ચેનું અંતર, મકાનોની તરાહ, રસ્તા પરની લાઈટો, વૃક્ષો અને કુદરતી કે માનવસર્જિત બાંધકામોની વિગતો હોય. પછીથી આ વિશ્લેષણનાં પરિણામોની વિગતો વસાહતના લોકો સાથે વહેંચાવી જોઈએ. તેમાં જે તે જમીનના પ્લોટની વિગતો, માલિકી, લોકોની આર્થિક સ્થિતિ, જીવનશૈલી, તેમની નિસ્બતની મુખ્ય બાબતો, જરૂરિયાતો, ડિઝાઈન વગેરે તમામ બાબતોનો સમાવેશ થાય કે જેની જાણકારી લોકોને અપાય. નાણાં વ્યવસ્થાને અંગે જે ઘટકો વિચારવામાં આવે તે સમુદાયની સહભાગિતા સાથે વિચારવામાં આવે. સમુદાયને તેની પ્રાથમિકતાઓ નક્કી કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવે. જે સંસાધનો નક્કી થાય તેમની યાદી બનાવવી જોઈએ અને વિગતવાર પરિયોજના અહેવાલ (ડીપીઆર)માં તે સુપરત કરવી જોઈએ. તમામ હિતધારકો સાથે કાર્યક્રમની જોગવાઈઓ અનુસાર વિચાર-વિમર્શ કરવો જોઈએ અને તેમનાં મંતવ્યો જાણવાં જોઈએ.

વિશ્લેષણના દરેક તબક્કે સમુદાયને સામેલ કરવો જોઈએ. માલિકીની ભાવના, ફાળો અને ટકાઉપણા માટે આ બાબત ખૂબ જ મહત્ત્વની છે. રહીશોએ ૧૨.૫ ટકા ફાળો આપવાનો છે તેથી આરંભથી જ તેમની સામેલગીરી હોય એ અનિવાર્ય છે, કે જેથી તેમનામાં પરિયોજના અંગે માલિકીની ભાવના પેદા થાય. વધુમાં, સંકલિત વિશ્લેષણ કરવું જોઈએ કે જેથી આયોજનની સંકલિત પ્રક્રિયા આગળ ધપે. આયોજનમાં તાલીમની જોગવાઈ, વસાહતમાં કામનાં સ્થળો, આરોગ્ય સંભાળ અને શિક્ષણની સવલતોની જોગવાઈ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. અને જો સમુદાય જે કંઈ શક્ય હોય તે પિછાણે, તેનું આયોજન કરે અને તેની જોગવાઈ કરે તો આ અભિગમ કામે લાગે છે.

ઉપરાંત, એક વાર કોઈ મંડળ કે સમુદાય-આધારિત સંગઠન રચવામાં આવે પછી વિકાસનાં કાર્યોમાં દરેક દરમ્યાનગીરી સમયે તેમનો ઉપયોગ કરી શકાય. નાના પાયે ધિરાણ આપવા માટે, જીવનનિર્વાહ આપે તેવા વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધરવા માટે, પ્રતિરોધાત્મક જાહેર આરોગ્ય સંભાળ માટે વગેરેના સંદર્ભમાં આ દરમ્યાનગીરી હાથ ધરી શકાય.

વધુ વિગત માટે સંપર્ક સાધોઃ ઈમેલઃ ugovernance@unnati.org

# ભારતમાં ઘન કચરા સંચાલનઃ નીતિ અને વ્યવહાર

'ઉન્નતિ'નાં પ્રોગ્રામ કોઓર્ડિનેટર **સુશ્રી એલિસ મોરિસ** દ્વારા લખાયેલા આ લેખમાં ભારતમાં ઘન કચરા સંચાલન અંગે શી નીતિ અને પ્રણાલી રહી છે તેની વિગતો આપીને ઘન કચરા સંચાલન માટે સ્થાનિક શહેરી સંસ્થાએ જે પગલાં ભરવાનાં રહે છે તેની સમજૂતી તેના માપદંડો સહિત આપવામાં આવી છે. વધુમાં, તે નાગરિકો, સરકાર અને બિન-સરકારી સંગઠનોની ભૂમિકા પણ સમજાવે છે.

### પ્રસ્તાવના

ઝડપી શહેરીકરણને પરિણામે ઘન કચરાના સર્જનમાં અપ્રતિમ વધારો થયો છે. ગામડાંઓથી શહેરોમાં લોકો જીવનનિર્વાહની તકો અને વધુ સારા જીવનધોરણની શોધમાં આવે છે. તેને લીધે શહેરી વિસ્તારોમાં પાયાની સેવાઓ માટે દબાણ ઊભું થયું છે. જીવનશૈલીમાં પરિવર્તન થવાથી પણ ઘન કચરામાં વધારો થયો છે. શહેરી સ્થાનિક સંસ્થાઓ ઘન કચરાના સંચાલનની અને આરોગ્યપ્રદ પરિસ્થિતિ જાળવવાની વધતી માંગને પહોંચી વળતી નથી.

ઘન કચરા સંચાલન એ કચરાના નિયંત્રણ, સર્જન, એકત્રીકરણ, સંગ્રહ, તબદીલી અને પરિવહન, પ્રક્રિયા અને જાહેર આરોગ્ય, અર્થશાસ્ત્ર, ઈજનેરી, જતન, સૌંદર્ય અને પર્યાવરણની અન્ય બાબતોના શ્રેષ્ઠ સિદ્ધાંતો અનુસારના નિકાલ સાથે સંબંધિત બાબત છે. ઘન કચરા સંચાલનનો હેતુ જમીન ઉપર નિકાલ કરાતા ઘન કચરાના જથ્થાને ઘટાડવાનો છે અને તે માટે તેમાંથી સામગ્રીઓ એકઠી કરાય અને ઊર્જા પેદા કરાય. ઘન કચરા સંચાલનનો મુખ્ય સિદ્ધાંત સંકલિત અભિગમ લાગુ પાડવા અંગેનો છે. સંકલિત ઘન કચરા સંચાલન એટલે સાનુકૂળ ટેક્નોલોજીનો ઉપયોગ કરવો અને સંચાલનના એવા કાર્યક્રમો ઘડવા કે જેથી તમામ પ્રકારનો કચરો તેનાં મૂળ સ્રોતોએ જ લેવાય. તેનાથી બે હેતુઓ સરેઃ (૧) કચરામાં ઘટાડો થાય, (૨) કચરો ઘટાડ્યા બાદ કચરાનું અસરકારક સંચાલન થાય.

### સર્વોચ્ચ અદાલતના નિયમો

સર્વોચ્ચ અદાલતે વર્તમાન પરિસ્થિતિનો તાગ મેળવ્યો અને ભલામણો કરવા માટે એક નિષ્ણાત સમિતિની રચના કરી. આ સમિતિનાં તારણોને આધારે ઘન કચરા (સંચાલન અને વ્યવસ્થા) નિયમો-૨૦૦૦ શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે જારી કરાયા. દરેક શહેરી સ્થાનિક સંસ્થાએ માર્ગરેખાઓ અનુસાર ઘન કચરાનું સંચાલન કરવાનું છે અને તે તેને માટે ફરજિયાત છે.

ઘન કચરા સંચાલનની સ્થિતિ શહેરમાં સુધારવા માટે નિષ્ણાત સમિતિએ અનેક ભલામણો કરી છે અને તેમાં નાગરિકો, બિન-સરકારી સંગઠનો, સ્થાનિક સંસ્થાઓ, રાજ્ય વગેરેની ભૂમિકાઓ અને જવાબદારીઓ નક્કી કર્યાં છે. આ ભલામણોને ધ્યાનમાં લઈને વન અને પર્યાવરણ મંત્રાલયે પર્યાવરણ સુરક્ષા ધારા-૧૯૮૬ અન્વયે મ્યુનિસિપલ ઘન કચરા (સંચાલન અને વ્યવસ્થા) નિયમો-૨૦૦૦ જારી કર્યા છે. આ કાયદામાં સ્થાનિક સંસ્થાએ ઘન કચરા સંચાલન માટે કયાં ૭ પગલાં લેવાં જોઈએ અને દરેક પગલાનું પાલન કેવી રીતે કરવું જોઈએ તેના માપદંડો દર્શાવ્યા છે. તે આ સાથેના કોઠામાં આપવામાં આવ્યા છે.

### નાગરિકોની ભૂમિકા

જાગૃતિ ઝુંબેશ દરમ્યાન નગરપાલિકા જે સૂચનાઓ આપે તેમનું પાલન કરીને નાગરિકો નગરપાલિકાને ટેકો આપી શકે છે. તેઓ સ્રોતના સ્થળે જ કચરાને અલગ પાડવાનું અને શેરીઓમાં રસ્તા પર કચરો ન ફેંકવાનું કામ કરી શકે છે. જો જરૂર હોય તો, નગરપાલિકા કહે તે પ્રમાણે નાગરિકો ચુકવણી પણ કરે કે જેથી કચરાનું એકત્રીકરણ કરનારાને વળતર મળે અને એ સેવા ચાલુ પણ રહી શકે.

### બિન-સરકારી સંગઠનોની ભૂમિકા

બિન-સરકારી સંગઠનો કે સમુદાય-આધારિત સંગઠનો સુલભકર્તાની ભૂમિકા ભજવી શકે અને નગરપાલિકાને તેની જાગૃતિ ઝુંબેશમાં ટેકો આપી શકે. તેઓ વર્તમાન સફાઈ કર્મચારીઓને અને કચરો વીણનારાઓને ઘેર ઘેર ફરીને કચરો એકત્ર કરવાનું કામ કરવા પ્રેરણા આપી શકે અને તેનું આયોજન કરી શકે. કામદારોને યોગ્ય સાધનો અને સામગ્રી મળે અને સફાઈની કામગીરી દરમ્યાન સુરક્ષાનાં યોગ્ય પગલાં લેવાય તે માટે તેઓ નગરપાલિકાને સમજાવી શકે.

### સરકારી ખાતાની ભૂમિકા

નિયમોની જોગવાઈઓના અમલની ભૂમિકા સરકારી ખાતાએ ભજવવાની છે. તેણે ભૂગર્ભ જળ, કચરો ઠાલવવાની જગ્યાએ હવામાં પ્રદૂષણ, કમ્પોસ્ટ ખાતરની ગુણવત્તા અને કચરાના ઈન્સિનરેશન માટેનાં ધોરણોનું પાલન થાય તે માટે દેખરેખ રાખવાની છે. જે તે

## મ્યુનિસિપલ ઘન કચરો એટલે શું?

ઘન કચરો એટલે બિન-જરૂરી સામગ્રી. મ્યુનિસિપલ ઘન કચરામાં ઘરો અને વ્યાપારી મકાનોના કચરાનો સમાવેશ થાય કે જે ઘન કે અર્ધ-ઘન સ્વરૂપમાં હોય અને પાલિકાના વિસ્તારમાં સર્જાયેલો હોય. તેમાં ઔદ્યોગિક જોખમી કચરાનો સમાવેશ થતો નથી, પરંતુ શુદ્ધિકરણ પામેલા જૈવ-તબીબી કચરાનો સમાવેશ થાય છે. આ કચરો મુખ્યત્વે બે પ્રકારનો છેઃ સજીવ/ભેજવાળો અને ખાતર બની શકે તેવો કચરો. તેની ઉપર કમ્પોસ્ટ પ્રક્રિયા થઈ શકે છે. બીજો કચરો છે સૂકો કચરો કે જે ફરી ઉપયોગ માટે પુનર્ચક્રીકૃત થાય છે અથવા તે અ-રાસાયણિક છે કે જેનો નિકાલ જમીનમાં નાખીને-દાટીને કરવામાં આવે છે.

રાજ્યના કે કેન્દ્રશાસિત પ્રદેશના શહેરી વિકાસ વિભાગના સચિવે શહેરોમાં આ નિયમોની જોગવાઈઓના અમલ ઉપર દેખરેખ રાખવાની છે. જિલ્લા સ્તરે આ જવાબદારી જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા નાયબ કમિશનરની રહેશે. રાજ્ય સ્તરનું બોર્ડ કે સમિતિ તેના પાલન ઉપર દેખરેખનું કામ સંભાળશે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ રાજ્યોનાં બોર્ડ્ઝ અને સમિતિઓ સાથે મળીને અમલ બરાબર થાય તે માટે સંકલન કરશે અને ધોરણો તથા માર્ગરેખાઓની સમીક્ષા કરશે.

## ગુજરાતમાં શહેરો અને નગરોમાં ઘન કચરા સંચાલનની વર્તમાન સ્થિતિ

ઘરના સ્તરે કે વ્યાપારી સ્થાનોએ કચરો અલગ પાડવાનું કામ થતું નથી. નગરપાલિકાએ અલગ અલગ કચરાપેટીઓ માટે કોઈ જોગવાઈ પણ કરી નથી. કચરો વીણનારાઓ કેટલાક વિસ્તારોમાંથી સૂકો કચરો એકત્ર કરે છે. ગાયો અને અન્ય ઢોરો માટે કચરો રસ્તા ઉપર પણ ફેંકવામાં આવે છે.

બહુ જ થોડા વિસ્તારોમાં ઘેરે ઘેરે ફરીને કચરો એકત્ર કરવામાં આવે છે. હોટેલો અને રેસ્ટોરાંમાંથી કચરો એકત્ર કરવાની કોઈ અલગ પદ્ધતિ અસ્તિત્વમાં નથી. નાનાં દવાખાનાંઓ તેમનો કચરો પાલિકાના ઘન કચરાની સાથે જ ભેળવી દે છે. કતલખાનાંમાંનો કચરો એકત્ર કરવા માટે પણ કોઈ વિશેષ જોગવાઈ કરવામાં આવી નથી. રસ્તા વાળવાનું સમયસર અને નિયમિત થતું નથી, કારણ કે રસ્તા નાના છે, સામુદાયિક ભેદભાવ છે અને તે રાજકીય મુદ્દો બનેલો હોય છે. અનેક નગરોમાં અનેક વિસ્તારોમાં સપ્તાહે એક વાર પણ રસ્તો સાફ થતો નથી.

સંગ્રહ માટેની કચરાપેટીઓ યોગ્ય સ્થાને મૂકવામાં આવી હોતી નથી.

## સંકલિત ઘન કચરા સંચાલનના વિકલ્પોની શ્રેણી

૧. કચરો લઘુતમ પેદા થાયઃ આ સૌથી મહત્ત્વની પ્રવૃત્તિ છે, કારણ કે સમુદાયને કચરાની વ્યવસ્થા, પુનર્ઉપયોગ માટેની પ્રક્રિયા અને નિકાલ માટે થનારા ઓછા ખર્ચનો લાભ મળશે. કચરો અલગ પાડવો, પુનઃપ્રક્રિયા કરવી (મકાનના પ્રાંગણમાં જ ખાતર બનાવવું) અને પુનર્ચક્રીકરણ કરવું વગેરેથી કચરો ઓછો ઉત્પન્ન થાય છે.

૨. પુનર્ચક્રીકરણ દ્વારા વસ્તુઓની અને સંસાધનોની પુનર્પ્રાપ્તિઃ સામગ્રીનું પુનર્ચક્રીકરણ કચરો પેદા થવાના સ્થળે જ કચરાને અલગ પાડીને કરી શકાય અથવા કોઈક કેન્દ્રિત સ્થળે પણ તે કરી શકાય. સ્રોતસ્થાને જ કચરો અલગ પાડવાનું આસાન અને સસ્તું છે, અન્ય સ્થળે તે તુલનાત્મક રીતે મોંઘું થાય છે.

૩. કચરા પર પ્રક્રિયા (ઊર્જા અને સામગ્રીની પુનર્પ્રાપ્તિ): જૈવિક કે તાપવિદ્યુતને આધારે કચરા પ્રક્રિયા થાય તો ખાતર કે ઊર્જા સ્વરૂપે ઉપયોગી પેદાશો પાછી મેળવી શકાય છે. જૈવિક પ્રક્રિયાથી ખાતર પેદા થાય છે અને તાપવિદ્યુતથી ગેસ પેદા થાય છે.

૪. કચરાનું રૂપાંતરણઃ કચરો અલગ પાડવાની તમામ પ્રક્રિયાઓ પછી જે કચરો રહે છે તેનો નિકાલ જમીનમાં કરવામાં આવે છે. આવો નિકાલ કરતાં અગાઉ યાંત્રિક, તાપવિદ્યુત કે અન્ય કોઈ પદ્ધતિ દ્વારા કચરાનું રૂપાંતરણ કરવામાં આવે છે અને તેને જમીનમાં કે જમીન પર નાખવા યોગ્ય બનાવવામાં આવે છે.

૫. જમીન પર કચરાનો નિકાલઃ કચરાનો નિકાલ જે જમીન પર કરવામાં આવે છે તેને ‘લેન્ડ ફિલ’ તરીકે ઓળખવામાં આવે છે. કચરાથી થતા પ્રદૂષણની પર્યાવરણ ઉપર ઓછામાં ઓછી અસર થાય તે પ્રકારની ‘લેન્ડ ફિલ’ ડિઝાઈન બનાવાય છે. તેને ‘સેનેટરી લેન્ડ ફિલ’ તરીકે પણ ઓળખવામાં આવે છે. જે જમીન પર જોખમી કચરો ઠાલવાતો હોય તેને તે રીતે ઓળખવામાં આવે છે. જેમાં એક જ પ્રકારનો કચરો ઠાલવવામાં આવતો હોય તેને ‘મોનોફિલ’ કહેવામાં આવે છે.

| પગલું | માપદંડ | નગરપાલિકા દ્વારા પાલન માનક |
|---|---|---|
| ૧. | મ્યુનિસિપલ ઘન કચરાનું એકત્રીકરણ | • શહેરો, નગરો અને રાજ્ય સરકારે જાહેર કરેલા શહેરી વિસ્તારોમાં કચરો ગમે ત્યાં ફેંકવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવશે. પાલિકાના સત્તાવાળા તેના અમલ માટે દરેક ઘેરથી કચરો એકત્ર કરવાનું આયોજન કરશે અને નિશ્ચિત સમયે નિયમિતપણે તે એકત્ર કરાશે. તેમાં ઝૂંપડપટ્ટીઓ, હોટલો, રેસ્ટોરાં, ઓફિસ સંકુલો અને વેપારી વિસ્તારોનો પણ સમાવેશ કરવામાં આવશે.<br>• કતલખાનાં, માંસ બજાર, મચ્છી બજાર, ફળ અને શાકભાજી બજાર વગેરેનો કચરો પંચમહાભૂતમાં ભળી જનારો હોય છે અને એવા કચરાનો ઉપયોગ થાય તે પ્રમાણે તેનું સંચાલન થવું જોઈએ. |
| ૨. | મ્યુનિસિપલ ઘન કચરાને અલગ પાડવો | નાગરિકોને તેમનો ઘરનો કચરો ઘરે જ અલગ પાડવા માટે પાલિકાના સત્તાવાળાઓ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવશે. આ રીતે અલગ પડાયેલા કચરાના ફરી ઉપયોગ કે તેના પુનર્ચક્રીકરણને પ્રોત્સાહન આપવું જોઈએ. બિન-સરકારી સંગઠનો અને સ્થાનિક સંગઠનોને તે માટે પ્રેરણા આપવાની જરૂર છે. |
| ૩. | રસ્તા વાળવા | રસ્તા અને જાહેર સ્થળો વાળવાનું સમયપત્રક તૈયાર કરવું જોઈએ. રોજેરોજ તે વાળવાની પ્રાથમિકતા પણ નક્કી કરવી જોઈએ અને સમયાંતરે ક્યાં સફાઈ કરવી તે પણ નક્કી કરવું જોઈએ. સાધનો, કલાકો અને વિસ્તારો અંગેના રસ્તાની સફાઈ માટેનાં ધોરણો નક્કી કરવાં જોઈએ. |
| ૪. | મ્યુનિસિપલ ઘન કચરાનો સંગ્રહ | પાલિકાના સત્તાવાળાઓ કચરાના સંગ્રહની સવલતો ઊભી કરશે અને નિભાવશે. તે એ રીતે કરશે કે જેથી ગંદકીની અનારોગ્યપ્રદ પરિસ્થિતિ તેની આસપાસ ઊભી ના થાય. આ સવલત જે તે વિસ્તારમાં કચરો કેટલો પેદા થાય છે તે, વસ્તીની ગીચતા, ખુલ્લામાં કચરો ન રહે તે, તે વપરાશ-મિત્ર બની રહે તે અને તેને ઠાલવવાનું તથા બીજા સ્થળે લઈ જવાનું સરળ રહે તે બાબતોને ધ્યાનમાં રાખીને ઊભી કરવામાં આવશે. હાથેથી કચરાને ઠાલવવા વગેરે ઉપર પ્રતિબંધ મૂકવામાં આવશે. જો તેમ કરવાનું વિવિધ કારણોસર ટાળી શકાય તેમ હોય જ નહિ તો યોગ્ય સાવચેતીઓ સાથે કામદારોની સલામતી જળવાય તે રીતે તે કરવામાં આવશે. |
| ૫. | મ્યુનિસિપલ ઘન કચરાનું પરિવહન | કચરાના પરિવહન માટે જે વાહનો ઉપયોગમાં લેવામાં આવે તે ઢંકાયેલાં હોવાં જોઈએ કે જેથી તે કચરો લોકોને દેખાય નહિ અને તે રસ્તા પર ઢોળાય પણ નહિ. પાલિકાના સત્તાવાળાઓએ જે કચરાના સંગ્રહની સવલત ઊભી કરી હોય તેમાંથી રોજેરોજ કચરો ખાલી થવો જોઈએ અને પેટીઓ કે ડબ્બા છલકાઈ જાય તે પહેલાં ખાલી થવા જોઈએ. પરિવહન માટેનાં વાહનો એવી ડિઝાઈનવાળાં હોવાં જોઈએ કે તે કચરાના આખરી નિકાલ અગાઉ તમામ પ્રક્રિયા માટે કામ લાગે તેમ ન હોય |
| ૬. | મ્યુનિસિપલ ઘન કચરા પર પ્રક્રિયા | પાલિકાના સત્તાવાળાઓએ એવી સાનુકૂળ ટેક્નોલોજી કે એવી ટેક્નોલોજીના સંકલનનો ઉપયોગ કરવો જોઈએ કે જેથી કચરાનો મહત્તમ પુનઃઉપયોગ થાય અને ‘લેન્ડ ફિલ’માં લઘુતમ કચરો ઠાલવવામાં આવે. તે માટે નીચે મુજબના માપદંડો અપનાવવા જોઈએઃ (૧) પંચમહાભૂતમાં ભળી જાય તેવો કચરા પર ખાતર બનાવવા, વર્મિ-કમ્પોસ્ટિંગ માટે, એનીરોબિક ડાયજેશન માટે અથવા અન્ય ઉપયોગી પ્રક્રિયા માટે પ્રક્રિયા કરવી જોઈએ. વળી, ખાતર કે બીજી જે કોઈ વસ્તુ બને તે અનુસૂચિ-૪માં નિર્ધારિત ધોરણો અનુસારની હોવી જોઈએ. |

| | | |
|---|---|---|
| | | (૨) મિશ્ર કચરામાં પુનર્પ્રાપ્ય સંસાધનો પણ હોય છે. તેનું પુનર્ચક્રીકરણ થાય, ઊર્જા પ્રાપ્તિ સાથે કે તે વિના ઈન્સિનરેશન થાય, તેમાં પલેટાઈઝેશનનો પણ સમાવેશ થાય અને અમુક કિસ્સાઓમાં કચરા ઉપર પ્રક્રિયા માટે તેનો ઉપયોગ કરી શકાય. નગરપાલિકાના સત્તાવાળાઓ કે સવલત ચલાવનારા જો અદ્યતન ટેક્નોલોજી વાપરવા ઈચ્છતા હોય તો તેમણે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સંપર્ક સાધવો જોઈએ. અધિકૃતતા માટે અરજી કરતાં પહેલાં તે માટેનાં ધોરણો તેની પાસેથી મેળવી લેવાં જોઈએ. |
| ૭. | મ્યુનિસિપલ ઘન કચરાનો નિકાલ | 'લેન્ડ ફિલ'માં એવો કચરો જ ઠાલવાશે કે જે પંચમહાભૂતમાં ભળી જાય તેવો નહિ હોય, અરાસાયણિક હશે અને જૈવિક પ્રક્રિયા કે પુનર્ચક્રીકરણ માટે ઉપયોગી ન હોય તેવો હશે. કચરા ઉપર પ્રક્રિયા કરવા માટેની સવલતોમાં જે કચરો બાકી રહેશે તે તેમાં ઠલવાશે અને પ્રક્રિયા કરતાં પહેલાં જે કચરો પ્રક્રિયાને યોગ્ય ન જણાયો હોય તે ઠલવાશે. મિશ્ર કચરો ઠાલવવાનું ટાળવામાં આવશે, સિવાય કે જે પ્રક્રિયા માટે જ અયોગ્ય ઠર્યો હોય. ટાળી ન શકાય તેવા સંજોગોમાં જ કે વૈકલ્પિક વ્યવસ્થાઓ ઊભી થાય ત્યાં સુધી 'લેન્ડફિલ'માં કચરો યોગ્ય ધોરણો અનુસાર જ ઠાલવવામાં આવશે. અનુસૂચિ-૩માં આપવામાં આવેલાં ધોરણો અનુસાર જ એ જમીન નક્કી કરવામાં આવશે. |

સોસાયટીમાં રહેનારા લોકો સોસાયટીની આગળ જ કચરાપેટી મુકાય તેમ ઈચ્છતા નથી કારણ કે કન્ટેનર્સને નિયમિતપણે સાફ કરવામાં આવતાં નથી. કચરો વાળનારાઓ પણ કન્ટેનર્સમાં કચરો નાખતા નથી.

કચરાને ખુલ્લી ટ્રક કે ટ્રેક્ટરમાં લઈ જવામાં આવે છે. નિયમિત રીતે તેની સફાઈ થતી નથી. લગભગ તમામ નગરોમાં ખુલ્લામાં કચરો ઠાલવવામાં આવે છે.

સજીવ કચરાનું શુદ્ધિકરણ થતું નથી. કચરાનું પુનર્ચક્રીકરણ થતું નથી. ગુજરાતમાં કચરો ઠાલવવાની જમીનો બાંધવાનું નક્કી કરવામાં આવ્યું છે. હાલ જ્યાં પણ આવી જમીનો છે ત્યાં તેમાં કચરો ઠાલવાય છે.

## ઘન કચરા સંચાલન માટેના કાર્યની તૈયારી

નગરમાં વર્તમાનમાં કઈ રીત અપનાવાય છે તેની આકારણી કરવાની જરૂર છે. તેમાં ખાસ કરીને ઘરો, ઝૂંપડપટ્ટીઓ, વેપારી સ્થાનો અને કતલખાનાં તથા શાકભાજીનાં બજારો, દવાખાનાં, બાંધકામનાં સ્થળો અને શહેરની અંદર કચરો પેદા કરતી અન્ય તમામ સંસ્થાઓનો સમાવેશ થઈ જવો જોઈએ. કોઠામાં દર્શાવાયેલાં સાત પગલાંના સંદર્ભમાં વિવિધ પ્રકારના કચરાના સંચાલન માટેનાં પાલનનાં ધોરણોનું વિશ્લેષણ કરવું જોઈએ અને પાલિકા દ્વારા કે ખાનગી ક્ષેત્ર દ્વારા સેવાઓ પૂરી પાડવામાં જે ખામીઓ રહી જવા પામી છે તે શોધી કાઢવી જોઈએ.

નગરપાલિકાએ ઘન કચરા સંચાલન માટે નિશ્ચિત સમયપત્રક સાથેની કાર્યલક્ષી યોજના તૈયાર કરવી જોઈએ કે જેથી પાલન માટેના તમામ માપદંડોનું અનુસરણ થાય.

ગુજરાતમાં 'ઉન્નતિ'એ કડી, ઈડર, મોડાસા અને બાવળા એમ ચાર નગરપાલિકાઓને કાર્યલક્ષી યોજના તૈયાર કરવા માટે ટેકો પૂરો પાડયો છે. વસ્તી અને ૧૦ વર્ષમાં ઊભી થનારી સેવાની માંગને આધારે આ યોજનાઓ તૈયાર કરાઈ છે. તેને માટે ગુજરાતના સંદર્ભમાં માહિતી એકત્ર કરવાનું માળખું ઘડવામાં આવ્યું. નગરના એકંદર ચિત્ર વિશેની માહિતી એકત્ર કરવામાં આવી અને તમામ વોર્ડ તથા ઝૂંપડપટ્ટીઓની વિગતો પણ ભેગી કરવામાં આવી. ઉપરાંત, નગરમાં પ્રાપ્ય માળખાગત સવલતો, વ્યાવસાયિક તરાહ, ઉત્પન્ન થતા કચરાનો પ્રકાર અને જથ્થો, ઘન કચરા સંચાલનની વર્તમાન રીતો, નગરપાલિકા પાસે પ્રાપ્ય નાણાં, માનવ સંસાધનો અને સાધનસામગ્રી વગેરેની વિગતોનો પણ તેમાં સમાવેશ કરાયો છે.

મીટિંગો, ચોપાનિયાં, શેરી નાટકો વગેરે દ્વારા ઘન કચરા સંચાલન અંગે સમુદાય પાલિકાને ટેકો આપે તે માટે અભિમુખ કરવામાં આવ્યો. પ્રશ્નોને સમજવા અને ઉકેલો શોધવા માટે વિવિધ હિતધારકો સાથે ચર્ચાઓ કરવામાં આવી અને તે વપરાશકારના દ્દષ્ટિકોણથી થઈ. આ માહિતીને આધારે નગર માટેની વિગતવાર યોજના તૈયાર કરવામાં આવી. હાલ આ યોજનાઓનો અમલ થઈ રહ્યો છે. કેવી રીતે કાર્યલક્ષી યોજના તૈયાર કરવી તે માટે 'ઉન્નતિ'ના કાર્યક્રમ સંયોજકનો સંપર્ક સાધો. ઈમેલઃ ugovernance@unnati.org

# શહેરી શાસન વ્યવસ્થામાં સહભાગિતા

૭૪મા બંધારણ સુધારાએ શહેરી વહીવટી તંત્રોને ત્રીજા સ્તરની સરકારનું સ્થાન આપ્યું. એથી શહેરીજનોની સહભાગિતા તમામ વિકાસ કાર્યક્રમોમાં ઊભી થાય એ આવશ્યક છે. અહીં શહેરી ગરીબોની ભૂમિકા શાસનતંત્રમાં કેવી રીતે ઊભી થાય તે માટે બિન-સરકારી સંગઠનો બેંગલોરના **'જનાગ્રહ'**, મુંબઈના **'સ્પાર્ક'**, દિલ્લીના **'પ્રિયા'** અને અમદાવાદના **'સાથ'** દ્વારા કરાયેલા પ્રયાસો વિશે ટૂંકી નોંધ આપવામાં આવી છે કે જેથી વિવિધ સ્તરે થયેલા પ્રયાસોનું પુનરાવર્તન અન્ય સ્થાનોએ પણ થઈ શકે.

## 'જનાગ્રહ'નો સર્વસમાવેશી અભિગમ

ઝડપી ઉદ્યોગીકરણની શૈલી અપનાવવાને લીધે ભારત હવે સતત વધતી જતી શહેરી વસ્તીને સારું જીવનધોરણ પૂરું પાડવાની સમસ્યાનો સામનો કરી રહ્યું છ. 'જનાગ્રહ' સૌને શ્રેષ્ઠ ગુણવત્તાવાળું જીવન પૂરું પાડવા માટેનો માર્ગ શોધીને દેશના આ પ્રવાસના માર્ગનું સંપૂર્ણ રૂપાંતરણ કરવાની દૃષ્ટિ ધરાવે છે.

આ માર્ગ જીવનની સારી ગુણવત્તા માટે સેવાઓ પૂરી પાડવાની પદ્ધતિનો મજબૂત પાયો નાખવાનો અને લોકતાંત્રિક જીવનરીતિઓને આગળ ધપાવવા માટે તેમને સમાવેશી બનાવીને શાસન સુધારીને તેને મજબૂત કરવાનો છે. આ દૃષ્ટિમાં સહભાગિતા માટે મંચ ઊભા કરવાનો અને શાસનમાં માળખાગત સુધારા લાવવાનો સમાવેશ થાય છે. તેને પરિણામે સંવાદના કેન્દ્રમાં નાગરિકો આવશે અને જાહેર શાસનમાં તેમનો અવાજ ઊભો થશે તથા સક્રિય ભૂમિકા ઊભી થશે. આ મંચ તેને પરિણામે પૂરતી સામાજિક મૂડી ઊભી કરશે કે જેથી સંપત્તિ અને તકોની સમાન વહેંચણી થાય અને સમગ્ર સમાજને તેનો લાભ મળે. આ ભાવિ દૃષ્ટિ સાકાર કરવા માટે 'જનાગ્રહ'નો અભિગમ એ છે કે તે ૧૯૯૫ની કોપનહેગન ઘોષણામાંની ચોથી પ્રતિબદ્ધતાને અનુસરે છેઃ સૌને માટે એકતાને પ્રોત્સાહન આપવું. આ અભિગમનું સૌથી નોંધપાત્ર લક્ષણ એ છે કે તે આરંભથી જ સર્વસમાવેશી છે.

સમુદાયોનું નિર્માણ કરતી વખતે જ તેની શરૂઆત થાય છે. સમાંતર, અધિકાર-આધારિત માળખાં તેમાં ઊભાં કરવાનાં નથી, કે જે તકવંચિતો અને ધનવાનો વચ્ચે ખાઈ ઊભી કરે છે. સત્તા અને સ્થાનની આ વહેંચણી સામે કેટલાંક જૂથો તરફથી પ્રતિકાર ઊભો થાય એમ પણ બને. પણ તે જૂથો વચ્ચે એવાં સંકલનની પ્રક્રિયા ઊભી કરે છે કે જેથી ગરીબોની જરૂરિયાતો પ્રત્યે ધનવાનો સંવેદનશીલ બને છે. એટલે કે તેમાં માણસ મૂળભૂત રીતે સારો છે એવી માન્યતા કામ કરે છે.

'જનાગ્રહ'ના કેટલાક પ્રયાસો એવા છે કે જેમાં શહેરી ગરીબના સવાલો ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. આ હેતુ માટે કેટલીક પરિયોજનાઓમાં સર્વસમાવેશી શૈલી અપનાવવામાં આવી છે. ભારત સરકારે ૧૯૯૭માં સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના (એસજેએસઆરવાય) શરૂ કરી. તેનો હેતુ શહેરી ગરીબોની બેકારીની સમસ્યા દૂર કરવાનો હતો. તેમાં બેંકો દ્વારા એવી વ્યક્તિઓને લોન આપવાની હતી કે જેમની પસંદગી તેમનાં પડોશી જૂથો કરતાં હતાં.

જો કે, આવાં જૂથોની ગેરહાજરીને લીધે આ યોજનામાં અવરોધ ઊભો થયો. બાંયધરી આપે તેવાં જૂથો હતાં જ નહિ. ઓગસ્ટ-૨૦૦૨માં 'જનાગ્રહ' દ્વારા પ્રાયોગિક ધોરણે એ કાર્યક્રમ બેંગલોર શહેરમાં હાથ ધરાયો. તેમાં તમામ હિતધારકોને સામેલ કરાયા. કર્ણાટક સરકાર, બેંકો, શહેરી ગરીબોના સમુદાયો, બિન-સરકારી સંગઠનો અને પ્રશિક્ષણ સંસ્થાઓ. તેનું એક નામ અપાયું 'અંકુર' (એલાયન્સ ફોર એ નેટવર્ક્ડ કિનશિપ વિથ અન્ડરપ્રિવિલેજ્ડ રેસિડેન્ટ્સ). આ પ્રયાસે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના અમલમાં જબરજસ્ત પરિવર્તન આણ્યું. પડોથી જૂથોને તાલીમ દ્વારા મજબૂત કરીને તેમને બેંકો લોન આપે તેવી પરિસ્થિતિ ત્રણ માસમાં જ ઊભી કરાઈ. પાંચ વર્ષમાં જેટલી કામગીરી થઈ હતી તેની અર્ધા જેટલી કામગીરી માત્ર ત્રણ માસમાં થઈ.

એસજેએસારવાયના અમલમાંથી એક મુખ્ય તારણ એ મળતું હતું કે તેમાં લાભાર્થીઓને ઓળખ બરાબર થતી નહોતી. પરિણામે 'જનાગ્રહ' દ્વારા એક પ્રાયોગિક પરિયોજના હાથ ધરવામાં આવી કે જેમાં ગરીબીની રેખા નીચે (બીપીએલ) પરિવારોનાં નામ કેટલાં બેવડાય છે તે ઓળખી કાઢવાં. કર્ણાટક સરકારની ત્રણ જુદી જુદી સંસ્થાઓની આ બીપીએલ યાદીઓ તે માટે લીધી.

આ સંસ્થાઓનાં નામ છેઃ મ્યુનિસિપલ વહીવટી તંત્ર વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ અને કર્ણાટક સ્લમ બોર્ડ. આ પ્રાયોગિક પરિયોજના ત્રણ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં અમલમાં મૂકવામાં આવી. એમાં ઉપરોક્ત ત્રણેય સંસ્થાઓની ભાગીદારી હતી. એ ત્રણેયની

બીપીએલ યાદીઓનું સંકલન કરવામાં આવ્યું ત્યારે જણાયું કે માત્ર ૭ ટકાનાં જ નામ એ ત્રણેયમાં હતાં. પછી 'જનાગ્રહ' દ્વારા કર્ણાટક સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી કે બીપીએલ યાદી એક જ રાખવામાં આવે.

આ પરિયોજનાને પરિણામે, આઝાદી પછી ભારત સરકારે જે શહેરી ગરીબી નિવારણની યોજનાઓ હાથ ધરી હતી તે તમામનો સર્વગ્રાહી અભ્યાસ કરવામાં આવે તેની જરૂરિયાત ઊભી કરી. તેને પરિણામે, 'અર્બન પોવર્ટી એલિવિયેશન ઈન ઈન્ડિયા' નામે એક પ્રકાશન થયું કે જેના સહલેખક તરીકે 'જનાગ્રહ'ના સહ-સ્થાપક રમેશ રામનાથન છે. યોજનાઓનું ટીકાત્મક વિશ્લેષણ કરવા ઉપરાંત, આ પુસ્તક તેમાંથી શા પદાર્થપાઠ શીખવા મળે છે તે અને આજના સંદર્ભમાં તેના શા સૂચિતાર્થ છે તે તપાસે છે. એ પુસ્તકથી એક મહત્ત્વનો સંદેશ એ પ્રસારિત થાય છે કે ગરીબી નિવારણ માટે ધિરાણ મહત્ત્વનું છે.

તે એપેક્સ બેન્ક ફોર અર્બન ડેવલપમેન્ટ (એબીયુડી)ની સ્થાપના કરવાની હિમાયત કરે છે કે જેથી શહેરી ગરીબોની જરૂરિયાતોને સંતોષી શકાય. તે માટે મજબૂત નીતિઓ, અમલની માર્ગરેખાઓ અને રાજ્ય તથા સ્થાનિક સ્તરે માપન વ્યવસ્થાઓ હોવી જોઈએ એમ તે કહે છે. સંસ્થાએ ગરીબી નિવારણ માટે રાષ્ટ્રીય સ્તરે હિમાયત માટે જે મુદ્દા ઉઠાવ્યા તે જણાવ્યા છે. તેને લીધે, ભારત સરકારના ગૃહનિર્માણ શહેરી ગરીબી નિવારણ મંત્રાલય હેઠણ શહેરી ગરીબી નિવારણ માટે રાષ્ટ્રીય કેન્દ્રીય જૂથની રચના થઈ.

આ અનુભવોથી સ્પષ્ટપણે એ સમજાયું કે રાજકીય રીતે સ્વીકૃત એવાં માળખાંને આધારે નાગરિકોની વિધિવત્ ભૂમિકા અગત્યની છે. નિવાસી કલ્યાણ મંડળ, સમુદાય વિકાસ સોસાયટીઓ વગેરે જેવા સ્થાનિક સામુદાયિક મંચ ઊભા કરાયા પણ તેમની સામે રાજકીય સ્વીકૃતિ અને ચિરંતનતાની સમસ્યાઓ ઊભી થઈ. પછી શહેરી શાસનમાં નાગરિકોનો અવાજ વિધિવત્ ઊભો થાય તે માટે નાગરિકોની સહભાગિતા ઊભી કરવા માટેનો એક કાયદો ઘડાય તે દિશામાં સંસ્થાએ પ્રયત્નો શરૂ કર્યા.

ભારતમાં ૭૩મા અને ૭૪મા બંધારણ સુધારાએ વિકેન્દ્રીકરણના પાયાના સિદ્ધાંતો પ્રસ્થાપિત કર્યા છે. ૭૩મા બંધારણ સુધારાએ ગ્રામ વિસ્તારોમાં શાસનમાં ગ્રામીણ મતદારની વિધિવત્ ભૂમિકા ઊભી થાય તેની જોગવાઈ કરી છે. પરંતુ ૭૪મા બંધારણ સુધારામાં શહેરી મતદારની ભૂમિકા કેન્દ્રમાં રહે તેવું પ્રતિબિંબિત થતું નથી. ગ્રામ સભા દ્વારા કુટુંબશ્રી કાર્યક્રમનો અમલ કેરળમાં થયો છે. તેથી 'જનાગ્રહ'ની જે દરખાસ્ત છે કે શહેરી વિસ્તારોમાં પણ આવો જ મંચ હોવો જોઈએ એ સાબિત થાય છે.

એ દરેક વોર્ડમાં હોવી જોઈએ કે જે રાજકીય પ્રતિનિધિત્વનું સૌથી નીચેનું સ્તર છે. જો કે, શહેરી રહીશોની શક્તિનો ઉપયોગ કરવા માટે યોગ્ય માળખાં દરેક વોર્ડમાં હોય એ જરૂરી છે એમ બેંગલોરના 'જનાગ્રહ'ના અનુભવો દર્શાવે છે. શહેરી નાગરિકોની નજીક આ મંચોને લઈ જવા જોઈએ કારણ કે શહેરોની વસ્તી ઘણી વધારે હોય છે. ગ્રામ સભામાં દરેક ગ્રામીણ મતદારને મંચ મળી રહે છે. બરાબર એ જ રીતે, શહેરી વિસ્તારોમાં પણ વોર્ડથી પણ નીચલા સ્તરે શહેરી મતદારને મંચ મળે એ જરૂરી છે. અમે એને વિસ્તાર સભા એવું નામ આપ્યું. જે તે વોર્ડના ભૌગોલિક વિસ્તારમાં આવી સભાઓ અનેક વિસ્તારમાં ઊભી થાય એ આવશ્યક છે.

આવો મંચ સ્વાભાવિક રીતે જ સમાવેશી થાય. તેમાં નાગરિકો મતદાર તરીકે નોંધાય, એમના આર્થિક દરજ્જા મુજબ નહિ. રાષ્ટ્રીય સ્તરે 'જનાગ્રહ' દ્વારા સતત હિમાયત કરાઈ. જવાહરલાલ નેહરુ રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશનમાં વિસ્તાર સભા હોય અને તે દ્વારા સામુદાયિક સહભાગિતા ઊભી થાય એ આ હિમાયતને પરિણામે ફરજિયાત બન્યું. શહેરી ભારતમાં એક વાર આ અવકાશ ઊભો થાય પછી તે તમામ શહેરી મતદારો માટે ઊભો થાય, પછી તે ગરીબ હોય કે ધનવાન.

'જનાગ્રહ'ના સ્થાનિક અનુભવોને લીધે સમુદાયના એકત્રીકરણ વિશે વૈજ્ઞાનિક સમજ ઊભી થઈ અને શહેરી શાસનમાં વિવિધ સ્તરે સહભાગિતાના પ્રશ્નોનો ઉકેલ કેવી રીતે લાવવો તેની સમજ પણ ઊભી થઈ. આ મંચોનો લાભ લેવા માટે શહેરી ગરીબોની ક્ષમતા વધારવી અગત્યની છે. શાસનમાં ત્રિ-સ્તરીય માળખાની રચના જ આ બાબત ઉપર ભાર મૂકે છે. બિન-સરકારી સંગઠનો અને નાગરિક સમાજનાં સંગઠનોએ આ સંબંધમાં મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે. આમ, રાજકીય રીતે સ્વીકૃત, મતદાર-આધારિત અને સર્વસામાન્ય મંચ દાખલ કરીને શહેરી શાસનને સર્વસમાવેશી બનાવવાનો પ્રયાસ થયો. તેનાથી શહેરી ગરીબોના પ્રશ્નો ઉકેલી શકાય અને શહેરી ગરીબો માટેની યોજનાઓનો લાભ મળી શકે.

**- સુશ્રી મનસ્વિની રાવ, એડવોકસી એસોસિયેટ**

વધુ વિગત માટે સંપર્ક સાધોઃ
શ્રી ચેરિલ રિબેલો cheryl@janaagraha.org,
શ્રી રમેશ રામનાથન ramesh@janaagraha.org

## 'સ્પાર્ક' દ્વારા ગરીબી નિવારણના પ્રયાસો

'સ્પાર્ક' એક બિન-સરકારી સંગઠન છે અને તેની સ્થાપના ૧૯૮૪માં વ્યવસાયીઓના એક જૂથ દ્વારા કરવામાં આવી હતી કે જેમણે અગાઉ મુંબઈમાં ભાયખલામાં પરંપરાગત કલ્યાણલક્ષી બિન-સરકારી સંગઠનમાં કામ કર્યું હતું. 'સ્પાર્ક'ની સ્થાપના કરતાં પહેલાં તેમણે મોટા ભાગનું કામ ભાયખલાના ફૂટપાથવાસીઓ સાથે કર્યું હતું અને ખાસ કરીને મહિલા ફૂટપાથવાસીઓમાં તેમણે સૌએ તેમના વિકાસ માટે વિશેષ કામ કર્યું હતું.

આ મહિલાઓને તેમના ઘર વારંવાર તોડી પાડવામાં આવે તેની સમસ્યાઓનો સામનો કરવા પડતો હતો અને તેમની થોડીઘણી ઘરવખરી પણ એ રીતે જતી રહેતી હતી. આથી કલ્યાણલક્ષી બિન-સરકારી સંગઠન આ સમસ્યાનો સામનો કરી શકે તેમ નથી એમ તેમને લાગ્યું હતું. તેથી 'સ્પાર્ક' દ્વારા જો તેમનાં ઘર તોડી પાડવામાં આવે તો તેમના પર તેની શી અસર થાય છે એની સમજ કેળવવામાં આવી અને એ અસરનો સામનો કેવી રીતે કરી શકાય તે વિશે વિચારવામાં આવ્યું. તાલીમ કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા કે જેથી મહિલાઓ તેમની પોતાની વસાહતોનો સર્વે કેવી રીતે કરવો તે શીખી શકે અને એ માહિતીનો ઉપયોગ જમીન મેળવવાની ઝુંબેશમાં કરી શકે. જ્યારે 'સ્પાર્ક' અને 'રાષ્ટ્રીય ઝૂંપડાંવાસી મહામંડળ' (એનએસડીએફ) મળ્યાં તેમાંથી 'મહિલા મિલન'ની સ્થાપના થઈ. એ બંનેની વિગતો નીચે આપી છે. એમાં 'સ્પાર્ક'ની ભૂમિકા એવી વ્યૂહરચનાઓ ઘડવાની હતી કે જેથી ભાગીદારો મળીને સરકારી સંસ્થાઓ સમક્ષ તેમની માગણીઓ રજૂ કરી શકે.

વધુમાં, તે વહીવટી કાર્યો કરે અને જરૂરી ભંડોળ એકત્ર કરે. હાલ ભારતનાં ૯ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશનાં ૭૦થી વધુ શહેરોમાં સ્પાર્ક, એનએસડીએફ અને 'મહિલા મિલન'નું જોડાણ કામ કરે છે. તે એશિયા અને આફ્રિકાનાં બીજાં આવાં જ જોડાણો સાથે પણ હવે કામ કરે છે કે જે બિન-સરકારી સંગઠનો અને સમુદાય-આધારિત સંગઠનોનાં બનેલાં છે. તેમાં કમ્બોડિયા, થાઈલેન્ડ, ફિલિપાઈન્સ, દક્ષિણ આફ્રિકા, નામિબિયા, કેન્યા, નેપાળ અને ઈન્ડોનેશિયા સહિતના ૨૩ દેશોનો સમાવેશ થાય છે. એ નેટવર્ક 'સ્લમ ડ્વેલર્સ ઈન્ટરનેશનલ' તરીકે અત્યારે બધા જ દેશોમાં જાણીતું છે.

### 'રાષ્ટ્રીય ઝૂંપડાંવાસી મહામંડળ'

'રાષ્ટ્રીય ઝૂંપડાંવાસી મહામંડળ' એક સમુદાય-આધારિત સંગઠન છે અને તેમાં મોટે ભાગે પુરુષ ઝૂંપડાંવાસીઓ સભ્ય હતાં. ૧૯૭૪માં તેની સ્થાપના કરવામાં આવી હતી. તે ઝૂંપડાં તોડી પાડવાની પ્રવૃત્તિ સામે ગરીબોને વ્યવસ્થિત રીતે સંગઠિત કરે છે અને પાણી, સફાઈ વગેરે જેવી પાયાની સેવાઓ શહેરી ગરીબોને પૂરી પડાય તે માટે પ્રયાસ કરે છે. આરંભમાં આ મહામંડળ પુરુષ ઝૂંપડાંવાસીઓનું જ સંગઠન હતું. ૧૯૮૭માં તેણે 'મહિલા મિલન' અને 'સાર્ક' સાથે મળીને કામ કરવાની શરૂઆત કરી, અને ત્યારથી તેમાં મહિલા સભ્યોની સંખ્યા વધતી ગઈ. અત્યારે તેમાં અડધા જેટલા નેતાઓ મહિલાઓ છે. મહામંડળ મુખ્યત્વે ઝૂંપડાંવાસીઓના સંગઠન, એકત્રીકરણ અને પ્રેરણા માટે કામ કરે છે. વળી, આફ્રિકા અને એશિયાનાં ઝૂંપડાંવાસીઓ અને બેઘર લોકોનાં એવાં જ મંડળો અને મહામંડળો સાથે પણ કામ કરે છે.

### મહિલા મિલન

'મહિલા મિલન' એક સમુદાય-આધારિત સંગઠન છે. તેમાં ફૂટપાથવાસી અને ઝૂંપડાંવાસી મહિલાઓ સંગઠિત થયેલી છે કે જેની મુખ્ય પ્રવૃત્તિ બચત અને ધિરાણની છે. ૧૯૮૬માં 'સ્પાર્ક' દ્વારા મુંબઈના ભાયખલા વિસ્તારમાં ફૂટપાથ પર રહેતી મુસ્લિમ મહિલાઓને સંગઠિત કરવા જે કાર્ય કરાયું તેનું આ પરિણામ છે. 'મહિલા મિલન'ની સ્થાપના પાછળનો તર્ક એ હતો કે કુટુંબમાં મહિલાઓની મુખ્ય ભૂમિકા રહે અને સમાજમાં સંબંધોમાં પરિવર્તન લાવવા માટેની મહિલા જૂથોની જે સુષુપ્ત શક્તિઓ છે તે ઉજાગર થાય. તેઓ ગરીબ કુટુંબોની સ્થિતિ સુધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે એ પણ પિછાણી શકાય. 'મહિલા મિલન' હવે અનૌપચારિક રીતે ઝૂંપડાંવાસી મહિલાઓને તાલીમ અને ટેકો આપવાનું કામ કરે છે તેમ જ બચત અને ધિરાણ જૂથો ચલાવે છે.

સમુદાયના સંચાલનમાં તેઓ વધુ ભૂમિકા ભજવી શકે એ બાબત ઉપર તે ધ્યાન કેન્દ્રિત કરે છે. શહેર અને રાજ્ય સ્તરે ઉપસ્થિત થતા નીતિવિષયક મુદ્દા પર હિમાયત કરવાનું કામ તે મહામંડળ સાથે મળીને કરે છે. આ રીતે 'મહિલા મિલન' એક તરફ ગરીબ મહિલાઓની ધિરાણની જરૂરિયાતને સંતોષવાનું કામ કરે છે તો બીજી તરફ, તે તેમની ગરીબી દૂર કરવાના સંદર્ભમાં મહિલાઓ સક્રિય ભૂમિકા ભજવે તે માટે તેમને સંગઠિત કરે છે. સંસ્થાની કોઈ બહુ મોટી સિદ્ધિઓ છે એવું નથી પણ ગરીબ મહિલાઓમાં તેથી શીખવાની પ્રક્રિયા ચાલે છે અને તેમનામાં આત્મવિશ્વાસ જન્મે છે. ભાયખલા વિસ્તારમાં લગભગ ૬૦૦ મહિલાઓ 'મહિલા મિલન'ની સભ્યો છે પરંતુ સમગ્ર દેશમાં તેમાં ૩ લાખ મહિલાઓ જોડાયેલી છે.

### સંગઠનાત્મક વ્યૂહરચના અને સામુદાયિક સંચાલનનાં સાધનો

આ જોડાણ શહેરી ગરીબોના સમુદાયોને સંગઠિત કરે છે અને તેઓ સલામત અને સુરક્ષિત ઘર અને માળખાગત સવલતો પ્રાપ્ત કરવા

માટેના નગરવ્યાપી પ્રયાસોમાં અગ્રણી ભૂમિકા ભજવે છે. તેની વ્યૂહરચનામાં મુખ્ય મુદ્દો એ છે કે મોટી સંખ્યામાં ગરીબો ભેગા થાય તો જ સ્પષ્ટ વ્યૂહરચનાઓ ઊભી થાય અને લક્ષ્યાંકો નક્કી થાય અને તેમની માગણીઓને રાજ્ય ગંભીરતાપૂર્વક લેવામાં આવે. તેથી મહામંડળનું સભ્યપદ શહેરમાં કોઈ વસાહતમાં અને જુદી જુદી વસાહતોની વચ્ચે પણ વિસ્તરે છે અને એ જ રીતે જુદાં જુદાં શહેરો વચ્ચે પણ તે વિસ્તરે છે.

આજે તે હજારો પરિવારોનું સંગઠન બન્યું છે. વળી, મધ્યમ વર્ગના શિક્ષિત લોકોને બદલે શહેરી ગરીબો પોતે જ પરિવર્તનની પ્રક્રિયાને આગળ ધપાવે, તેને માટે વિચાર કરે અને સમય તથા શક્તિ ખર્ચે એ અગત્યનું બને છે. ગરીબ સમુદાયોની સંગઠનાત્મક, નાણાકીય, સંચાલકીય અને મંત્રણાકીય કૌશલ્ય-શક્તિ વધે તેમ જ તેમનામાં નેતૃત્વ ખીલે એ બાબત ઉપર પણ તેમાં વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

તેની પાછળનો તર્ક એ છે કે સમુદાયો અને તેમના નેતાઓએ એક સાથે મળીને તેમની અસ્કામતોનું નિર્માણ કરવાનું, જમીન શોધવાનું, યોગ્ય તૈયારી કરવાનું અને પોતાનાં આવાસો અને માળખાગત સવલતોનો નિભાવ કરવાનું કામ કરવાનું છે. તેઓ જમીનની સનદ પ્રાપ્ત કરે, આવાસ પ્રાપ્ત કરે અને પાયાની સેવાઓ મેળવે તે અગાઉ તેમણે આ બધાં કામો કરવાનાં છે. ધીમે ધીમે, તેમની સમસ્યાઓ અને તેમાંથી બહાર નીકળવાની વ્યૂહરચનાઓ તેઓ નક્કી કરશે અને સ્થાનિક અધિકારીઓ સાથે મળીને તેઓ તેમના સંભવિત ઉકેલો શોધી કાઢવા માટે સંવાદ સાધશે, વિવિધ વિકલ્પો વિશે વિચારશે અને પરિવર્તનના અગત્યના કર્તા તરીકે કાર્ય કરશે. સંગઠન કરવા માટેની કેટલીક વ્યૂહરચનાઓ નીચે મુજબ છેઃ

(૧) રોજેરોજ બચત અને ધિરાણ પ્રવૃત્તિ.
(૨) જમીનની માલિકીના સંદર્ભમાં ગરીબોનું સંગઠન. જેમ કે, રેલવે સ્લમ ફેડરેશન, એરપોર્ટ ઓથોરિટી સ્લમ ડ્વેલર્સ ફેડરેશન. તેનું કારણ એ કે જમીન માલિક સાથે તેણે વાટાઘાટો કરવાની હોય.
(૩) સંખ્યા ગણવી, નકશા બનાવવા અને સર્વે કરવો.
(૪) સામુદાયિક વિચાર-વિનિમય કરવો. એક જ શહેરના જુદા જુદા ઝૂંપડાંવાસીઓ, જુદાં જુદાં શહેરોના ઝૂંપડાંવાસીઓ અને જુદા જુદા દેશોના ઝૂંપડાંવાસીઓ વચ્ચે મુલાકાતો યોજવી.
(૫) ગૃહનિર્માણ અંગે પ્રદર્શન યોજવું અને લોકો પોતે પોતાને ગમે તેવી ડિઝાઈનનાં ઘરના નમૂના તેમાં મૂકે.

ગરીબોને તેમના ઘરની સલામતી મળે અને માળખાગત સવલતો મળે તે માટે તેઓ પોતે સક્રિય ભૂમિકા ભજવે તે માટે તેમને સંગઠિત કરવા ઉપર ધ્યાન અપાયું. તેઓ જમીન શોધે છે, તેઓ સહકારી મંડળી બનાવે છે અને ઘર બાંધવા માટે બચત કરે છે. તેઓ રાજ્ય કંઈક તેમને માટે કરે એવી રાહ જોતા નથી.

**રાજ્ય સાથેની કામગીરી**

આ જોડાણ એ બાબતે સ્પષ્ટ છે કે રાજ્ય સાથે જે કંઈ કામગીરી કરવામાં આવે તે રાજ્યની સંસ્થાઓ તેમની ભૂમિકા અને જવાબદારીઓ વિશે અભિમુખ થાય તે ઉદ્દેશથી થાય. તેમાં બિન-સરકારી સંગઠનો, સમુદાય-આધારિત સંગઠનોનો પણ સમાવેશ થાય છે. રાજ્યની નીતિઓ અને કાર્યક્રમો ગરીબો-તરફી બને તે માટે રાજ્ય પર પ્રભાવ પાડવાનું કામ કરવામાં આવે છે. રાજ્યને સાથે સામેલ કરવા પાછળનું મુખ્ય કારણ એ છે કે શહેરી ગરીબોને જે વસ્તુઓની જરૂર પડે છે તે તમામનું તે ઉત્પાદન કરે છે, તેના ઉપર તે નિયંત્રણ કરે છે અથવા તો તે નિયમન કરે છે.

તેની પાછળનું વૈચારિક કારણ એ છે કે રાજ્યને તેની ગરીબો પ્રત્યેની જવાબદારીની યાદ અપાવવી અને ગરીબોને બજારની દયા પર છોડી ના દેવાય તેની કાળજી રાખવી. રાજ્ય સાથે ભાગીદારીનું મોડેલ અપનાવવામાં આવ્યું પણ આ જોડાણ તેની સ્વાયત્તતા ન ગુમાવે એ પણ ધ્યાનમાં રખાયું. આ જોડાણ રાજ્ય સાથે સંઘર્ષ કરવાનું ટાળે છે, પણ રાજ્ય સાથે તે હંમેશાં સંમત થઈ જાય છે એવું પણ નથી.

આ જોડાણની નક્કર સિદ્ધિ એ છે કે -

(૧) મુંબઈ મેટ્રોપોલિટન રિજિયન ડેવલપમેન્ટ ઓથોરિટીના સહયોગ સાથે રેલવેની જમીન પર વસતાં ૧૫૦૦૦ પરિવારોનું પુનર્વસન થયું છે.
(૨) પુણેમાં ૧૨૦થી વધુ જાહેર જાજરૂ સંકુલોની ડિઝાઈન તૈયાર કરી છે, તે બાંધ્યાં છે અને તેમનો નિભાવ કરવામાં આવે છે.
(૩) મુંબઈમાં ૨૦૦ જાહેર જાજરૂનાં સંકુલ બાંધવામાં આવ્યાં છે.
(૪) મુંબઈમાં ૬૦૦૦ ઘરો ઝૂંપડાંવાસીઓ માટે બાંધવામાં કે તેમના પુનર્વિકાસમાં અમે સામેલ થયા છીએ.
(૫) કુલ ખર્ચમાંથી ૪૦ ટકા ખર્ચ મુંબઈ સિવાયનાં નગરોમાં કરવામાં આવે છે.

વધુ વિગત માટે સંપર્ક સાધોઃ
શ્રી સુંદરબુરા, ઈમેલઃ sundarburra@gmail.com,
સુશ્રી શીલા પટેલ, ઈમેલઃ sparc1@vsnl.com

## મહિલા નગર સેવકોનું સશક્તિકરણ અને શહેરી વિકાસઃ 'પ્રિયા'નો અનુભવ

મહિલાઓનું સશક્તિકરણ કોઈ પણ દેશના સર્વાંગી વિકાસ માટે આવશ્યક મુદ્દો છે. ભારતના વિકાસ માટે પણ મહિલાઓનું સશક્તિકરણ અનિવાર્ય છે. પરંતુ મહિલાઓના સશક્તિકરણનો અર્થ વ્યાપક છે. એ સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક વગેરે તમામ ક્ષેત્રોમાં મહિલાઓને મજબૂત કરવાની હિમાયત કરે છે. નિઃશંકપણે એક સશક્ત મહિલા દરેક ક્ષેત્રમાં સક્ષમ મહિલા હોય. પરંતુ મહિલાઓની રાજકીય ભાગીદારી તેને તેની સામાજિક જવાબદારી પ્રત્યે આગળ કરે છે. તેમને શહેર, રાજ્ય તેમ જ દેશ પ્રત્યે વધતી જવાબદારીથી માહિતગાર કરે છે. કદાચ, આ જ કારણોસર સ્થાનિક ચૂંટણીઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત બેઠકો રાખવામાં આવી છે. આ બેઠકો પર ચૂંટાઈને આવેલી મહિલાઓ માટે સમયાંતરે પ્રશિક્ષણની તેમ જ તેમના ક્ષમતાવર્ધનની આવશ્યકતા છે.

'પ્રિયા' સંસ્થા દ્વારા રાજસ્થાન તથા હરિયાણાની અનુક્રમે ૧૦ અને ૨૨ નગરપાલિકાઓના નગરસેવકોનું જે અભિમુખીકરણ કરાયું તે તેમની શક્તિઓ અને અવરોધોનું બયાન કરે છે. 'પ્રિયા' સંચાલિત મહિલા સશક્તિકરણ કાર્યક્રમનો અનુભવ નગરપાલિકાઓની શક્તિનું પ્રતિબિંબ પાડે છે. આ સંદર્ભમાં 'પ્રિયા'નો અનુભવ સંતોષકારક નથી. આ કાર્યક્રમ હેઠળ કરવામાં આવેલી કામગીરી - જેમ કે, મહિલા નગર સેવકો સાથે નિયમિત બેઠકો, ઘેરે ઘેરે સંપર્ક, નગરપાલિકા સ્તરની બેઠક, જિલ્લા સ્તરની બેઠક તથા રાજ્ય સ્તરની બેઠક - નો અનુભવ પાલિકા સ્તરની શાસનની દયનીય સ્થિતિનું બયાન આપે છે.

આમ, ૭૪મા બંધારણ સુધારા પછી ૧૪ વર્ષ બાદ મહિલા નગરસેવકોની સ્થાનિક શાસનમાં ભાગીદારી નહિવત્ છે. તેનાં મુખ્ય કારણો નીચે મુજબ છેઃ

૧. પારિવારિક અને સામાજિક દબાણ.
૨. રાજકીય દાવપેચ અને અસ્થિરતા.
૩. જાણકારી અને જ્ઞાનનો અભાવ.

### પારિવારિક અને સામાજિક દબાણ

પારિવારિક અને સામાજિક દબાણનો અર્થ છે પારિવારિક અને સામાજિક અસહયોગ. મહિલાઓ પર પારિવારિક જવાબદારી હોવાને કારણે ઘરકામ સાથે બાંધછોડ કરીને તેમણે નગરપાલિકાની બેઠકોમાં આવવું પડે છે. ઘરમાં બાળકોની જવાબદારી તેમને આગળ આવતાં રોકે છે. આ રીતે બેવડી જવાબદારીને કારણે પણ મહિલા નગરસેવકો તેમનું ઉત્તરદાયિત્વ યોગ્ય રીતે નિભાવી શકતી નથી. બીજી તરફ, પુરુષ પ્રધાન સમાજે પુરુષો અને મહિલાઓને સ્ત્રી-પુરુષ સામાજિક ભેદભાવ પ્રત્યે અસંવેદનશીલ બનાવ્યો છે. પરિણામે આપણને પુરાણા ચશ્માથી જ જોવાની અને કામ કરવાની આદત પડી ગઈ છે.

### રાજકીય દાવપેચ અને અસ્થિરતા

રાજકીય દાવપેચ અને અસ્થિરતાનો અર્થ છે રાજકારણની ઊથલપાથલ કે જેમાં પક્ષના લાભ માટે વ્યાપક જનહિતના મુદ્દાને ભૂલી જવામાં

#### મહિલાઓની બેવડી જવાબદારી

મહિલાઓની બેવડી જવાબદારીનો મુદ્દો રાજસ્થાનના અજમેર, ટોંક, ચિડાવા, સૂરજગઢ અને ઉદયપુરવાટી નગરપાલિકાઓના મહિલા નગરસેવકોના પ્રશિક્ષણ દરમ્યાન જણાયો. મહિલાઓ દ્વારા પરંપરાગત રીતે ઘરકામની જવાબદારી નિભાવતી હોવાને લીધે આ પ્રકારની મુસીબત જણાઈ છે. એ ઉપરાંત પુત્ર-પુત્રી વચ્ચેનો ભેદભાવ, ભૃણ હત્યા જેવી ગંભીર સમસ્યાઓ પણ સામે આવી. આ ભેદભાવ એક દીકરીને જીવનપર્યંત સહન કરવો પડે છે. મહિલા નગરસેવકો પતિઓ દ્વારા તેમના કામમાં થતી દખલગીરીની સમસ્યાનો પણ સામનો કરે છે. હરિયાણા તથા રાજસ્થાનની મહિલા નગરસેવકોમાં આ સમસ્યા જણાઈ છે.

#### મહિલા સશક્તિકરણ

સીકર નગરપાલિકાનાં મહિલા નગરસેવકોએ એવી ફરિયાદ કરી કે પુરુષ નગરસેવકો અને અધ્યક્ષ દ્વારા તેમને આગળ આવવાની તક જ પૂરી પાડવામાં આવતી નથી. ટેન્ડરની પ્રક્રિયામાં મહિલા નગરસેવકોને સામેલ કરવામાં આવતી નથી. તેમ જ તમામ ટેન્ડર અધ્યક્ષની ઈચ્છાનુસાર આપવામાં આવે છે. બરાબર આવી જ ફરિયાદ હરિયાણાની મહિલા નગરસેવકોએ પણ કરી.

રાજસ્થાનની ઉદયપપુરવાટી નગરપાલિકાના મહિલા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની સત્તાઓ વિશે વિવાદ ઊભો થયો છે. તેનાથી તેમની રાજકીય જાગૃતિ કેટલી છે તેની ખબર પડે છે. નગરપાલિકાના ઉપાધ્યક્ષ દ્વારા અધ્યક્ષ વિરુદ્ધ ભ્રષ્ટાચારનો આક્ષેપ રાજ્ય સરકાર સમક્ષ કરાયો છે. તે પછી રાજ્ય સરકારે અધ્યક્ષને સસ્પેન્ડ કરી દીધાં. પણ અધ્યક્ષ દ્વારા વડી અદાલતમાં અપીલ કરાઈ અને તેઓ ફરી અધ્યક્ષપદે બેઠાં. આ રાજકીય દાવપેચ અને અસ્થિરતાનું એક ઉદાહરણ છે.

હરિયાણાના પિંજોરની નગરપાલિકાનાં સભ્ય શ્રીમતી કૃષ્ણા લાકડા 'પ્રિયા' દ્વારા આયોજિત ક્ષમતા વર્ધનના કાર્યક્રમ દ્વારા જાણકારી પ્રાપ્ત કરીને પાલિકાનાં ઉપાધ્યક્ષ બન્યાં.

આવે છે. વોટ બેંકને મજબૂત કરવા માટે લોકોને લોભામણાં વચનો આપવામાં આવે છે અને લાંબા ગાળાના લાભને ભૂલી જવામાં આવે છે. મહિલા નગરસેવકો રાજકારણના મહાભારતમાં નબળી પુરવાર થાય છે. પુરુષ નગરસેવકો અને અધ્યક્ષો રાજકીય સ્વાર્થ માટે મહિલા નગરસેવકોને આગળ આવવા દેતા જ નથી અને તેમને એવો અવસર આપતા નથી.

### જાણકારી અને જ્ઞાનનો અભાવ

પારિવારિક અને સામાજિક વિષમ પરિસ્થિતિઓ સામે લડીને આગળ આવનારી મહિલા નગરસેવકો નગરપાલિકાના કાયદા વિશે જાણકારી ન ધરાવતી હોય એ સ્વાભાવિક છે. 'પ્રિયા' દ્વારા આ બે રાજ્યોમાં ચલાવવામાં આવતા સહભાગી ક્ષમતા વર્ધન કાર્યક્રમ અનુસાર રાજસ્થાનમાં લગભગ ૫૦ ટકા મહિલા નગરસેવકો ચૂંટાઈ આવે એ તેમની વધુ સારી ભાગીદારીની સાબિતી આપે છે. જો કે, હરિયાણામાં ૪૧ ટકા મહિલાઓ નગરસેવકો તરીકે ચૂંટાઈ આવી છે. પરંતુ વાસ્તવિક સ્વરૂપમાં તેમની ભાગીદારીની સ્થિતિ દયનીય છે. મહિલા નગરસેવકો બંધારણીય સત્તાઓ, કાનૂની સત્તાઓ, નગરપાલિકાની કાર્યવાહી અને શહેરી વિકાસની યોજનાઓ વગેરે વિશે જાણકારી ધરાવતી નથી અને તેથી તે તેમની સક્રિય ભાગીદારીમાં અવરોધરૂપ બને છે. ક્ષમતા વર્ધનના આ કાર્યક્રમના અનુભવ મુજબ લગભગ ૯૦થી ૯૫ ટકા મહિલા નગરસેવકો તેમની સત્તાઓ વિશે જાણકારી ન ધરાવતી હોવાનું જણાયું. આશરે ૮૫થી ૯૦ ટકા મહિલા નગરસેવકો શહેરી વિકાસની યોજનાઓથી જ અજાણ હતી. લગભગ ૮૦ મહિલાઓ તો વિભિન્ન કારણોસર નગરપાલિકાની બેઠકોમાં આવતી જ નથી.

રાજસ્થાન અને હરિયાણામાં નગરપાલિકાઓમાંની મહિલા સભ્યોએ તેમને માટેના ક્ષમતાવર્ધન કાર્યક્રમને અનિવાર્ય બતાવ્યો. તેમના

### પ્રશિક્ષણથી સશક્તિકરણ

રાજસ્થાનના ઝુનઝુનુ જિલ્લાની ચિડાવા પાલિકાનાં મહિલા નગરસેવકને પ્રશિક્ષણ દરમ્યાન સ્થાયી સમિતિઓની રચના અંગેની માહિતી મળી. તેથી તેમણે પાલિકાની બેઠકમાં અને એજન્ડા ઉપર મૂકવાનો આગ્રહ કર્યો. જ્યારે અધ્યક્ષે સમિતિની રચનામાં પોતાનું ધાર્યું કરવાનો પ્રયાસ કર્યો ત્યારે આ નગરસેવિકાએ બીજાઓની સાથે તેનો સખત વિરોધ કર્યો અને તેથી અધ્યક્ષ તેમનું ધાર્યું કરી શક્યા નહિ.

હરિયાણાના પંચકુલા પાલિકાના અધ્યક્ષ શ્રીમતી સીમા ચૌધરીએ અવિશ્વાસના ઠરાવમાં થયેલી હાર સામે વડી અદાલતમાં કેસ કર્યો અને કેસ જીતી લીધો. તેમની સામેના આ ઠરાવ પર થયેલા મતદાનમાં ધારાસભ્યે પણ મતદાન કર્યું હતું અને એ મત ગેરકાનૂની ગણાય એવી જાણકારી તેમને પ્રશિક્ષણ દરમ્યાન પ્રાપ્ત થઈ હતી.

હરિયાણાની સોનીપત પાલિકાની નગરસેવિકાઓએ બેકાર યુવાનોનો ઉપયોગ શહેરી વિકાસનાં કામોમાં કર્યો અને તેથી ગુનેગારી ઘટી.

હરિયાણાની ગન્નૌર પાલિકાનાં નગરસેવિકા શ્રીમતી સરોજ પંચાલે માહિતીના અધિકારનો ઉપયોગ કરીને પોતાના વોર્ડની સુવિધાઓ ઊભી થાય તે માટે પ્રયત્ન કર્યો. તો વળી, નારનૌલ પાલિકાનાં એક નગરસેવિકાએ વોર્ડ સભાની શરૂઆત કરી. એ જ રીતે, કનીના પાલિકાએ માહિતી અધિકાર ધારાની કલમ-૪ મુજબ ઘણી માહિતીનું સ્વયં પ્રકાશન કર્યું.

| તાકાત | અવરોધો |
|---|---|
| શહેરી વિકાસની તીવ્ર ઈચ્છા | પુરુષ પ્રધાન સામાજિક માનસિકતા |
| પ્રજાલક્ષી શહેરી વિકાસમાં દૃઢ વિશ્વાસ | પારિવારિક વાતાવરણ પ્રતિકૂળ |
| નેતૃત્વ ક્ષમતા | પુરુષ સભ્યો અને અધ્યક્ષોનો અસહયોગ |
| વક્તૃત્વ છટા | બેવડી જવાબદારી પારિવારિક તેમ જ રાજકીય જવાબદારીને કારણે રાજકીય કાર્યોમાં સમયની અછત. |
| સ્ત્રી-પુરુષ ભેદભાવ અંગે સંવેદનશીલતા | સામાજિક દબાણ (પુરુષ પ્રધાન સમાજને લીધે પરસ્પરમાં વિશ્વાસનો અભાવ અને અસલામતીનો ડર) |
| સંઘર્ષશીલ અને લડી લેવાની વૃત્તિ | સાંસ્કૃતિક વાતાવરણ પ્રતિકૂળ |
| સહનશીલતા | પરંપરાગત વિચારધારા |

ક્ષમતા વર્ધનથી તેમનો આત્મવિશ્વાસ વધે છે અને તેમને સાથે સાથે માહિતી અને જ્ઞાન મળે છે અને તેમની ક્ષમતાના સ્તરમાં વધારો થાય છે. મહિલા નગરસેવકોને વિકાસના પ્રવાહમાં જોડવા માટે આ જરૂરી છે. મહિલા નગરસેવકોને આ રીતે સતત મદદની આવશ્યકતા છે કે જેથી રાજકારણની મુખ્ય ધારામાં તેઓ પોતાનો ઝંડો પણ લહેરાવી શકે.

આ રીતે 'પ્રિયા' દ્વારા સંચાલિત મહિલા નગરસેવક સશક્તિકરણ કાર્યક્રમના અનુભવો તેમની કેટલીક શક્તિઓ અને કેટલાક અવરોધોને ઉજાગર કરે છે. આ અનુભવો મહિલા નગરસેવકોની ક્ષમતાનું વાસ્તવિક ચિત્ર રજૂ કરે છે. મહિલા નગરસેવકોમાં શહેરના વિકાસ માટે કામ કરવા જરૂરી તમામ ગુણો છે પરંતુ ઉપર જે ખામીઓ દર્શાવી છે તે તો આપણા સમાજનું જ સર્જન છે. એ એક શરમજનક બાબત છે કે આજે પણ ભારતીય મહિલાઓ પારિવારિક, સામાજિક તથા સાંસ્કૃતિક બેડીઓમાં જકડાયેલી છે અને તેમાંથી તેઓ બહાર નીકળી શકતી નથી. શહેરી વિકાસમાં તેમની ભાગીદારી નામમાત્રની છે. પરંતુ આ માનવ સંસાધનની ઉપેક્ષા કરીને આપણે આપણે શહેર, રાજ્ય તથા દેશના વિકાસ માટે અવરોધઓ ઊભા કરી રહ્યા છીએ. તેથી એવું વાતાવરણ સર્જવાનું મહત્ત્વનું છે અને મહિલાઓને એવો સહયોગ આપવાની જરૂર છે કે જેમાં મહિલાઓ અને નગરસેવકો પોતાની રીતે શહેરી વિકાસમાં પોતાનો ફાળો આપી શકે. જો એમ નહિ થાય તો સામાજિક કુરિવાજો આપણને ખૂબ જ પાછળ ધકેલી દેશે અને પછી ખરેખર જ ઘણું મોડું થઈ ચૂક્યું હશે. આમ, શહેર, રાજ્ય અને દેશનો વિકાસ ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓના હાથમાં પણ છે એ સમજવાની જરૂર છે. વધુ વિગત માટે સંપર્ક સાધોઃ ઈમેલઃ manish@pria.org

## 'સાથ' દ્વારા ઉમ્મીદ કાર્યક્રમથી જીવનનિર્વાહની પરિસ્થિતિમાં સુધારો

'સાથ' નામે એક બિન-સરકારી સંગઠનની સ્થાપના ૧૯૮૯માં કરવામાં આવી હતી. ૧૯૯૪માં તેણે જીવનનિર્વાહ વિશેના કાર્યક્રમની શરૂઆત કરી. તેનો હેતુ ઝૂંપડાંવાસીઓની આવક સર્જનની ક્ષમતા વધારવાનો અને તે માટે તેમનું કૌશલ્ય વધારવાનો તથા રોજગારીના બજારમાં મહત્ત્વની દરમ્યાનગીરી કરવાની તેમની ક્ષમતા વધારવાનો હતો. મુખ્યત્વે આ કાર્યક્રમ કૌશલ્ય પૂરું પાડવાનો, બચત અને ધિરાણનો તથા આવક સર્જનની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો છે. જેમને તકો મળે છે અને જેઓ રોજગારીની બાબતમાં છેવાડે રહી ગયા છે તેમની વચ્ચે સતત વધતી ખાઈ દૂર કરવા માટેનો આ પ્રયાસ છે.

આ કાર્યક્રમમાં રોજગાર અભિમુખ તાલીમ અભ્યાસક્રમ યુવાનોને આપવામાં આવ્યો. જે યુવાનો ભાગ્યે જ માધ્યમિક શાળા સુધી પહોંચ્યા હોય તેમને આમાં પસંદ કરવામાં આવ્યા. આ કાર્યક્રમ મુખ્યત્વે માંગપ્રેરિત છે અને તે ઉદ્યોગોની જરૂરિયાતને ધ્યાનમાં લે છે. એટલે કે ઉદ્યોગ ક્ષેત્ર યોગ્ય રીતે તાલીમબદ્ધ અને વિશ્વસનીય માનવશક્તિ પ્રાપ્ત કરે તે આ કાર્યક્રમનો લક્ષ્યાંક છે.

કાર્યક્રમમાં ત્રણ મહિનાની વર્ગખંડની તાલીમ અને પછી રોજગારની તાલીમનો સમાવેશ થાય છે. તેમાં નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં આવ્યા છેઃ

(૧) તાલીમ માટેનો અભ્યાસક્રમ સતત બદલવામાં આવતો ગયો અને ઉદ્યોગ ક્ષેત્રના વ્યવસાયીઓ દ્વારા જે પ્રતિભાવ આપવામાં આવ્યો તેને આધારે તેનું ગઠન કરવામાં આવ્યું.

(૨) સિદ્ધાંતો શીખવવાના વર્ગો જેટલું જ મહત્ત્વનું પ્રાયોગિક વર્ગો ગણવામાં આવ્યા.

(૩) દરેક અભ્યાસક્રમમાં લઘુતમ ક્ષમતાનું ધોરણ નક્કી કરવામાં આવ્યું. તમામ વિદ્યાર્થીઓની સિદ્ધિનું સ્તર સતત માપવામાં આવતું રહ્યું.

(૪) અનેક પ્રકારની કુશળતાઓના વિકાસ ઉપર તાલીમ કાર્યક્રમમાં ભાર મૂકવામાં આવ્યો. ખાસ કરીને અંગ્રેજી બોલવાની ક્ષમતા, માહિતી ટેક્નોલોજીની પાયાની બાબતો અને અન્ય કૌશલ્યો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. બિલ બનાવવાં, ડેટા એન્ટ્રી, ગ્રાહકોની ફરિયાદોનો પ્રતિભાવ આપવો વગેરે બાબતો તેમને શીખવવામાં આવી. આ રીતે તેમને બજારને અનુકૂળ બનાવવાનું કામ કરવામાં આવ્યું.

(૫) દરેક તાલીમ કાર્યક્રમમાં સંચાર ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. અંગ્રેજી બોલતાં શીખવવા માટે ખાસ કાર્યક્રમ ઘડાયો. તેને પરિણામે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ ઊભો થયો અને તેથી તેઓ તેમની રોજગારીમાં ટકી શક્યા.

(૬) ઉદ્યોગ ક્ષેત્રના અત્યંત સ્પર્ધાત્મક ઔદ્યોગિક વાતાવરણમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ સુસજ્જ બને તે બાબત ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું. આ બાબતની તૈયારીમાં ઉદ્યોગ ક્ષેત્રનું માળખું અને તેની જરૂરિયાતો વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યાં. પરિણામે તેઓ આવી રહેલા આર્થિક પડકારો વિશે જાણકાર બને અને તેમની રોજગારીની શક્યતાઓ લુપ્ત ન થઈ જાય અને તેઓ સતત તાલીમ મેળવતા રહે એ પણ ઉદ્દેશ રખાયો.

(૭) વિદ્યાર્થીઓને પ્રાયોગિક ધોરણે પણ તાલીમ અપાઈ અને કાર્યાનુભવ તેમને માટે મહત્ત્વની બાબત બની ગયો. ઉદ્યોગ ક્ષેત્ર પણ તેમનું મૂલ્યાંકન કરી શકે અને તેમને સમાવતાં પહેલાં નિર્ધારિત રીતે વાળી શકે એ વિચારવામાં આવ્યું હતું.

વધુ વિગત માટે સંપર્ક સાધોઃ
શ્રી મયંક જોષી, ઈમેલઃ mjoshi55@gmail.com

# પાલિકાઓના અધિકારીઓનું ક્ષમતાવર્ધન

૭૪મા બંધારણ સુધારાએ પાલિકાઓને ઘણાં કામો સોંપ્યાં છે. ઉપરાંત, સરકારી યોજનાઓ પણ પાલિકાઓની વિવિધ પ્રકારની સક્રિયતાની અપેક્ષા રાખે છે. શહેરી સ્વશાસનની સંસ્થાઓ તરીકે પાલિકાઓનું ક્ષમતા વર્ધન અગત્યનું બને છે. 'ઉન્નતિ'એ આ અંગે જે પ્રયાસો કર્યા છે અને તેમાંથી જે પદાર્થપાઠ શીખવા મળ્યો છે. તેનું બયાન 'ઉન્નતિ'ના પ્રોગ્રામ એસોસીએટ **શ્રી સત્યરંજન પ્રમાણિક** દ્વારા આ લેખમાં કરાયું છે. આ લેખ તે અંગે કેટલાંક જરૂરી સૂચનો પણ કરે છે.

### પ્રસ્તાવના

જવાહરલાલ નેહરુ રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન સુધારાને પ્રોત્સાહન આપવાનો અને ઝડપી આયોજિત વિકાસ કરવાનો હેતુ ધરાવે છે. તેમાં રાજ્ય અને શહેરી સ્થાનિક સંસ્થાઓ એટલે કે પાલિકાઓ શાસન અંગે કેટલાક સુધારા અમલી બનાવે તેનો સમાવેશ થાય છે. એવી અપેક્ષા રખાઈ છે કે સુધારાથી સ્થાનિક સ્તરે સ્વશાસનને ઉત્તરદાયી બનવામાં પ્રોત્સાહન મળશે. સુધારાને તકનિકી-સંચાલકીય અભિગમ તરીકે વર્ગીકૃત કરી શકાય કે જેનો હેતુ સેવાઓ પૂરી પાડવામાં સુધારાનો અને સામાજિક-રાજકીય સુધારાનો છે કે જેમાં શાસનની પ્રક્રિયામાં નાગરિકોની સામેલગીરી ઊભી થાય. સુધારા અમલી બનાવવામાં શહેરી સ્થાનિક સંસ્થાઓની આંતરિક ક્ષમતા સુધારવાનો અને તેમાંય જરૂરી ક્ષમતા પ્રાપ્ત કરવાની તેમની શક્તિ વધારવાનો સમાવેશ થાય છે. શાસનમાં સુધારાની પ્રક્રિયાને સુગમ બનાવવા માટે પાલિકાઓની ક્ષમતા વધારવા અનેક સંસ્થાઓને સામેલ કરવામાં આવી છે. આ સંદર્ભમાં ક્ષમતા વર્ધનનો મુખ્ય હેતુ સુધારામાં પ્રાથમિકતા આપવાની બાબતો નક્કી કરવાની, સુધારા વિચારવાની, વિકસાવવાની અને તેમનો અમલ કરવાની ક્ષમતા ઊભી કરવાનો રહ્યો છે કે જેથી સુધારા લાંબો સમય ટકે. તે માટે આટલી બાબતો ધ્યાને લેવાઈ:

૧. પ્રશિક્ષણ કાર્યશાળાઓ. ૨. તકનિકી અને કાર્યવાહીગત માર્ગરેખાઓ. ૩. વિચાર-વિનિમય, મુલાકાતો. ૪. પરિસંવાદો. દા.ત. 'પર્લ'નો ઉપયોગ પાલિકા સ્તરે ક્ષમતા વર્ધનના સાધન તરીકે કરવામાં આવે.

### 'ઉન્નતિ'ના અનુભવો

પાલિકાઓના ક્ષમતા વર્ધનમાં 'ઉન્નતિ'ની દરમ્યાનગીરી સર્વસમાવેશી, માંગપ્રેરિત અને મુદ્દા-આધારિત રહી છે. 'ઉન્નતિ'એ પાલિકાઓના કર્મચારીઓ, અધિકારીઓ અને નગરસેવકો માટે અનેક કાર્યશાળાઓ, તાલીમો, પરિસંવાદો અને શૈક્ષણિક પ્રવાસો યોજ્યા છે. ૧૬ જિલ્લાની ૫૨ પાલિકાઓના ૧૭૯ સહભાગીઓએ પાંચ પ્રાદેશિક પ્રશિક્ષણ કાર્યશાળાઓમાં અને એક શૈક્ષણિક પ્રવાસમાં સપ્ટેમ્બર-૨૦૦૬થી ઓક્ટોબર-૨૦૦૭ દરમ્યાન ભાગ લીધો છે. તેમાં મુખ્ય અધિકારીઓ, ઈજનેરો, એકાઉન્ટન્ટ્સ, કારોબારી સમિતિના અધ્યક્ષ, નગરસેવકો અને સામુદાયિક નેતાઓએ ભાગ લીધો.

#### ૧. પ્રશિક્ષણ કાર્યશાળા દ્વારા ક્ષમતા વર્ધન

પ્રશિક્ષણ કાર્યશાળાનો મુખ્ય હેતુ નગરસેવકો અને પાલિકાઓના કર્મચારીઓને સમકાલીન શહેરી આયોજન અને ખાસ કરીને રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન હેઠળના આયોજનની પદ્ધતિઓ અંગે તેમ જ શાસનની પ્રક્રિયામાં સુધારાને સુગમ બનાવવા અંગે અભિમુખ કરવાનો હતો. આ તાલીમમાં નિયત વિષયો વિશે રજૂઆતો કરાઈ કે જેથી જરૂરી માહિતી તેમને મળે. તે પછી ચર્ચા માટેની બેઠકો યોજાઈ કે જેથી સમસ્યાઓની મર્યાદાઓ અંગેની અને સંભવિત ઉકેલોની રૂપરેખા બંધાય. અનેક જૂથ ચર્ચાઓ પણ કરાઈ કે જેથી ચિંતન-મનન થાય અને આ વિષયો સમજવામાં તેનાથી મદદ મળી છેઃ (૧) સામાજિક પસંદગીઓ, પસંદગીઓ નક્કી કરવાની પ્રક્રિયાઓ અને તેમાં રહેલા સંઘર્ષો. (૨) પાલિકાઓ સામેની સમસ્યાઓ અને સંભવિત દરમ્યાનગીરીઓ. આ અભિમુખતા કાર્યશાળામાં જે મુખ્ય વિષયોની ચર્ચા થઈ તે આ છેઃ શહેરીકરણ, જવાહરલાલ નહેરુ રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન, યુઆઈડીએસએસએમટી, આઈએચએસડીપી, આયોજન, શહેરની વિકાસ યોજના, વિગતવાર પરિયોજના અહેવાલ, શાસન અને સુધારાની કાર્યસૂચિ. પ્રશિક્ષણ કાર્યશાળાઓનો એક મુખ્ય હેતુ શહેરી સ્થાનિક સંસ્થાઓના પ્રશ્નો નક્કી કરવાનો, તેમની સામેલગીરીની તકો ખોળી કાઢવાનો અને કાર્યલક્ષી પગલાં નક્કી કરવાનો હતો.

#### ૨. શૈક્ષણિક મુલાકાત દરમ્યાન ક્ષમતા વર્ધન

'ઉન્નતિ'ના ક્ષમતા વર્ધન કાર્યક્રમમાં શૈક્ષણિક મુલાકાત મહત્ત્વનો ભાગ છે. પાલિકાના કર્મચારીઓ અને નગરસેવકો માટે ઘન કચરા સંચાલન, ગંદા પાણીનું શુદ્ધીકરણ, બાયોગેસ, સૌર ઊર્જા, ઓછી ખર્ચાળ ટેક્નોલોજી અને ઊર્જા બચાવતી ટેક્નોલોજી જેવાં પાસાં તપાસવા માટે કેરળ અને તામિલનાડુનો શૈક્ષણિક પ્રવાસ ગોઠવાયો. તેને પરિણામે પરિયોજનાઓ, માંગ વિશ્લેષણ, ટેક્નોલોજી, ઉત્પાદન, નવીનતમ પ્રયોગો, કામગીરી, સંચાલન અને સંસાધન એકત્રીકરણ,

સમુદાયની સહભાગિતા વગેરે જેવા મુદ્દાઓ ઉપર આ પ્રવાસ દરમ્યાન ધ્યાન અપાયું હતું.

જે સહભાગી પદ્ધતિઓ અપનાવવામાં આવી હતી તેમને ક્ષમતા વર્ધનના અભિગમમાં સહભાગીઓ તરફથી સારો પ્રતિભાવ મળ્યો હતો. આ કાર્યક્રમો દરમ્યાન ઘણા સહભાગીઓએ અનેક સવાલો ઉઠાવ્યા અને અનેક જણાએ પછીથી સંપર્ક સાધ્યો હતો. દરમ્યાનગીરીની અસર સ્પષ્ટ રીતે દેખાય છે. ઘણી પાલિકાઓએ હવે વિકાસ યોજનાઓ અને વિગતવાર પરિયોજના અહેવાલો તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. સહભાગીઓનો પ્રતિભાવ 'ઉન્નતિ' માટે પદાર્થપાઠ શીખવા અને તેના કાર્યક્રમોમાં સુધારા કરવા માટે એક સમૃદ્ધ સ્રોત બન્યો છે. અમારા અનુભવોને આધારે પાલિકાઓના ક્ષમતા વર્ધનમાં જે મહત્ત્વના પ્રશ્નો ઉપસ્થિત થાય છે તે નીચે મુજબ છેઃ

## પાલિકાઓના ક્ષમતા વર્ધનના પ્રશ્નો

**(૧) યોજનાઓ અને કાર્યક્રમો વિશેની માહિતીઃ** પાલિકાઓમાં સરકારની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અને કાર્યક્રમો સંબંધી વિગતવાર માહિતીનો અભાવ હોય છે. આઈડીએસએસએમટી અને આઈએચએસડીપી, કન્સલ્ટન્ટની ભૂમિકા, પાલિકાની ભૂમિકા અને જવાબદારીઓ વગેરે વિશે મોટે ભાગે પાલિકાઓને સ્પષ્ટ સમજ હોતી નથી. તેને પરિણામે પાલિકાઓ આ યોજનાઓના અમલ સમયે ઘણી સમસ્યાઓનો સામનો કરે છે.

**(૨) શહેરી આયોજનનું ખાનગીકરણઃ** પાલિકાઓએ શહેરની વિકાસ યોજના (સીડીપી) અને વિગતવાર પરિયોજના અહેવાલ (ડીપીઆર) તૈયાર કરવાની જરૂર હોય છે કે જેથી તેઓ યુઆઈડીએસએસએમટી અને આઈએચએસડીપી જેવી નવી યોજનાઓ હેઠળ નાણાં પ્રાપ્ત કરી શકે. ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારા જ કન્સલ્ટન્ટ્સની નિમણૂક કરવામાં આવે છે અને પાલિકાઓ દ્વારા નહિ. આયોજનનું ખાનગીકરણ કરાયું હોવાને લીધે સહભાગી આયોજન અને સંચાલનને વિપરીત અસર થાય છે, તેથી સ્થાનિક ઉકેલોનો અભાવ વર્તાય છે, પાલિકાઓ પર નાણાકીય બોજો વધે છે અને તેમને માટે તે માટે ક્ષમતા વર્ધન માટે ટેકો તો પ્રાપ્ત થતો જ નથી.


**(૩) પાલિકાઓ માટે ઘટતો કાર્યાવકાશઃ** તાલીમ કાર્યક્રમો દરમ્યાન સીડીપી અને ડીપીઆર તૈયાર કરવામાં તેમની ભૂમિકા વિશેનો મહત્ત્વનો સવાલ પાલિકાઓ દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. નિર્ણય પ્રક્રિયામાં તેમની સામેલગીરી નથી એવું તેમને લાગે છે. કેટલાક સહભાગીઓએ તો એમ જણાવ્યું કે પાલિકાઓને તો માહિતી પૂરી પાડવા માટે ફરજ પાડવામાં આવે છે. આયોજનની પ્રક્રિયામાં પણ ટેક્નિકલ સ્ટાફની ક્ષમતા વધે તેની ખૂબ જ મર્યાદિત તક પૂરી પાડે છે, કારણ કે બહારના નિષ્ણાતો તેમાં સ્થાન પામે છે. ક્ષમતા વર્ધનની તાલીમ દરમ્યાન અમારા અનુભવથી અમને જાણવા મળ્યું છે કે પાલિકાઓની ભલામણો સીડીપી અને ડીપીઆરમાં સ્થાન પામતી નથી. આઈએચએસડીપીમાં ઝૂંપડપટ્ટી સુધારણાની અને તેને ખસેડવાની પરિયોજનાનો સમાવેશ થાય છે. તેમાં નવાં ઘરો બાંધવાનો અને તેમના આધુનિકીકરણનો સમાવેશ થાય છે. પણ તેમાં ઝૂંપડપટ્ટીના વિકાસ અંગેની કોઈ માર્ગરેખા આપવામાં આવી નથી. જો પાલિકાઓ દ્વારા નવાં ઘરોના બાંધકામનું આયોજન કરવામાં તો જમીનની ફાળવણીની અને નાણાંની સમસ્યા આવે છે તો જમીનની ફાળવણીની અને નાણાંની સમસ્યા નડે છે. ઘરોની ડિઝાઈન નક્કી કરવામાં માર્ગરેખાઓએ જી૩ પ્રકારના ઘરની ભલામણ કરી છે. નાનાં નગરોમાં આર્થિક પ્રવૃત્તિઓ ઘર-આધારિત હોય છે. તેમાં વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનનો સમાવેશ થાય છે. ખાસ કરીને ગરીબ વર્ગોને અનુકૂળ પડે તેવી ડિઝાઈન જરૂરી છે કે જેથી આર્થિક ઉત્પાદનની અમુક તરાહ કે સામુદાયિક પ્રવૃત્તિઓનું સંકલન થવું જોઈએ. આ ભલામણો ડીપીઆરને મંજૂર કરવા ઉપર અસર કરે છે. જ.ન.રા.શ. પુ.મિશન હેઠળ પાલિકાઓને પૂરતી ફેરફારક્ષમતાનો અવકાશ પૂરો પાડવો જોઈએ, કે જેથી ઝૂંપડપટ્ટીઓના વિકાસ અને આધુનિકીકરણનો ટેકો સુલભ બને.

**(૪) પાલિકાઓની તકનિકી - સંચાલકીય ક્ષમતાઃ** યુઆઈડીએસ-એસએમટી અને આઈએચએસડીપી જેવી યોજનાઓનો અમલ તકનિકી અને નાણાકીય આયોજન સાથે જ થઈ શકે. આ યોજનાઓ પાલિકાઓમાં મોટા પાયે અસ્કામતોનું સર્જન કરે છે. આ અસ્કામતોની કામગીરી અને નિભાવ માટે તેમને સક્ષમ અને કાર્યક્ષમ માનવશક્તિની જરૂર રહે છે. પરંતુ પાલિકાઓ પાસે ભંડોળ અને કુશળ માનવ સંસાધનો નથી. અને, પાલિકાઓ તેમની રોજિંદા કામગીરી માટે કોન્ટ્રેક્ટ મજૂરો પર આધાર રાખે છે. કર્મચારીઓને અમલ, દેખરેખ, નાણાકીય પારદર્શિતાનો નિભાવ વગેરેમાં તેમની સંચાલકીય ક્ષમતાના અભાવે મુસીબતોનો સામનો કરવો પડે છે. તેઓ સંચાર કૌશલ્ય અને વાટાઘાટો કરવાની શક્તિ પણ ધરાવતી નથી અને તેથી વિવિધ સંસ્થાઓ સાથે સંકલન પણ કરી શકતા નથી.

**(૫) વહીવટી સુધારાઃ** શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ઘણી વહીવટી પ્રણાલીઓ જૂની છે અને ખરાબ છે અને વર્તમાન માંગ અનુસારની નથી. કાર્યશાળાઓના સહભાગીઓએ સ્ટાફની જરૂરિયાત અને નિમણૂક વિશેના સવાલો પણ ઉઠાવ્યા હતા. તે તો રાજ્ય સરકાર જ કરે છે. પાલિકાના મજૂરો અને કોન્ટ્રેક્ટ મજૂરો માટે વીમા અને સલામતીની કોઈ જોગવાઈઓ નથી.

**(૬) યોજનાઃ** પાલિકાઓ ભંડોળ, માળખાગત સવલતો અને કુશળ માનવ સંસાધનોની અછત અને તે સાથે સંબંધિત પ્રશ્નોનો સામનો કરે છે. તેથી ક્ષમતા વર્ધનની સર્વગ્રાહી યોજના અને પાલિકાઓના એકંદર વિકાસ માટેની કાર્યકારી વ્યૂહરચના ઘડવાની જરૂર છે.

# સાંપ્રત પ્રવાહ



## શ્રદ્ધાંજલિ

દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના વાલોડ જેવા આદિવાસી વિસ્તારમાં પૂ. જુગતરામ દવેની પ્રેરણા અને માર્ગદર્શનથી ૧૯૫૪થી ગાંધી વિચાર અને અંત્યોદયથી સર્વોદયના સિદ્ધાંત આધારિત - વેડછી પ્રદેશ સેવા સમિતિની શરૂઆત થયેલી. આ કામ શરૂ કરનારા યુવાનો પૈકી શ્રી બાબુભાઈ શાહ સૌથી નાના પણ શરૂથી જીવનના અંત સુધી સંસ્થાકીય પ્રવૃત્તિમાં લાગેલા રહ્યા. તા.૮ જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ તેઓનું દુઃખદ અવસાન થયું. વ્યવસાયે શિક્ષક તરીકે કામની શરૂઆત કરી અને તેની સાથે સાથે કલમકુઈ - ગ્રામ ભારતી સંસ્થાના આસપાસનાં ૧૧ જેટલાં ગામોમાં આદિવાસી ભાઈઓના સર્વાંગી વિકાસનાં કામોમાં સતત જોડાયેલા રહ્યા. અહીંથી આચાર્યપદેથી નિવૃત્તિ લીધા બાદ છેલ્લાં ૨૦ વર્ષથી વેડછી પ્રદેશ સેવા સમિતિના મંત્રી અને તે પછી પ્રમુખ પણ રહ્યા અને સંસ્થાના સામાન્ય વહીવટ ઉપરાંત વેડછીના વડલાની વડવાઈઓ તરીકે ઓળખાતી મોટા ભાગની સંસ્થાઓ સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જોડાતા ગયા. નઈ તાલીમ સંઘ, વાલોડ કેળવણી મંડળ, સુરત જિલ્લા ખાદી-ગ્રામોદ્યોગ સંઘ, ગાંધી મેળા પ્રબંધન સમિતિ, ગાંધી વિદ્યાપીઠ - વેડછી, સુરત જિલ્લા સર્વોદય યોજના, દક્ષિણ ગુજરાત બુનિયાદી રચનાત્મક શિક્ષણ સંઘ જેવી અનેક સંસ્થાઓમાં સક્રિય ભૂમિકા ભજવી. કાર્યકાળ દરમ્યાન તેઓને માનવસેવા માટે શ્રી અશોક ગોંધિયા એવોર્ડ તથા સમાજસેવા માટે ગુજરાત વિદ્યાપીઠનો મહાદેવ દેસાઈ ગ્રામ સેવા પુરસ્કાર પણ એનાયત થયેલા. વિકાસનાં ફળ છેવાડાના માણસ સુધી પહોંચે તેના તેઓ આગ્રહી હતા. સંસ્થાકીય વહીવટમાં સાદગી, સંયમ અને નિયમિતતા તેઓનાં ખાસ લક્ષણો રહ્યાં છે. પાંચ ૫ તરીકે વખણાયેલી તેમની ખાસયિત ખૂબ ઉપયોગી જણાઈ છે. તેઓ કહેતા કે કોઈ ઘટનાને પ્રસ્તુત કરતાં પહેલાં એને પ્રસંગનું સ્વરૂપ આપો, એની પત્રિકા બહાર પાડો, તેના પ્રમુખ નક્કી કરો, તેઓ પાસે નાનું પણ પ્રવચન કરાવો અને છેલ્લે પ્રસાદ તો ખરો જ. વાત ખૂબ નાની લાગે પણ સૌને સામેલ કરવાની તેઓની આ રસમને કારણે સંસ્થાએ લોકહિતનાં નાનાં મોટાં કામોમાં સામેલીગીરીનો સૂર પુરાવેલો અને તેનો જશ શ્રી બાબુભાઈને જરૂર આપી શકાય. સામાન્ય જનની સમસ્યાઓ માટે લડવું હવે ખૂબ જ મુશ્કેલ બનતું જાય છે તથા ધરાતલનાં કામોનો અભાવ અને તેની સામે માત્ર પ્રચાર-પ્રસારનો પડઘમ ખૂબ જોરથી વાગતો રહે છે ત્યારે શ્રી બાબુભાઈ શાહની કાર્યશૈલી અને સાતત્યને સલામ.

---

**(૭) તાલીમઃ** પાલિકાઓની તાલીમની જરૂરિયાતના આકલન (ટીએનએ)ને મહત્ત્વ આપવાની જરૂર છે. પાલિકાઓને જરૂરિયાત, માંગ અને તૈયારી અનુસારની તાલીમ હોવી જોઈએ. તાલીમમાં વિભાવનાત્મક બાબતો ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરાવું જોઈએ. રાજ્ય સરકાર સાથે સંબંધો, નાણાકીય વ્યવસ્થા, બજેટ વગેરે જેવાં ઘટકોનો સમાવેશ થવો જોઈએ. એક વાર આવું આકલન થાય પછી ક્ષમતા વર્ધન માટેની સ્પષ્ટ વ્યૂહરચના ઘડાવી જોઈએ.

તેમાં સમગ્ર સુધારા અને તેમના હેતુઓ વિશેની અભિમુખતાનો સમાવેશ થવો જોઈએ. ક્ષમતા વર્ધનના બીજા તબક્કા દરમ્યાન પાલિકાના વર્તનમાં અને વલણોમાં ફેરફાર થાય તેનો સમાવેશ થાય. તેમને તે માટે પ્રેરણા મળવી જોઈએ. કુશળતા, જ્ઞાન અને જવાબદારી પર આધારિત એવું ક્ષમતા વર્ધન પાલિકાઓના અધિકારીઓ માટે થવું જોઈએ. સંસાધોનો ઈષ્ટતમ ઉપયોગ, પરિયોજનાઓમાં નાગરિકોની અર્થપૂર્ણ સામેલગીરી અને અસ્કામતોમાં ઉત્પાદક રોકાણ પણ ક્ષમતા વર્ધનની વ્યૂહરચનાનો ભાગ બને એ જરૂરી છે.

## ઉપસંહાર

શહેરી શાસનની સંસ્થાઓમાં નાગરિકોની સામેલગીરી માટે અને દરમ્યાનગીરી માટે ક્ષમતા વર્ધન એક સાધન તરીકે ખૂબ મહત્ત્વનું સાબિત થાય છે. આવી રીતે દરમ્યાનગીરી થાય ત્યારે મહત્ત્વના સવાલો ઊભા થાય છે. જો કે, સામૂહિક કાર્ય સુલભ બને તે માટેની જરૂર છે, કારણ કે આવા સવાલોના ઉકેલ માટે માળખાગત ફેરફારોની જરૂર હોય છે. દા.ત. સ્ટાફની જરૂરિયાત, નિમણૂક, કામની સલામતી અને તેના જેવા સવાલો નીતિવિષયક ફેરફારો માગી લે છે. ક્ષમતા વર્ધન આવા પ્રશ્નો, નીતિ નિર્ધારકો એટલે કે રાજ્યના અમલદારો અને સામૂહિક નાગરિક કાર્ય વચ્ચે કડીરૂપ બને છે.

વધુ વિગત માટે
સંપર્ક સાધોઃ ઈમેલઃ ugovernance@unnati.org

છેલ્લા ત્રણ માસ દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી:

## ૧. નાગરિક નેતૃત્વ અને શાસન

### (ક) પંચાયતી રાજ સંસ્થાઓનું મજબૂતીકરણ

ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લાના ઈડર, હિંમતનગર, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાના ૧૧૮ નાગરિક નેતાઓને માહિતી અધિકાર ધારા અને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારાની જોગવાઈઓ વિશે અભિમુખ કરાયા અને તેમના અમલીકરણમાં તેમની ભૂમિકા શી છે તે સમજાવાયું. માહિતી અધિકાર ધારા અન્વયે કયા પ્રશ્નો પૂછી શકાય તે વિશે વિચારાયું અને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારા હેઠળ ગ્રામ પંચાયતે આપમેળે કઈ માહિતી જાહેર કરવી જોઈએ તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું. ગુજરાતમાં જિલ્લા આયોજન સમિતિની સ્થિતિ વિશે એક અભ્યાસ કરાયો. તેમાં તેમની રચના અંગેની હાલની સ્થિતિ તેમની ભૂમિકા અને તેમની કામગીરી વિશે સાત જિલ્લાઓમાં નમૂનારૂપ સર્વેક્ષણ હાથ ધરાયું હતું. ગુજરાતમાં 'પંચાયત જગત' નામે ત્રિમાસિક અને હિન્દીમાં 'સ્વરાજ' પ્રકાશિત કરાયાં અને વહેંચાયાં.

### (ખ) શહેરી શાસન

પાલિકાઓના અધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે શહેરી આયોજન, જવાહરલાલ નેહરુ રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન, આયોજનની પદ્ધતિઓ અને શાસનમાં સુધારાની પ્રક્રિયાઓ વિશે ગુજરાતમાં વડોદરા ખાતે બે દિવસની એક પ્રશિક્ષણ કાર્યશાળા યોજવામાં આવી હતી. તેમાં પાલિકાના મુખ્ય અધિકારીઓ, ઈજનેરો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ મળી કુલ ૭ પાલિકાઓમાંથી ૧૯ જણાએ ભાગ લીધો હતો. ઘન કચરા સંચાલન અંગે ગુજરાતીમાં એક એનિમેશન ફિલ્મ 'ઘન કચરાનું સંચાલન' તૈયાર કરીને વહેંચવામાં આવી. ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ અને વિશ્વ બેંક દ્વારા ગુજરાતમાં ઘન કચરા સંચાલન અંગે જે પ્રશિક્ષકોની પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવી તેમાં અમે ભાગ લીધો અને તેના આયોજનમાં સહયોગ આપ્યો હતો. આ પ્રશિક્ષકો ગુજરાતની તમામ પાલિકાઓમાં તાલીમ આપે એ અપેક્ષિત હતું.

રાજસ્થાનમાં સહભાગી આયોજનને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે સંકલિત ઝૂંપડપટ્ટી વિકાસ આયોજન જોધપુર શહેરના બે વોર્ડમાં કલાકાર કોલોનીના ૧૦૦ અને વિજય કોલોનીના ૧૦૦ પરિવારો સાથે હાથ ધરવામાં આવ્યું. 'જાહેર ક્ષેત્રમાં મહિલાઓની સહભાગિતાનું મજબૂતીકરણ' વિષય વિશેના સંશોધન અભ્યાસના ભાગરૂપે કેટલાક કેસ સ્ટડીઝનું દસ્તાવેજીકરણ કરાયું અને તેના અહેવાલનું માળખું તૈયાર કરાયું છે.

## (૨) સામાજિક સમાવેશ અને સશક્તિકરણ

### (ક) દલિત અધિકારો

પશ્ચિમ રાજસ્થાનમાં 'દલિત અધિકાર અભિયાન' દ્વારા અત્યાચારના ૧૮ કેસ, જાહેર સ્થળોએ ભેદભાવના બે કેસ અને ૧૫૪ વીઘા જમીન પર દબાણના ૯ કેસ માટે ટેકો પૂરો પડાયો. ૭૫ વીઘા જેટલી ખેતીની જમીન અને ૩૨ આવાસી પ્લોટ દલિતો માટે આ સમયગાળા દરમ્યાન છૂટા કરાયા. માહિતી અધિકાર ધારા હેઠળ કુલ ૪૩ અરજીઓ કરવામાં આવી અને બે કેસમાં માહિતી મેળવવામાં આવી. વધુમાં, ૪૫ પરિવારોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ અપાવાયો. તેમને પેન્શન યોજના, પીઓપી અને કાર્યશાલા યોજનાઓનો લાભ અપાવાયો. પેરાલિગલ તાલીમનો બીજો તબક્કો ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ પેરાલિગલ સ્ટડીઝના સહયોગ સાથે આ ગાળા દરમ્યાન દલિત સંસાધન કેન્દ્રોના ૧૩ સ્ટાફ સભ્યો માટે પૂરો કરાયો. તેમાં સ્ત્રી-પુરુષ સામાજિક ભેદભાવ ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું. 'અભિયાન'ની કાનૂની વ્યૂહરચનાને મજબૂત બનાવવા માટે જોધપુર, બાડમેર અને જેસલમેર જિલ્લાના ૨૯ વકીલોની એક દિવસની એક બેઠક યોજવામાં આવી. દલિત સંસાધન કેન્દ્રોના નવા ૧૮ સ્ટાફ સભ્યોને અધિકારલક્ષી દલિત મુદ્દાઓનાં પાયાનાં પાસાં - જેમ કે કાનૂની પ્રશ્નો, સામાજિક વિશ્લેષણ, સરકારી જોગવાઈઓ વગેરે - વિશે બે કાર્યશાળાઓ યોજવામાં આવી હતી.

રાજસ્થાનમાં જોધપુરમાં રાજસ્થાન જીવનનિર્વાહ મિશન સાથે એક દિવસની એક કાર્યશાળા યોજવામાં આવી. તેનો હેતુ દલિતોના જીવનનિર્વાહની વર્તમાન સ્થિતિ વિશે સામૂહિક સમજ ઊભી કરવાનો અને એ વિશે કાર્યલક્ષી યોજના તૈયાર કરવાનો હતો. તેમાં ૯ સંગઠનોના

૧૨ કાર્યકરો, ૧૬ સામુદાયિક નેતાઓ સહિત ૨૮ જણાએ ભાગ લીધો હતો. રાજસ્થાનના પીયુસીએલને પશ્ચિમ રાજસ્થાનના બાલોતરા તાલુકામાં મધ્યાહ્ન ભોજન યોજનાની સ્થિતિના અભ્યાસ વિશે ટેકો પૂરો પડાયો અને સૂચિત પોલિસ ધારા સામેની ઝુંબેશ માટે પણ ટેકો પૂરો પડાયો.

સમુદાયોના નેતાઓ અને અનેક સંગઠનોના કાર્યકરોએ 'દલિત અધિકાર અભિયાન'ની પ્રવૃત્તિઓ સમજવા માટે મુલાકાત લીધી હતીઃ બિહેવિયરલ સાયન્સ સેન્ટર, અમદાવાદ, ગુજરાતમાંથી સમાજકાર્ય શાખાના વિદ્યાર્થીઓ.

### (ખ) મહિલાઓ

પશ્ચિમ રાજસ્થાનમાં મહિલાઓ સામેની હિંસા અંગે એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો. તેનો હેતુ અસરગ્રસ્ત મહિલાઓને વિવિધ સ્તરે ન્યાય મેળવવામાં અવરોધરૂપ બનતાં પરિબળો અને તેમને શક્તિમાન બનાવાતાં પરિબળોને સમજવાનો હતો. ક્ષેત્રીય તપાસકારો માટે અભ્યાસનાં સાધનોની સમીક્ષા કરવા એક દિવસની એક અભિમુખતા કાર્યશાળા યોજવામાં આવી હતી. તે પછી મહિલાઓ પર આચરાતી હિંસાના વિવિધ પ્રકારો અંગે ૩૦ કેસ સ્ટડી કરવામાં આવ્યા હતા. આ અંગે દસ્તાવેજીકરણની પ્રક્રિયા ચાલુ છે. સ્ટાફના સભ્યો માટે બે દિવસની એક કાર્યશાળા 'મહિલાઓ પ્રત્યે પ્રતિભાવાત્મક બજેટ પ્રક્રિયા' વિશે યોજવામાં આવી. તેમાં આ અંગેના પાયાના ખ્યાલો વિશે તેમને અભિમુખ કરાયા અને સંગઠનના ચાલુ કાર્યમાં તેમને કેવી રીતે આમેજ કરી શકાય તે વિશે પણ વિચારાયું.

### (ગ) વિકલાંગતા

અંધજન મંડળ ખાતે વિકલાંગ મહિલાઓ માટે વિકલાંગતા સંબંધી કાયદાઓ અને રાષ્ટ્રીય નીતિ વિશે અર્ધા દિવસની એક બેઠક યોજવામાં આવી હતી. રાજ્ય સ્તરનું બે દિવસીય સંમેલન ગાંધીનગર ખાતે 'નથિંગ એબાઉટ અસ વિધાઉટ અસ' વિશે યોજાયું હતું અને તેમાંના એક દિવસ ૧૬-૧૧-૨૦૦૭ના રોજ અમે તેના સુલભકર્તા તરીકે કામ સંભાળ્યું. વિશ્વ બેંક અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા 'ભારતમાં વિકલાંગોની સ્થિતિ' વિશે બે દિવસની એક કાર્યશાળા યોજાઈ હતી અને તેમાં 'ઉન્નતિ'ના એક કાર્યકરે ભાગ લીધો હતો. ગૂજરાત વિદ્યાપીઠના પહોંચ અન્વેષણના અહેવાલની સમીક્ષા કરાઈ અને તેને આખરી ઓપ આપવા માટે જરૂરી સૂચનો કરાયાં. અહેવાલ ગૂજરાત વિદ્યાપીઠને સોંપાયો છે અને તેનો અમલ શરૂ થઈ ગયો છે.

### (ઘ) જીવનનિર્વાહ

ક્રાફ્ટ્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત ચેન્નઈ ખાતેના ડ્રાફ્ટ બજારમાં ભરતગૂંથણ કરનારા મહિલાઓની વસ્તુઓ રજૂ કરવામાં આવી હતી.

## (૩) આપત્તિ જોખમ ઘટાડાના સામાજિક નિર્ધારકો

જોધપુરમાં અમદાવાદના 'સેવા-વીમો'ના સહયોગથી ગરીબ પરિવારો વીમા સેવાનો લાભ મળે તે માટે પ્રયાસો કરાયા છે. જોધપુર ખાતે એખ દિવસની એક કાર્યશાળા જોખમની તબદીલી અને વીમો વિષય પર ભાગીદાર સંગઠનોના કાર્યકરોને અભિમુખ બનાવવા માટે યોજાઈ હતી. તેમાં ૧૬ સંગઠનોના ૨૮ જણાએ ભાગ લીધો હતો. તે પછી ૪૧૦ જણાનો વીમો ઉતારાયો. એમાં આ ત્રિમાસિક ગાળામાં જ ૨૯૮નો વીમો ઉતારાયો. સિંદરીમાં ૨૩ અને શેરગેઢમાં ૧૨ પરિવારોને વરસાદી જળના સંગ્રહની વ્યવસ્થા મજબૂત બનાવવા માટે ચેકો પૂરો પડાયો. સેન્ટર ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, એચસીએમ - રિપા, જયપુરના સહયોગ સાથે 'આપત્તિ સંચાલનમાં નાગરિકોની સામેલગીરી' વિશે એક દિવસની એક રાજ્ય સ્તરીય કાર્યશાળા યોજવામાં આવી. તેમાં આપત્તિ સંચાલન અંગેની કાનૂની જોગવાઈઓ અને નીતિઓ વિશે પંચાયતો, બિન-સરકારી સંગઠનો અને સરકારી અધિકારીઓને અભિમુખ કરાયા. હિંદી અને અંગ્રેજીમાં આ વિષય અંગે એક દસ્તાવેજ તૈયાર કરાયો અને વ્યાપક પ્રમાણમાં તેનું વિતરણ કરાયું.

## (૪) જ્ઞાન સંસાધન કેન્દ્ર

આ ત્રણ માસના ગાળા દરમ્યાન ૨૦૦ પુસ્તકો નવાં વસાવાયાં. તે સાથે 'જ્ઞાન સંસાધન કેન્દ્ર'માં કુલ ૫૯૪૩ પુસ્તકો થયાં છે. વિવિધ સંગઠનોમાં પ્રકાશનોનું વિતરણ કરાયું હતુંઃ વિવિધ વિષયો વિશેનાં મેન્યુઅલ, ૪૬૮ પુસ્તકો, ૨૦૦ પોસ્ટર-બ્રોશર અને ૫ સીડી.

## પૃષ્ઠ ૧નું શેષ

અનૌપચારિક નેટવર્કમાં પરિવર્તન લાવવાની અમાપ સુષુપ્ત શક્તિ હોય છે. સામૂહિક કાર્ય માટેની ભૂમિકા ત્યાં જ છે કારણ કે ત્યાં વિશ્વાસ અને પારસ્પરિકતા વિકસે છે. અહીં જ સામાજિક અને રાજકીય અભિપ્રાયો ઘડાય છે, તેમને પડકારાય છે અને તેમની સામે વાંધા ઉઠાવાય છે. આર્થિક તકો ખોજવામાં આવે છે અને સાંસ્કૃતિક સ્થાપના કરવામાં આવે છે. સમુદાયના તાણાવાણા ટકાવી રાખવા અને મજબૂત બનાવવા માટે આ અનિવાર્ય છે. નાગરિકોની સામેલગીરી જ લોકશાહી શાસનનો પાયો નાખે છે. તેથી તેની પરિવર્તન લાવવાની શક્તિ અને લોકતંત્રમાં તેના મહત્ત્વને અવગણવામાં ન આવે એ જરૂરી છે. નાગરિકોની સામેલગીરી ખૂબ જ મહત્ત્વની છે એ બાબત પર ભાર મુકાવો જોઈએ. માત્ર ગરીબી નિવારણમાં જ નહિ, પણ વધુ ધર્મનિરપેક્ષ, શાંતિપૂર્ણ, સમાન તથા ન્યાયી સમાજના નિર્માણ માટે તે અગત્યની છે. વર્તમાનમાં આ તફાવતને સમજવો જરૂરી છેઃ ગરીબી નિવારણ માટે નાગરિક સામેલગીરીને બદલે જીવન જીવવાના અને સ્વતંત્રતાના અધિકારને પ્રોત્સાહન માટે નાગરિકોની સામેલગીરી. ૭૪મા બંધારણ સુધારા દ્વારા વિકેન્દ્રીકરણ કરાયું છે, વોર્ડ સભાઓ અને ક્યાંક વિસ્તાર સભાઓની જોગવાઈ એ માટે કરાઈ છે, પણ સર્વત્ર અનુકૂળ વાતાવરણ ઊભું કરવાની તાતી જરૂરિયાત છે. દા.ત. શહેરી વિકાસ માટેની વર્તમાન યોજનાઓના અમલમાં નાગરિકોની સીધી ભાગીદારી માટે ખૂબ જ મર્યાદિત અવકાશ છે.

જો આપણે લોકશાહીને આગળ ધપાવવા માટે અને જીવન જીવવાના અને સ્વતંત્રતાના હકોના રક્ષણ માટે લડવાનું હોય તો નાગરિકોની સામેલગીરી વધારે ઉપયોગી છે. ખાસ કરીને, લઘુમતીઓ, ગરીબો, આદિવાસીઓ, મહિલાઓ અને વિકલાંગો માટે આપણે લડવાનું છે. તેમને વધારે સારી સેવાઓ મળે તે માટે લડવાનું છે. આ એક એવો રસ્તો છે કે જેનો બહુ ઉપયોગ કરાયો નથી, પણ તેમાં અનેક તકો પડેલી છે. આ દ્વારા અમે તમારી કહાણીઓ, તમારી ટીકા-ટિપ્પણો અને સૂચનો તથા અસંમતિઓને પણ આવકારીએ છીએ.

***(શ્રી અરુણકુમાર, પ્રોગ્રામ ઓફિસર, 'ઉન્નતિ')***


उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: sie@unnati.org વેબસાઈટ: unnati.org

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, પાલ-ચોપાસની બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૩ ૦૦૮, રાજસ્થાન.

ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: unnati@datainfosys.net



ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોનઃ ૯૮૨૫૧૫૬૪૦૨



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.